ઓગસ્ટ ૨૦૧૯ વાર્ષિક લવાજમ રૂા.૧૫૦/-

# પાવન હૃદય દૂત



## સર્વ પુરોહિતોના રક્ષક સંત

# સંત જોન મેરી વિયાન્ની

# Pahel Villa

જીવન જરૂરિયાતની સવલતોથી સજ્જ અને રમણીય સાંનિધ્ય
અને આનંદ પ્રમોદનો સમન્વય એ જ પહેલ વીલા...

ગ્રુપ બુકીંગ માટે
સ્પેશ્યલ ઓફર

34
Lakh

લોન પેપર
ઉપલબ્ધ
૧૦૦%

- મુખ્ય
એન્ટ્રન્સ ગેટ

R.C.C.૨૫ ફૂટ
પહોળા રસ્તા

- ૨૪ કલાક
પાણી ઉપલબ્ધ

- ચિલ્ડ્રન
પ્લે એરિયા





19
Lakh

વધારે વિગત માટે : ૯૭૧૪૫ ૮૩૬૮૬

**Site Address :**

**R.S. No. 255/P, Behind Umang Party Plot, Tulsi Garnara Road,
At. Chikhodra-Anand**

**Publisher's Name**

**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન
મો. ૯૪૨૭૩ ૮૨૯૯૭

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા, ફ્રાન્સિસ ડાયર્સા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
માર્ટિન એમ. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મેલકમ પી. પરમાર

**ડિઝાઈનઃ** વિજય મેકવાન



અંકઃ ૮ વર્ષઃ ૨૦૧૯

પાવન હૃદય **દૂત**


# અનુક્રમણિકા


**તંત્રીલેખ**

આપણે આઝાદ, બરબાદ કે મહાન ! ✧ જસવંત મેકવાન ૦૫

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૦૮

સવિતાબહેન પરમાર ✧ સ્નેહલ પટેલિયા ✧ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન ✧ રજનીકાંત જોસેફ રાઠોડ ✧ 'સ્વપન' બાસીલ મેકવાન

**તમારો પત્ર** ૦૯

શાન્તિલાલ મેકવાન ✧ બ્રધર થોમસ પી.એમ.સી. ✧ સ્તાનીસ સાયમન પરમાર ✧ ફિલોમીના પરમાર

**લેખો**

આપણો પરિવાર-આપણું સ્વર્ગ ✧ સિસ્ટર ડો.વર્ષા જોન LDFX ૧૧
પરિવાર - પ્રથમ શાળા ✧ રેખા થોમસ મેકવાન ૧૧
પરિવાર - માનવ ઉછેરની ઘરશાળા ✧ સિસ્ટર નીતા પરમાર Sch SA ૧૨
સંત જોન મેરી વિયાન્ની ✧ મોન્સીગ્નોર વી.જી.દાસ ૧૪
'ફ્રેન્ડશિપ ડે' ✧ વિમલકુમાર જોસફભાઈ પરમાર 'પારિજાત' ૧૮
આંદોલન અને પ્રજાની માનસિકતા ✧ બકુલ મેકવાન ૧૯
ત્રિવેણી પર્વ ✧ જાસીન્તા સી. ડાભી ૨૨
ઈશ્વર તરફથી સ્વતંત્રતા ✧ વિપુલ વાઘેલા ૨૩
દેશપ્રેમ : શરૂઆત ક્યાંથી ? ✧ પ્રજ્ઞેશ દેવાંશી ૨૪
વેટિકન ક્રિકેટ ટીમ ✧ ભાવાનુવાદ : શૈલેષ મેકવાન ૨૫
નિજાનંદ ✧ એલ્વિન ક્રિસ્ટી 'ડેમોલકર' ૨૬

**કિશોરમિત્ર - સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન** ૨૭

માટી ✧ કેતનકુમાર સુરેન્દ્રભાઈ મકવાણા ૩૧
ધર્મસભાના નવીનીકરણ... ✧ ફાધર જોસેફ મંગલમ્ એસ.જે. ૩૨
ધાર્મિક સતામણી : મૌન, શરમજનક ! ✧ ભાવાનુવાદ : જેનેટ જે. ફાર્મર ૩૪
સ્વ. ફાધર અમલન એસ.જે. ✧ ફાધર ડેવીડ કે. રોય એસ.જે. ૩૬

**પંખીની પાંખે - સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી** ૪૪


**આવરણઃ** સંત જોન મેરી વિયાન્ની સર્વ પુરોહિતોના રક્ષક સંત છે. ધર્મસભા ૪ ઓગસ્ટના રોજ વિયાન્ની પર્વ ઉજવે છે. (વધારે માહિતી માટે જુઓ પાન નં. ૧૪)

કવર પેજ ફોટો અને અન્ય ફોટોગ્રાફ્સ સૌજન્ય : ગુગલ




'અલ્પતા-વિનમ્રતા એ સ્વાતંત્ર્યનો પર્યાય છે. જે બાહ્યાડંબર-દેખાડાથી મુક્ત હોય, સિદ્ધિ પ્રાપ્ત થવા છતાં નિરભિમાની હોય, સત્તા-સંપત્તિ પ્રત્યે અનાસક્ત હોય તે જ 'શુભસંદેશ'ના અર્થમાં નાનેરોજન છે.'

## ગુજરાતના
## કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### રવિવારે કાર્યાલયમાં રજા રહેશે

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

### જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



# તંત્રીલેખ...



# આપણે આઝાદ, બરબાદ કે મહાન !

'અમારા દેશમાં કેટલા મહાન પુરુષો થઈ ગયા, મોટાંમોટાં આંદોલન થયાં પણ લાગે છે કે દેશમાં પ્રગતિ નથી. અમે જ્યાં હતા ત્યાં જ છીએ. આમ કેમ ?' હિન્દીના ખ્યાતનામ લેખક શ્રી પ્રકાશજીએ પોતાના ચારેક મિત્રોને આ પ્રશ્ન પૂછ્યો હતો અને પાછળ પડી જઈ તેનો જવાબ પણ મેળવ્યો હતો; જેમાંના એક વૃદ્ધ ઈસાઈ પાદરી, સરકારી અધિકારી, સેવાનિષ્ઠ મહિલા અને સંસાર પ્રસિદ્ધ એક વૃદ્ધ સ્ત્રીના જવાબ અનુક્રમે આ પ્રમાણે હતા. ૧. તમે કામમાં ગૌરવ લેતા નથી. ૨. તમે જવાબદારી સમજતા નથી. ૩. તમે ખૂબ જ આળસુ છો. અને ૪. તમારા લોકોમાં ઉદારતા નથી.

આપણા દેશમાં કોઈપણ નોકરી મેળવવા અતિશયોક્તિપૂર્ણ શબ્દોમાં અરજી કરીએ છીએ પણ જ્યારે કામ મળી જાય ત્યાર પછી... અન્ય દેશમાં સામાન્ય શબ્દોમાં અરજી રજૂ કરવામાં આવે છે પણ કામ મળ્યા પછી સમગ્ર સંસારની ગતિ તેમના પર આધારિત છે, એવી કર્તવ્યનિષ્ઠાથી તેઓ કામ કરે છે.

'અન્ય પ્રત્યે આપણી કોઈ જવાબદારી છે', તે ગુણ નામશેષ થઈ ગયો છે. આપણે કેવળ આપણી જ તાત્કાલિક સુવિધા જોઈએ છીએ, પરિણામે આપણે એકબીજા પ્રત્યે અવિશ્વસનીય અને અછૂત બની ગયા છીએ.

આપણે શ્રમનું મહત્ત્વ ભૂલી ગયા છીએ. મહેનત કરવી એ કેવળ ગરીબ-ગુરબાંનું કામ છે એવી માનસિકતા ઊભી કરી છે. મોટા લોકો કેવળ આરામ કરે છે. કોઈપણ કામમાં આરંભે શૂરવીરતા દર્શાવીએ છીએ પછી...

આપણે એકલા જ આગળ વધવા માગીએ છીએ, બીજાનો પણ વિકાસ થાય એવું ક્યારેય ઈચ્છતા નથી. ચારે બાજુ, તમામ ક્ષેત્રોમાં સ્પર્ધા જ સ્પર્ધા છે.

સારાંશ એટલો જ કે યોગ્ય સમયે કામ ન કરતાં, કામનું ગૌરવ ન સાચવતાં, મારા કામ થકી અન્ય પ્રતિ જવાબદારી ન અદા કરતાં કે ઉદારતાથી તે કામ અન્યને ન શીખવતાં, આપણે જાણે અજાણ્યે આપણા જ પગ પર કુહાડો મારી તો નથી રહ્યાને ?

પ્રશ્નકાર લેખક અને ઉત્તરદાતાઓ કાળની થપાટમાં અદશ્ય થઈ ગયા છે પણ આપણા દેશની પરિસ્થિતિ તેમજ દેશના પ્રજાજનોનાં માનસમાં ઝાઝું પરિવર્તન આવ્યું હોય તેમ તમને લાગે છે ખરું ? આઝાદી પહેલાં દેશમાં સાતસોથી વધારે રજવાડાં હતાં અને તેમને એક કરવાનું ભગીરથ કાર્ય સરદાર પટેલે સફળ રીતે પાર પાડ્યું હતું. આજે રજવાડાં નથી પણ નેતા અને પ્રજાનાં માનસ કેટલેક અંશે દેશભક્તિના બાહ્યાંડબરના એવાં તો રવાડે ચડી ગયાં છે કે તેમને દર્પણમાં તેમનો અસલી ચહેરો દેખાડનાર કોઈ નથી ! જ્ઞાતિ, સંસ્કૃતિ, ભાષા, ધર્મમાં વહેંચાયેલો આ દેશ એક ઉદ્ધારકની પ્રતીક્ષામાં છે, જે ફરીથી 'વિવિધતામાં એકતા'ની ભાવનાને મજબૂત કરે, ભારતીય હોવાનું ગૌરવ પ્રસ્થાપિત કરે. આજે દેશનું વાતાવરણ એટલી હદે વિકૃત થઈ રહ્યું છે જ્યાં વિવિધતાની વાતો કરવી, સરકાર તરફ આંગળી ચીંધવી જોખમકારક બની શકે છે. ભારતમાં ભાષા, ધર્મ, ખાન-પાન, પરિધાનનું જેટલું વૈવિધ્ય છે તે દુનિયામાં બીજે ક્યાંય ભાગ્યે જ જોવા મળે ! આ 'વિવિધતામાં એકતા' એ જ ભારતીય હોવાની આપણી ગૌરવશાળી ઓળખ વર્ષો સુધી રહી છે પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ગરિમાને હીન કરવાના રીતસરના પ્રયત્ન થઈ રહ્યા છે ! ભારતના બંધારણે ભારતને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે સ્વીકાર્યું છે, આજે કેટલાક તકસાધુઓ ધર્મનિરપેક્ષતાના આ સિદ્ધાંતને લૂણો લગાડવાનું કાયર કૃત્ય કરી રહ્યા છે !

રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારમાં હવે ક્રમશઃ અસામાજિક તત્વોનો પગપેસારો વધારે પ્રમાણમાં જોવા મળે છે. મતદાન કરવાને બદલે ચલચિત્ર જોવામાં કે રજા માણવામાં, મતદારની હરોળમાં ઊભા રહીને પણ છેવટે 'નૉટા'નું બટન દબાવવામાં કે રાજકારણથી દૂર રહેવામાં જ આપણા દેશવાસીઓ પોતાની સજ્જનતા વ્યક્ત કરે છે, એટલે જ સજ્જનોની નિષ્ક્રિયતા આગળ, દુર્જનોની સક્રિયતા મેદાન મારી જાય છે, ત્યાં દોષ કોને દેવાનો ? વંચિતવર્ગનું તો સાંભળે જ છે કોણ ? ચંદ્રયાન મોકલનાર દેશમાં કહેવાતા પછાતવર્ગના લોકોને પોલીસ બંદોબસ્ત નીચે વરઘોડો કાઢવો પડે એ કેટલું શરમજનક છે !

વારતહેવારે શહેરો અને સરકારી ભવનો રોશનીથી ઝગમગે છે પણ ભૂખને કારણે મોતને ભેટનાર બાળકોની કરુણાંતિકા રાજધાની દિલ્હીની શાનને ઝાંખી પાડતી હોય એમ નથી લાગતું ! મહાનગરોને જોડતા દ્રુતગતિ માર્ગ પર વાહનો વણથંભ્યા પ્રગતિની પતાકા લહેરાવે છે પણ એ જ રાજ્યમાં જીવના જોખમે વહેળો પાર કરી શાળાએ જતાં ભૂલકાં પોતાની આપવીતી કોને સંભળાવે ? ગાંધીના ગુજરાતમાં નશાબંધીનું નાટક કરીને, લઠ્ઠાકાંડમાં મોતને ભરખી જનાર ગરીબ વર્ગનાં નબાપાં બાળકોના અંધકારમય ભાવિ માટે જવાબદાર કોણ ? માલેતુજાર માબાપનાં નશાખોર સંતાનો ઓવરસ્પીડમાં કોઈકના ખોરડાનો દીવો બુઝાવી નાખે અને પછી... કુળદીપક ગુમાવનાર માબાપની વ્યથાને કોણ સાંત્વના પાઠવશે ?

મહિલા હિત સંબંધી જેટલા કાનૂન ઘડવામાં આવ્યા છે તેનાથી અનેકગણા અત્યાચાર મહિલાઓ પર થઈ રહ્યા છે, કારણ કાં તો અપરાધીઓ કાયદામાંથી છટકબારી શોધે છે અથવા તો પોલીસ કે સત્તાધીશો ગુનેગારોને છાવરે છે. આ બધાની પરાકાષ્ઠારૂપ હુલ્લડખોરોની મનસ્વી હિંસા 'મોબ લીન્ચિંગ'(Mob-lynching)થી સામાન્યજન આજે ભયભીત છે !

'ઈન્ડિયન કરન્ટ' જુલાઈ ૨૦૧૯માં પ્રસિદ્ધ એક કાલ્પનિક સંવાદ તેની વૈશ્વિક અસર કેવી હોઈ શકે તેની ચાડી ખાય છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ પાકિસ્તાનની મુલાકાત માટે વિચારે છે ત્યારે તેમના સલાહકારોએ પ્રતિભાવ આપ્યો હતો, 'શ્રીમાન પ્રમુખ મહોદયશ્રી, આપની મુલાકાત માટે, માનનીય ઈમરાનખાને 'ભલે પધારો', ભલે કહ્યું હોય, પણ આપ જાણો છો, ત્યાં જવા માટે કોનું ઈજન જરૂરી છે ?' 'હા યાદ આવ્યું. લશ્કરનું !' 'મેજર જનરલનો સંપર્ક કરીએ અને અભિપ્રાય માંગીએ.'

'આજ પ્રમાણે ભારત વિશે શું વિચારો છો ?' 'ભારતમાં આથી ભિન્ન છે. ત્યાંના માનનીય વડાપ્રધાનશ્રી સાથે મારે ઘરોબો છે, અંગત સંપર્કમાં છું' 'હા, એ બધી વાત સાચી પણ આપને ક્યાં ઉતરાણ કરવું, દિલ્હીમાં કે અન્યત્ર ? તે હવે જતાં પહેલાં જાણવું જરૂરી છે. હુલ્લડખોરો ક્યાં સક્રિય છે તેની તત્કાલીન જાણકારી મેળવવી જોઈએ, આ બાબતમાં કોઈ કંઈ કરી શકે એમ નથી !' ગૌરક્ષકો, આવારા મજનૂઓ, દેશદ્રોહી વિરોધીદળ, કટ્ટરવાદી ધાર્મિક જૂથો, સૈન્ય પર પથ્થરમારો કરનારાઓ વગેરે... આપનો આવકાર કરે તો...!

આમ તો હાસ્યાસ્પદ લાગે છે ખરુંને ! પણ ધીમે ધીમે, મક્કમપણે હુલ્લડખોરો સમગ્ર દેશ પર વર્ચસ્વ જમાવશે અને પછી ક્રમશઃ પહેલાં લઘુમતીઓ, ત્યારબાદ પોલિસવાળાઓ... સરકારી અમલદારો... એમ યાદી લંબાતી જશે. રોજના છાપામાં હુલ્લડખોરોનો ભોગ બનેલાઓના કિસ્સાઓ છાશવારે પ્રગટ થતા હોય છે, તેમાં ઘણા બધા આવી જાય છે અને ભવિષ્યમાં નવા ઉમેરાતા જશે એ જુદા ! મનસ્વી હિંસાખોરી દેશમાં વાયુવેગે પ્રસરી રહી છે પણ અન્ય હિંસાત્મક ઘટનાઓની સરખામણીમાં આ હુલ્લડખોરોને ડામવામાં આપણે ઝાઝા સફળ રહ્યા નથી કારણ તેમને ધર્મનો ઢોળ ચડાવવામાં આવી રહ્યો છે ! પણ હુલ્લડખોરોનો વળી ધર્મ કેવો ! તેઓ યુક્તિપ્રયુક્તિ દ્વારા નિર્બળ, નબળા અને દયામણા લોકોનો ભોગ લે છે !

જો આ બધી વાત ગળે ઉતરે તો હવે પ્રશ્ન થાય કે આ હુલ્લડખોરોનું પીઠબળ કોણ છે ? શા માટે તેમનું રખોપું કરે છે ? આ તમામ પ્રશ્નોનો એક જ જવાબ હોઈ શકે... રાજકારણીઓ ! ચૂંટણીમાં મહત્તમ મત મેળવવા તેઓ કંઈપણ કરવા પાછી પાની કરે એવા નથી ! હુલ્લડખોરો એટલું જ કહેતા હોય, 'અમને એકલા છોડી દો... જ્યારે અમે સરિયામ કાયદાનો ભંગ કરીએ ત્યારે પણ.. અમે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરીએ, જળ, વીજળી કે ખનિજોની ખુલ્લેઆમ ચોરી કરીએ, પરવાનગી વિના બહુમાળી મકાનો ઊભાં કરીએ, કોઈપણ જાતની સવલત ન હોય ત્યારે પણ વિના રોકટોક અમને પરવાનગી આપો... વગેરે...' વિશેષમાં અન્યાય કે અત્યાચારનો ભોગ બનનારા ચૂપચાપ સહન કરી લે છે, કારણ શિક્ષિત નોકરિયાતો કે પગારદારીઓ, લઘુમતીઓ કે મધ્યમવર્ગીય પ્રજાજનો, નાના વેપારીઓ કે અમલદારો જાણે છે કે 'ફરિયાદ કરવાથી કંઈ વળવાનું નથી !' વર્ષો પછી ન્યાય મળે તે કોણે જોયો ? ત્યાં સુધી તો પેઢીઓ ખુવાર થઈ જાય અને કમોતે મરવાનો સમય આવે તો...! હુલ્લડખોરો આપણા બારણાં ખટખટાવે તે દિવસો હવે દૂર નથી !

આ તો થઈ બહારનાં તત્વોના આધિપત્યની વાત, પરંતુ આ જે વિકાર ઉદ્‌ભવે છે તે માનવનો માંહ્યલો ખોખલો બની ગયો છે. પ્રાચીન ભારતમાં 'વિશ્વ એક પરિવાર છે' તે ભાવના હવે લુપ્ત થવાને આરે છે ! પહેલાં વિઘાતક પરિબળ જવલ્લે જ જોવા મળતાં આજે ભારતીય હોવાની ભાવના બીજના ચંદ્રમા જેવી ભાસે છે !

આપણા પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં-દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ભાષાવાદ સંગે પ્રદેશવાદ વકરતો જાય છે. કોઈપણ ક્ષેત્રમાં શાળા-કોલેજ પ્રવેશ, નોકરી-ધંધો કે કોઈપણ જાતની પરવાનગી કે સવલત માટે મરાઠી ભાષાની જાણકારી આગળ કરે છે. બાળકના શાળા પ્રવેશ માટે તેની ગુણવત્તા નહીં પણ રાજ્ય-મુંબઈમાં અધિનિવાસ (domacile) પ્રમાણપત્ર અગત્યનું છે. રીક્ષા ડ્રાઈવર માટે, ડ્રાઈવિંગના કૌશલ્ય કરતાં મરાઠી મહત્ત્વની છે. આપણા રાજ્યમાં પણ આંતરરાજ્ય કારીગરોનો બહિષ્કાર છડેચોક થયો હતો અને કેટલા બધા કામદારો મૂળ વતનમાં ઊચાળા ભરી ગયા હતા, આ તો ઠીક અન્ય રાજ્યોની સરકાર - પ્રજાજનોએ ગુજરાતીઓ સામે લાલ આંખ કરી એટલે બધું ઉપરથી શાંત પડ્યું છે !

કેટકેટલાં કૌભાંડ એક પછી એક બહાર આવી રહ્યાં છે ! શાસક પક્ષ કે વિરોધપક્ષ એકબીજા પર કાદવ ઉછાળી તેના માટે તહોમત મૂકે છે પણ છેવટે તો સત્તા-સંપત્તિની માનવમનની લોલૂપતા જ તેના માટે જવાબદાર હોઈ શકે છે. 'ત્યાગીને ભોગવી જાણો' કે 'અપરિગ્રહતાનો સિદ્ધાંત' હવે સ્વપ્નવત્ બની ગયો છે. ચોરી, લૂંટફાટ, છેતરપિંડી, લાંચરુશ્વત, કરચોરી-કામચોરી, અપ્રમાણિકતા-બેવફાદારી હવે તો શિષ્ટાચાર બની ગયાં છે. આધ્યાત્મિક શક્તિઓથી સમૃદ્ધ આ દેશનો માનવી હવે ભૌતિકવાદમાં તરબતર બની ગયો છે, સર્વ બુરાઈનો તે ગુલામ બન્યો છે. સૌથી ભયાનક ચિંતા છે કે આ પરિસ્થિતિ તેને કોઠે પડી ગઈ છે ! દુર્ગુણોના દરિયામાં જીવવાની કળા તેણે વિકસાવી છે ! વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકેનું ગૌરવ હવે ક્ષીણ થવા માંડ્યું છે. આપણી લોકશાહી હવે તરડાયેલી છે !

ભારતમાં ધાર્મિક ઓળખના નામે હેઈટ ક્રાઈમ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવાથી ચિંતિત દેશના વિવિધ ક્ષેત્રના ૪૯ દિગ્ગજોએ વડાપ્રધાનશ્રીને ખુલ્લો પત્ર લખ્યો છે અને 'કોઈ લોકશાહી અસંમતિ વિના ટકી શકે નહીં' એ બાબત પર ભાર મૂક્યો છે.

(ગુ. સ., ૨૫-૦૭-૧૯)

લોકશાહી તંત્રની બે સ્વાયત્ત સંસ્થાઓ-ન્યાયતંત્ર અને ચૂંટણી મંત્રાલય તરફ શંકાની સોય ભોંકાય છે તે બદનસીબ બાબત છે ! 'સત્તા આગળ શાણપણ નિરર્થક છે' એ ન્યાયે બન્ને તંત્રોએ શાસકપક્ષની શરણાગતિમાં સલામતી માની છે ! મનવાંછિત સુખ ભોગવનાર પિરામિડની ટોચ પર અને સર્વાંશે તબાહ થયેલો વર્ગ પિરામિડના તળિયે છે ! સુખ-સુવિધા હવે મૃગજળ સમાન બની ગયાં છે ! સર્વત્ર બરબાદી જ નજરે ચડે છે !

ભલે આપણે 'બળિયાના બે ભાગ' ન્યાયે અસામાજિક તત્વોના અંકુશમાં આવી ગયાં હોય એમ લાગતું હોય, આંતરમન પરાધીન બની ગયાં હોય અને સર્વકાંઈ ધૂંધળું દેખાતું હોય તેમ છતાં દેશમાં ક્યાંક ક્યાંક સાત્વિકતાનાં દર્શન જરૂર થાય છે. સત્યની એ જ્યોત સંપૂર્ણપણે બુઝાઈ જાય તે પહેલાં તેમાં સદ્‌ભાવના રેડી તેને પ્રજ્જવલિત રાખીએ. આપણે

જ્યાં છીએ, જે પણ છીએ, તેને એક ભારતીય તરીકે ગૌરવ આપીએ -અપાવીએ. લોકજીભે બોલાતું કે ક્યારેક મજાકમાં કહેવાતું સૂત્ર 'મેરા ભારત મહાન'ને ફરી પ્રચલિત કરીએ. સાચા અર્થમાં પ્રત્યેક ભારતીય પોતાની મહાનતા સિદ્ધ કરી, સમગ્ર ભારતને દેશ-દુનિયામાં મહાન પ્રસ્થાપિત કરી શકે એમ છે, જરૂર છે કેવળ એક દઢસંકલ્પની !

દેશની અવનતિ માટે ચારેય મહાનુભાવોએ આપણા દોષ તરફ અંગુલીનિર્દેશ કર્યો છે. મહાન પુરુષો પ્રત્યેનો આદર તેમની જન્મજયંતી-સંવત્સરી ઉજવીને અથવા મૂર્તિની પ્રતિષ્ઠા દ્વારા કરીએ છીએ. તેમના સદ્‌ગુણોને અપનાવીએ તો... આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીના સત્ય, અહિંસા જેવા સનાતન ગુણોને આત્મસાત કરીએ એ જરૂરી છે. મહાનપુરુષો કે શહીદ સ્મારક પર ફૂલમાળા ચડાવવા ઉપરાંત આપણું કર્તવ્ય ઉચિત રીતે પૂર્ણ કરવામાં રાષ્ટ્રપ્રેમ પ્રગટ કરીએ તો...

એક નાગરિક તરીકે આપણું કાર્યક્ષેત્ર સામાન્યમાં સામાન્ય હોઈ શકે. આપણે સેવક, સફાઈ કામદાર, કારકૂન, ખેડૂત, ધોબી, દરજી, દુકાનદાર, ચોકીદાર, ગ્રામસેવક કે ગ્રામરક્ષક હોવા છતાં આપણે મહાન દેશ માટે સર્વોચ્ચ યોગદાન આપી શકીએ છીએ. એ જ પ્રમાણે ગુરુજનો, રાજનેતાઓ, અધિકારીઓ, એન્જિનિયર કે ડૉક્ટર પણ કર્તવ્યપરાયણ હોય તો પછી આપણું સ્વમાન મળશે જ મળશે.

ઈન્ફોસીસના સહસ્થાપક નારાયણમૂર્તિએ તાજેતરમાં મુંબઈમાં એક કાર્યક્રમમાં 'દેશમાં આજે જે કંઈ બની રહ્યું છે તે અંગે યુવાનોને ભયમુક્ત બની અવાજ ઉઠાવવા' અનુરોધ કર્યો હતો. (ગુ. સ., ૨૫-૦૭-૧૯)

એટલે ઉદાર રાષ્ટ્રભાવના સાથે આગળ વધીએ...

○ જે મળ્યું છે તેના કરતાં જે આપ્યું છે, તે મહત્ત્વનું છે.

○ આપણી સફળતા કરતાં સાર્થકતા હંમેશા અગ્રેસર છે.

○ આપણા ભણતર કરતાં અન્યનું કરેલું ઘડતર આગળ આવશે.

○ આપણી પ્રમાણિકતા, કરુણા, હિંમત અને બલિદાન, જેના વડે દેશવાસીઓને આપણું અનુકરણ કરવા પ્રોત્સાહન, પ્રેરણા કે ઉત્તેજન મળ્યાં હોય એ બહેત્તર છે.

○ આપણી સુવિધા-કમાણી કરતાં આપણું ચારિત્ર્ય ચડિયાતું છે.

○ અસાધારણ જીવન એ કોઈ અકસ્માત ન હોય, સંજોગોવશાત પણ ન હોય પરંતુ પસંદગી પર નિર્ભર છે. ગાડરિયા પ્રવાહમાં જવાને બદલે અલગ મિજાજથી જીવન જીવીએ, પસંદગી ઉત્તમ કરીએ, એવી પસંદગી કરીએ જે મહત્ત્વની હોય !

○ આપણી આસપાસની દુનિયામાં લોકો ગેરસમજદાર, અતાર્કિક અને સ્વકેન્દ્રી હશે છતાં કોઈપણ રીતે તેમના પ્રત્યે પ્રેમ દર્શાવીએ.

○ જો આપણે ભલું કરીશું તો કેટલાક શંકાની દૃષ્ટિએ જોશે તેમ છતાં ભલું કરીએ.

○ જો આપણે સફળતા હાંસલ કરીશું તો છેતરામણા મિત્રો અને સાચા દુશ્મનો આપણી આસપાસ વીંટળાઈ વળશે તેમ છતાં સતત કાર્યરત રહીએ.

○ આપણે આજે જે ભલું કરીશું તે આવતીકાલે વિસરાઈ જશે, તેમ છતાં ભલું કરતા જ રહીએ.

○ આપણી પ્રમાણિકતા અને નિખાલસતાને કારણે લોકો આપણને નિર્બળ માનશે તેમ છતાં ઈમાનદારીથી જીવીએ.

○ આપણે જે કંઈ નિર્માણ કર્યું છે તે રાતોરાત જમીનદોસ્ત બની જશે તેમ છતાં રચનાત્મક કાર્ય ચાલુ રાખીએ.

○ જેમને મદદગાર બન્યા છીએ તેઓ, જરૂરિયાત પૂર્ણ થતાં કદાચ આપણા પર હુમલો કરશે તેમ છતાં મદદ કરીએ.

○ આપણી પાસે જે સર્વોત્તમ છે, તેનું સમર્પણ કરવા છતાં લોકો આપણને બદનામ કરશે તેમ છતાં સદ્‌ વિચારોથી પોષણ મળ્યું હોય તો... મહાન બનવા વિચારીએ.

સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે : 'વિકારનાં કારણ હોવા છતાં જેઓ વિકાર પામતા નથી, તેઓ ખરેખર મહાન છે !' શું આપણે મહાન બની શકીએ ! બેશક, કેમ નહીં... શરૂઆત આજથી... અત્યારથી જ કરીએ.

ખ્રિસ્તીજન તરીકે સાંપ્રત સંજોગો કે સતામણીથી આપણે ડરીશું નહીં, કારણ ઈસુ કેવળ આપણો આદર્શ-આધાર છે. ઈસુનું આગમન પણ ભૂલાં પડેલાંઓને બચાવવા માટે જ થયું છે. (માથ્થી ૧૮:૧૧) વિશેષમાં ઈસુએ આપણને પોતાના જીવન-શિક્ષણથી નમૂનો પૂરો પાડ્યો છે. 'માનવ પુત્ર સેવા લેવા નહિ, પણ સેવા કરવા અને સૌની મુક્તિ માટે પોતાનું જીવન અર્પી દેવા અવતર્યો છે.' (માથ્થી ૨૦:૨૮) શું આપણે આપણા દેશવાસીઓ-ભાઈભાંડુઓની મુક્તિ માટે , સેવા અર્થે જીવન ખર્ચી શકીએ ? ●

- જસવંત મેકવાન

## ઓક્ટોબર - ૨૦૧૯

**મહત્ત્વના દિવસો :**

૦૧ ઓક્ટોબર : વિશ્વ વૃદ્ધ દિન/સ્વૈછિક રક્તદાન દિન
૦૨ ઓક્ટોબર : ગાંધી જયંતી/શાસ્ત્રી જયંતી
૦૪ ઓક્ટોબર : વિશ્વ પ્રાણી સુરક્ષા દિન
૦૬ ઓક્ટોબર: વિશ્વ શાકાહાર દિન
૦૯ ઓક્ટોબર: વિશ્વ ટપાલ દિન
૧૦ ઓક્ટોબર: વિશ્વ દ્રષ્ટિ દિન
(ઓક્ટોબરનો બીજો ગુરુવાર)
૧૫ ઓક્ટોબર: વિશ્વ ગ્રામીણ મહિલા દિન
૧૬ ઓક્ટોબર: વિશ્વ અન્ન દિન
૧૯ ઓક્ટોબર: માનવ ગૌરવ દિન
૨૪ ઓક્ટોબર: સંયુક્ત રાષ્ટ્ર દિન (UNO Day)
૩૦ ઓક્ટોબર: વિશ્વ કરકસર દિન
૩૧ ઓક્ટોબર: સરદાર પટેલ જયંતી

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૧ ઓક્ટોબર: સંત પુષ્પાવતી
૦૨ ઓક્ટોબર: રક્ષક દૂતો
૦૪ ઓક્ટોબર: આસીસીના સંત ફ્રાન્સિસ
૦૫ ઓક્ટોબર: સંત ફોસ્તીના
૦૭ ઓક્ટોબર: માતા મરિયમ - ગુલાબમાળાનાં રાણી
૧૮ ઓક્ટોબર: શુભસંદેશકાર સંત લૂક
૨૦ ઓક્ટોબર: મિશન સન્ડે
૨૨ ઓક્ટોબર: સંત યોહાન પોલ દ્વિતીય
૨૮ ઓક્ટોબર: પ્રેષિત સંત સિમોન અને યહૂદા

**આ વિષય ઉપરાંત અન્ય વિષયના લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને તા. ૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં મોકલવા વિનંતી.**

પાવન હૃદય
**દૂત**

# કાવ્યધારા



## તું ક્યાં ?

નિત તને ખોળ્યા કરે,
આ આંખ હરપળ ઝર્યા કરે -
કોઈ કહે તું છે અહીં,
કોઈ કહે તું છે તહીં,
તું તો વસે આસપાસ,
મ્હેંકે હર શ્વાસશ્વાસ -
તું છે અહીં તું છે તહીં...
લહેરાતા મલયે મ્હોરે,
કુંપળોના કુંભે ઊભરાય,
આકાશી તેજમાં છલકે
અંતરની ગુહામાં રમે -
તું છે અહીં તું છે તહીં...
અંધકારની આંખે બિડાયે,
પોયણાની પાંખડીએ પોઢે,
સૃષ્ટિના પાલવે મલકે,
ઊર્મિના આંગણમાં ઊગે -
તું છે અહીં તું છે તહીં...

*- સવિતા બહેન પરમાર*

## હૃદય ઝૂરે મારું

તપ કરું, ઉપવાસ કરું,
સ્તુતિ વંદના દિનરાત કરું
કરતો રહું ખોજ હું તારી !

તિરથધામ ફરું,
ત્યજી વૈભવ ઈચ્છા સારી,
ઝંખે અંતર તુજ દર્શન એકવારી !
કરતો રહું ખોજ હું

મૃત્યુને પણ લઉં સ્વીકારી,
આવે જો લેવા મુજને મુજ સવારી...
અંતિમ ફરજ બસ એ જ છે મારી,
કરતો રહું ખોજ હું તારી !

*- સ્નેહલ પટેલિયા*

## વનજન બંધુ

ખીણ, પર્વતે,નદીનાળાં મધ્યે,
ગિરિમાળા ઉપરે,વન ઉપવન સમીપે,
કુદરતનો ખોળો ખુંદીને,કાળજે કારમો ઘા,
ને અભાવોમાં ઉછરતી
એ વિચરતી ભોળી પ્રજા...

વર્ષોનાં નીરમાં પલળતી,
વૃક્ષે વૃક્ષે મહાલતી,અબુધ ભોળી પ્રજાતિ,
સૌંદર્યમાં નિખરતી, ખળખળ ઝરણે વહેતી,
સોળે કળાએ ખીલતી...
અન્ન માટે તડપતી, પાણી માટે વલખાં મારતી...

આતો ! કેવો !
ન્યાયનો ચાકડો છે ?

*- રજનીકાંત જોસેફ રાઠોડ*

## એ તો હું છું


ભલે ફેંકો મને તુચ્છ સમજી,બીજ છું,
ધૂળમાં ધરબાઈને પણ અંકુરિત થઈશ.

કાપો હાથ મારા ડાળીઓ સમજી, વૃક્ષ છું,
કપાઈને પણ ફરી, પલ્લવિત થઈશ.

ભલે, સાવ માટીનું,તોય કોડિયું છું,
અંધારા ઉલેચવા સદાય પ્રજવલિત થઈશ.

મારું કામ હું કરું, અન્યને ન મૂલવું, પરમાર્થ છું,
હોય 'સ્વપન' મધરાતનાં, પરમાર્થી થઈશ.

*- 'સ્વપન' બાસીલ મેકવાન*


સરનામું:
To,
ડો. સિલાસ પટેલિયા
૨૦૧-સેફ્રોન કલાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨
મોઃ ૯૩૭૭૨૬૬૮૨૮

## વર્ષાજળે...

વ્યોમે ઊગ્યા -
વાદળ ઢાંક્યા સૂરજની પ્રભા પહેરી
ચળકે મોતી સમાં
વનરાજી પર બેઠાં-ઠર્યાં વર્ષાબુંદ !

દૂર વૃક્ષે બેઠાં કપોત
કેલિકૂંજન કરતાં
પ્રકૃતિ વચ્ચે પુલકિત થતાં દીસે !

હજુ ક્યાંકથી સરી આવતો
કોકિલ કંઠથી ખર્યો ટહૂકો
મને વીંટળાઈ વળી
ભીતરે પડઘાતો ભીનું ભીનું !

જરા દૂર ડાળીએ બેઠેલાં પંખી સમાં
ગુલાબ પુષ્પો મને જોઈને
સદ્યસ્નાતા સમું મલકાય વર્ષાજળે ન્હાતાં !
ને-
પેલી વાદળીને તમે જોઈ ?
જુઓને ! એ કેવી જળભરવા જતી
કો' કન્યાની જેમ ઉતાવળે
દોડી જતી વ્યોમે
તરસ્યાં જગલોકની તૃષા છીપાવવા !

*- ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન*

**સર્વ પુરોહિતોના**
**રક્ષક સંત**
**સંત જોન મેરી વિયાન્નીના**
**તહેવારની હાર્દિક**
**શુભેચ્છાઓ**
**–**
**'દૂત' પરિવાર**




# તમારો પત્ર




(૧)

માહે જુલાઈ-૨૦૧૯ના 'દૂત' અંકના મુખપૃષ્ઠ પર ભલા ભરવાડ, ગરીબોના બેલી, બુઝુર્ગ જુવાન, સદા સ્મિત રેલાવતા અને સદા બહાર, પવિત્ર ફાધર પૂજ્ય દાદા પરિઝાનો હસમુખો ચહેરો જોતાં જ અંતરમાં 'જીવતા સંત'ની અનુભૂતિ ફરી તાજી થઈ. જનહૃદયમાં પોતાનું સ્થાન નિશ્ચિત અંકિત કરી દેનાર સ્વર્ગસ્થ ફાધરને આથી વધારે શ્રદ્ધાંજલિ શી હોઈ શકે !

૧૦૨ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવ્યું એટલે મૃત્યુના શોકમાં એટલી ભરતી ન હોય એ સ્વાભાવિક છે પણ તેઓશ્રીની સાદગી, સંવેદના અને ધર્મપરાયણતા સૌને સ્પર્શી ગઈ છે તેમાં બેમત ન હોય ! શ્રદ્ધાંજલિ લેખમાં પૂજ્ય દાદાના જીવનનાં લગભગ તમામ પાસાં લેખકોએ આવરી લીધાં છે. સર્વનો આભાર. પૂજ્ય દાદાના સદ્‌ગુણોને અનુસરીએ, સેવા કાર્યોને આગળ ધપાવીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ હશે.

'માતાની ભૂમિકા'માં શ્રીમતી અન્નપૂર્ણાબેન મેકવાને તટસ્થતાપૂર્વક નીડરતાથી માતાની ભૂમિકામાં પડેલાં છિદ્રોને રજૂ કર્યાં છે. એ છિદ્રોનો વ્યાપ વધે અને માતાની છબીને કલંકિત કરે તે પહેલાં માતાઓ સભાન બને તો...! પ્રત્યેક માતા માટે લેખ પડકારરૂપ છે. લેખિકાને અભિનંદન. ડૉ. પ્રીતિ રાઠોડનો 'પ્રતિભાવનો પ્રાણવાયુ' લેખ ટૂંકો પણ પ્રેરણાદાયી છે. સારા કામના પ્રોત્સાહનના બે શબ્દો પ્રતિભાને પ્રાણવાન બનાવે છે. માબાપ તથા ગુરુજનો માટે ઉમદા શીખ આ લેખમાં છે. ડૉ. પ્રીતિનો આભાર અને અભિનંદન.

પ્રભુના સેવક ફાધર પેદરો અરુપે એસ.જે.ના જીવન કાર્યને આલેખતો શ્રી બકુલ મેકવાનનો અનુવાદલેખ પ્રેરક છે. ફાધરના જીવનને અનુસરીએ અને સંતઘોષણા માટે પ્રભુને અરજ કરીએ.

— શાન્તિલાલ મેકવાન, ગામડી-આણંદ

(૨)

પાવન હૃદય 'દૂત'ના જુલાઈ - ૨૦૧૯ના મુખપૃષ્ઠ પર સ્વ. ફાધર પરિઝા એસ.જે. નો હસતો ચહેરો જોઈ પળભર તો લાગ્યા વિના ન રહે કે ફાધર આપણી મધ્યે નથી ! વિશેષમાં ઈસુસંઘનું જીવન વિધાન 'સર્વકાંઈ ઈશ્વરના અધિક મહિમા અર્થે' એટલું જ સ્પર્શી ગયું. અન્ય લેખકો સાથે તંત્રીશ્રીએ ફાધરના જીવનકવનને અક્ષરદેહ આપવાનો પ્રયાસ કર્યો છે, કદર કરવા યોગ્ય છે. છેવટે તો દાદાને ઓળખી, અનુસરવામાં જ સર્વોત્તમ અંજલિ છે.

આમંત્રિત તંત્રીલેખ 'સંત ઈગ્નાસનો નીરક્ષીર વિવેક'માં ફાધર ડૉ. વિનાયક જાદવ એસ.જે. એ સંત ઈગ્નાસ પ્રેરિત આધ્યાત્મિકતાને વિવિધ રૂપકો દ્વારા સરળ રીતે સ્પષ્ટ કરી છે, જે ઈસુસંઘીઓ સાથે સર્વ ખ્રિસ્તીજનને ઈસુ સાથે એકરૂપ બનવા આહ્‌વાન કરે છે. 'વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓમાં ફાધર જેમ્સ ડાભીએ ઈસુસંઘ અને ધર્મસભાના ભાવિ વિઝનને લોકભોગ્ય ભાષામાં રજૂ કરી છે. ઈસુના અનુયાયી તરીકે તનમનધનથી સમર્થન આપવામાં જ આપણું ગૌરવ છે.'

'સ્વપ્નશીલ આગેવાન, કાર્યક્ષમ વહીવટકર્તા, નમૂનેદાર ઈસુસંઘી, સંત ઈગ્નાસના વિશ્વાસુ દીકરા એવા પ્રભુના સેવક ફાધર અરુપેનો પરિચય બકુલ મેકવાને કરાવ્યો છે. યુવાવર્ગને હાકલ કરવા યોગ્ય અનુવાદ લેખ માટે આભાર.'

'માતાની ભૂમિકા' અને 'કદર'માં મહિલાની વિશેષતાઓ - મર્યાદાઓ રજૂ થઈ છે. 'હીટ વેવ' તથા 'નવી આંખ' જેવી ટૂંકી વાર્તાઓ પ્રકૃતિના પરિવેશનો તાદૃશ્ય અનુભવ કરાવે છે. 'હરિયાળો ધર્મવિભાગ' માં ફાધરે ધર્મશ્રદ્ધા સાથે પ્રકૃતિપ્રેમનું જોડાણ કર્યું છે. 'વહેણ' ટૂંકી વાર્તા દીકરા-દીકરીના સમાન મહત્ત્વને વાચા આપે છે. 'પહેલાં વિશ્વાસ કરો...' લેખમાં વિશ્વાસના વાવેતરની વાત, 'ઉપહારના ઉપયોગ...'માં ઈશ્વરદત્ત બક્ષિસોના વપરાશ માટે કહેણ, તો 'પ્રતિભાનો પ્રાણવાયુ...'માં પ્રોત્સાહનની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. છેવટે વડાધર્મગુરુ માન્ય હેતુમાં 'ન્યાય માત્ર ઈશ્વર જ કરી શકે !' વિધાન સ્પર્શી ગયું છે. આમ સર્વાંશે તમામ લેખ પ્રેરક છે. સૌને અભિનંદન.

*— બ્રધર થોમસ પી.એમ.સી. - પાલનપુર*

(૩)

જુલાઈ 'દૂત' અંકમાં પરમ આદરણીય સુપીરિયર જનરલ પૂજ્ય ફાધર આર્તુરો સોસા એસ.જે. દ્વારા ઘોષિત 'વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓ'માં સંસારી વર્ગને જોડાવા આમંત્રણ માટે એક સદ્‌ગૃહસ્થનાં વંદન.

આજની જેમ રોડાં નાખનારા ધર્મજન કે સંન્યસ્ત વર્ગ પહેલાં પણ સક્રિય હતો, આજે પિલાત-હેરોદરૂપે આસપાસ છે. તેમને ઓળખવા મરજીવા બનવું પડે. સાચા હીરાની પરખ, ઝવેરી સિવાય હોય પણ કોને !

ફાધરની પ્રૈષિતિક અગ્રિમતાઓ આજે પણ હકીકત બને ખરી, જો અંતર આત્માના અવાજને સાંભળવામાં આવે તો... !

સૌથી વધુ જરૂરિયાતમંદ અને બહાર ફેંકાય ગયેલા એ લોકો કોણ છે ? એમના સંગાથી બનવું અઘરું છે. બ્રાન્ડેડ વસ્ત્રો, અત્યાધુનિક ઉપકરણો વાપરતો સંન્યસ્તવર્ગ ગરીબોના બેલી બનશે ખરો ! ભોજનમાં માછલી આપશે કે ધૈર્યવાન બની માછલી પકડતાં શીખવશે, એ તો સમય જણાવશે.

ધર્મજનોએ પણ સંકુચિત કોશેટામાંથી બહાર આવવું જરૂરી છે. 'પ્રભુના અધિક મહિમા અર્થે' સંન્યસ્તો સાથે ધર્મજનો પણ સહયોગી બને તો...! બેબી પોપને મળવા વડાધર્મગુરુ ફ્રાન્સિસ લગભગ અધીરા બન્યા હતા, જેમણે અંતરાયો દૂર કરી બેબીને હાથમાં લઈ ચુંબન કર્યું હતું, આશીર્વાદ આપ્યા હતા. ('દૂત' જૂન - ૨૦૧૯ - કિશોરમિત્ર પાન નં. ૨૭) આપણા ધર્માધિકારીઓ આટલી સમર્પણનિષ્ઠા દાખવી શકે ખરા !

આપણાં પદ-પ્રતિષ્ઠા બાજુ પર મૂકી અજનબી બની પવિત્ર આત્માના સામર્થ્યનો અનુભવ કરીએ ત્યારે જ ધર્મસભા નવયુવાન છે એમ કહી શકાય, અન્યથા મારા જેવી ઘરડી ! વાંચન, સમજ અને અપેક્ષિત અસર ઉદ્ભવે તો જ ફાયદો નહીંતર નિસ્તેજ, ભાવશૂન્ય એ જ ચહેરો... કંઈ વળશે ખરું ?

*— પરમાર સ્તાનીસ સાયમન, ગામડી-આણંદ*

(૪)

જુલાઈ ૨૦૧૯ 'દૂત' હાથમાં આવ્યો. માનનીય સ્વ. ફાધર પરિઝાનું મુખપૃષ્ઠ તથા શ્રદ્ધાંજલિ ખરે જ પ્રશંસાપાત્ર છે. ફાધર પરિઝાના અવસાનથી સ્પેનિશ મિશનરીઓની સેવાનો સુવર્ણકાળ આથમી ગયો. ભારત-ગુર્જરધરાની માટીમાં ભળી જઈ જે શુભસંદેશ ફાધરે ફેલાવ્યો અને તેને ૧૬ આની પાક ઉતર્યો જે જોવા ફાધર પરિઝા ભાગ્યશાળી બન્યા.

માત્ર ત્યાગ, તપ, સેવાની મૂર્તિનું જ્વલંત ઉદાહરણ સ્વ. ફાધર પરિઝા યાદ રહેશે. ફાધરને શત્ શત્ વંદન !

*— ફિલોમીના પરમાર (યુ.એસ.એ.)*

**તંત્રીનોંધ :** સ્વર્ગસ્થ ફાધર પરિઝાના સંખ્યાબંધ શ્રદ્ધાંજલિ લેખ મળ્યા છે. નિશ્ચિત તારીખ સુધી મળ્યા તેમને 'દૂત'માં સ્થાન આપવા નમ્ર પ્રયાસ કર્યા છે. વળી એકવાર 'શ્રદ્ધાંજલિ' પ્રકાશિત કર્યા પછી બીજા મહિને, અન્ય લેખને સ્થાન મળે તે સારું. પૂજ્ય દાદા પ્રત્યે આપનો પ્રેમ પ્રગટ થયો છે, આભાર. જુલાઈ 'દૂત' અંકમાં અપ્રસિદ્ધ શ્રદ્ધાંજલિ લેખ, પ્રકાશિત કરવા અમે અસમર્થ છીએ. આભાર.

## જાહેરાત અંગે ધ્યાનમાં લેવા જેવી અગત્યની બાબતો

૧. આગામી અંક માટે જાહેરાત દર મહિનાની ૧૫ તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

૨. જાહેરાતનું પ્રૂફ દર મહિનાની ૨૦ તારીખે અવશ્ય ચેક કરી જવું, જો ૨૦મી તારીખે રવિવાર કે જાહેર રજાનો દિવસ આવતો હોય તો ૨૧મી તારીખ સમજવી.

૩. જાહેરાત આપવા માટે સાહિત્ય પ્રકાશમાં રૂબરું આવવું અથવા phdoot@gmail.com ઉપર ઈ-મેલ કરવી.

૪. જાહેરાતના નાણાં બેન્ક દ્વારા, ચેક દ્વારા અને રોકડા સ્વીકારવામાં આવશે. બેન્કની વિગતો 'દૂત'માં આપેલ છે.

૫. જાહેરાત સાથે તમારું પૂરું નામ, સરનામું, મોબાઇલ નંબર, વોટ્સએપ નંબર તથા ઈ-મેલ અવશ્ય આપવાં.

૬. ઈસુના જીવન-શિક્ષણ અને ધર્મસભાના સિદ્ધાંતોની નીતિમત્તા વિરુદ્ધની જાહેરાત 'દૂત'માં પ્રકાશિત કરવામાં આવશે નહીં. તમારી જાહેરાતમાં કોઈ શબ્દ, શબ્દસમૂહ, વાક્યાંશ કે વાક્ય એ પ્રમાણે માલુમ પડશે તો તે શબ્દ... રદ કરવામાં આવશે. કલર અને ડિઝાઈન 'દૂત'ની નીતિવિષયક પ્રમાણેના રહેશે.

૭. જાહેરાતનું પ્રુફ તપાસ કર્યા બદલ તારીખ સાથે સહી કરવાની કાળજી રાખવા વિનંતી.

૮. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.

૯. જાહેરાત દાતાઓ અંગે વિશેષ સૂચનાઓ 'દૂત'માં દર મહિને પ્રકાશિત કરવામાં આવે છે.

## 'દૂત'ની નીતિવિષયક સ્પષ્ટતા
## ગ્રાહકોને... કવિ/લેખકોને...વિજ્ઞાપન દાતાઓને...

૧. 'દૂત'માં પ્રસિદ્ધ થતી જાહેરાત કેથોલિક ધર્મસભાના સિદ્ધાંતો અને મૂલ્યોને સુસંગત હોવી જોઈએ.

૨. 'દૂત'માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે 'દૂત' બંધાયેલ નથી.

૩. 'દૂત'માં પ્રગટ થતી જાહેરાતની સત્યતાની ખાતરી ગ્રાહકે કરવાની રહેશે. ખાતરી બાબતે 'દૂત' જવાબદાર રહેશે નહિ.

૪. 'દૂત'માં પ્રગટ થતા વિચારો કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

૫. કાર્યાલયને મોકલેલ લેખની નકલ/ફોટો લેખકે પોતાની પાસે રાખવી, મળેલ નકલ પરત કરવા કાર્યાલય બંધાયેલ નથી.

૬. લેખના સુધારા-વધારાનો અબાધિત અધિકાર તંત્રીશ્રીનો રહેશે જેની નોંધ લેવી.

૭. અન્યત્ર પ્રકાશિત થયેલ સામગ્રી-લેખ 'દૂત'માં પ્રકાશિત કરવામાં આવશે નહીં. લેખકે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.

૮. અસ્વીકૃત લેખ/કાવ્ય/સમાચાર અંગે પત્રવ્યવહાર અશક્ય છે.

૯. ધર્મસભામાં નોંધપાત્ર પ્રદાન ધરાવનાર વ્યક્તિઓ વિશેષ જ 'દૂત'માં શ્રદ્ધાંજલિ લેખ પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦. કવિ/લેખક/વિજ્ઞાપન દાતાઓએ પોતાની કૃતિ/જાહેરાત સાથે પોતાનું પૂરું નામ-સરનામું, મોબાઇલ/વોટ્સએપ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય આપવાં. કવિ/લેખકોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પણ આપવો.

૧૧. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.

# આપણો પરિવાર-આપણું સ્વર્ગ

**વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ : પ્રાર્થનામય અને પ્રેમાળ જીવન મારફતે તમામ પરિવારો માનવ ઉછેરની ઘરશાળા બને.**

પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.શરીરને પુષ્ટ બનાવવા, સાજું નરવું રાખવા, તેમાં તાકાત, શક્તિ તથા ઉર્જા પેદા કરવા જેમ ખોરાક તથા પાણી અનિવાર્ય છે, તેથીય વધુ મનને શાંતિથી ભરવા, મનને શુદ્ધ રાખવા, તંદુરસ્ત બનાવવા અને મનને હકારાત્મક ઉર્જાથી ભરવા, જીવનમાં પ્રાર્થનાનું સ્થાન અનિવાર્ય છે. પ્રાર્થના એ વ્યક્તિ અને ઈશ્વર વચ્ચેનો મૂક સંવાદ છે. વ્યક્તિગત પ્રાર્થના વ્યક્તિને યોગ્ય દિશાસૂચન કરી, યોગ્ય માર્ગ અપનાવવા, દીવાદાંડીરૂપ બને છે, જીવનપથ બની જાય છે. એ પથ ઉપર ચાલવા માટે પ્રાર્થના ચાલકબળ બની જાય છે, જીવનમાં આગળનું પગલું કેમ ભરવું તે માટે માર્ગદર્શક બની જાય છે.ગમે તેવા કપરા સમયમાં, ક્ષણોમાં અને પરિસ્થિતિઓમાં વ્યક્તિ જ્યારે પ્રાર્થનાનું શરણું લે છે, ત્યારે મનમાં એક પ્રકારની શીતળતા પ્રસરી જાય છે. ઉચાટ અને આવેગ ધીમે-ધીમે શમી જાય છે.

ધર્મસભામાં આપણે એકત્ર થઈને સામૂહિક પ્રાર્થનાનું મહત્ત્વ પણ સમજતાં થયાં છીએ. 'મારે નામે તમે જે કઈ માંગશો તે તમને મળી રહેશે.' (માથ્થી ૧૮:૧૯-૨૦) ધર્મસભાએ આપણને સામૂહિક પ્રાર્થનાઓ માટે પણ તક પૂરી પાડી છે. સાથે મળી ગુલાબમાળાનું રટણ કરવા, બાઈબલ સત્સંગ કરવા, કુટુંબ, ફળિયું, સોસાયટીમાં પ્રભુનાં વચનો પર મનન-ચિંતન કરવા, બીમાર ભાઈબહેનો માટે પ્રાર્થના કરવી અને એક કુટુંબનાં બની પરમપૂજામાં સહભાગી થવું વગેરે. આપણાં ભાઈબહેનો સાથે આપણે પ્રાર્થના માટે જ્યારે ભેળાં મળીએ છીએ ત્યારે, એ ઘડી ઈશ્વરની સૌથી મોટી પ્રસન્નતાની ઘડી હોય છે. પ્રભુ આપણને તેમનાં ગુણગાન કરવા આહ્‌વાન કરે છે. પ્રાર્થના બળજબરી, હુંસાતુંસી, દેખાદેખી( દેખાડો) કે માત્ર રવિવારે ચર્ચમાં જઈએ તે જ નથી, પરંતુ સવારે આપણી આંખો ખૂલે ત્યારે ઈશ્વર સ્મરણને પણ પ્રાર્થનાનું રૂપ આપીએ, હાથ કોઈ સારા કાર્યમાં સાથ આપે, હૃદય કોઈનું ભલું ઈચ્છે તથા મન કોઈની પ્રશંસા કરે તેને પણ પ્રાર્થના કહીશું. આપણા પગલાં જ્યાં પડે ત્યાં કોઈને મદદ થઈ જાય એ પણ આપણી પ્રાર્થના જ છે.

આપણે થોડા સ્પષ્ટ થઈએ કે 'જરૂરિયાત અને સ્વાર્થ માટે કરેલી માંગણી એ પ્રાર્થના નથી.' પ્રભુને શરતોથી બાંધીને સોદો કરવાની ઘડી નથી. આપણા પ્રભુ પ્રેમ, શાંતિ અને આનંદના ઈશ્વર છે, જેને કોઈ શરત કે સ્વાર્થી વલણથી બાંધી શકાતા નથી. આપણે માંગીએ એ પહેલાં ઈશ્વરને ખબર છે કે, આપણને શાની જરૂર છે ? આપણી કલ્પના કરતાં અનેકગણાં વરદાન તે મોકળે હાથે આપણને પ્રદાન કરતા રહે છે. પ્રાર્થના એ ઈશ્વર સાથેનો મેળાપ છે, તેમની સાથેનો સત્સંગ છે, તેમની સાથે વાર્તાલાપ કરી કૃપા મેળવવાનો સમય છે, જેને માંગણી ના બનાવી દઈએ. આપણે ન માંગીએ તોયે પ્રભુ તેમનું વચન પૂરું કરતા રહે છે. 'માંગો તો મળશે, શોધો તો જડશે, ખખડાવો તો બારણા ખૂલી જશે' (માથ્થી ૭:૭).

પરિવાર સમાજ અને ધર્મસભાની કરોડરજ્જુ છે. આપણો પોતાનો પરિવાર છે, જેમાં માતાપિતાની છત્રછાયામાં આપણો ઉછેર થાય છે. ધર્મસભા યથાસમયે સંસ્કારોના સીંચન થકી આપણું જીવન આધ્યાત્મિક બને તે માટે અવિરત ચિંતિત રહે છે. પરિવારમાં જો તિરાડ પડે તો સમાજની કરોડરજ્જુ તોડી નાંખે છે, ખોખરો કરી નાખે છે. પરિવાર સમાજને વેગવંતો બનાવનાર એક પ્રબળ એકમ છે. પરિવારોમાં રોજબરોજ એકબીજા માટે પ્રાર્થના કરતાં રહીએ, પોતાનું યોગદાન આપતાં રહીએ, પરિવારની જરૂરિયાતો પોષતાં રહીએ. પરિવાર ધર્મસભાની ખૂબ કીમતી અને મહામૂલી ભેટ છે. ધર્મસભામાં પરિવારોની ઉપસ્થિતિ, તેમની શ્રદ્ધા, તેમના સંસ્કારો, તેમની ઉદારતા તથા ભાગીદારીથી ધર્મસભા ફૂલતી-ફાલતી અને ખીલતી રહે છે. આપણે બધાં જ ધર્મસભાના અંગો છીએ. ધર્મસભા ઈસુના રક્તથી સિંચિત થયેલો પવિત્ર પરિવાર છે. એકતા અને શ્રદ્ધાથી આ પૃથ્વી ઉપર વસવાટ કરનારાં આપણાં બીજાં ભાઈ-ભાંડુઓને આપણી પ્રાર્થનાઓ રૂપી મદદ મળતી રહે છે. બીમાર, અશક્ત, અસાધ્ય રોગોમાં સપડાયેલાં આપણા માનવબંધુઓ માટે, એક પિતાના સંતાનો તરીકે પ્રાર્થના દ્વારા ટેકો આપતાં રહીએ.

આપણો ઉછેર કુટુંબમાં પણ આપણી આધ્યાત્મિક પરિપૂર્તિ આપણા ધર્મસભામાં પ્રવેશ દ્વારા થાય છે અને આપણને ઈશ્વરી બક્ષિસો તથા વરદાનો પ્રાપ્ત થતાં રહે છે. આપણી શ્રદ્ધા જ આપણને મુક્તિ અપાવે છે.આપણી શ્રદ્ધા આપણને વધુ ભક્તિમય બનાવે છે. આપણો પરિવાર માત્ર આર્થિક રીતે જ સદ્ધર થાય તેટલું જ નહી, પરંતુ આપણે સૌ ઉંમર તથા જ્ઞાનમાં વધતાં રહી, ઈશ્વરની સ્તુતિ અને તેમના આભારગાન કરતાં, એકબીજા પરિવારો અને ધર્મસભા માટે પ્રાર્થના કરતાં રહીએ.●

- સિસ્ટર ડૉ. વર્ષા જોન LDFX

*મ.શિ. સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-વટવા, અમદાવાદ*

## પરિવાર-પ્રથમ શાળા

ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું અને આદમ અને હેવાના કારણે સંસારની રચના થઈ પણ... ઈશ્વરને આપણા પર એટલો પ્રેમ હતો કે તેણે પોતાના એકના એક પુત્રને આપણા માટે આપી દીધો. પ્રભુ ઈસુ સમગ્ર માનવજાતના કલ્યાણ માટે પૃથ્વી પર અવતર્યા હતા અને આપણા પરના પ્રેમને ખાતર આપણાં પાપોની માફી આપવા ક્રૂસ પર પોતાનું બલિદાન આપ્યું અને એમના અસીમ પ્રેમનો પૂરાવો છે કે ઈશ્વરે પવિત્ર આત્માને આપણા હૃદયમાં મોકલી આપ્યો. પ્રભુ ઈસુ સમગ્ર સૃષ્ટિના શિરોમણી છે. આખી માનવજાતના હૃદય સમાન છે. ઈસુનું પ્રેમાળ હૃદય થાકેલાંઓનો વિસામો છે.

માનવીનો ઉછેર ઘરમાં જ થાય છે. બાળકના જન્મ પછી સારું શું છે અને ખરાબ શું છે તે કંઈ જ જાણતું નથી. બાળકને તેના પરિવારમાંથી જ શિષ્ટાચાર શીખવા મળે છે. તે ઘરમાં પરિવારની સાથે રહીને મોટું થાય છે. પરિવાર તેની પ્રથમ શાળા જ કહેવાય. બાળકને પ્રભુના પ્રેમની ઓળખ કરાવવી, નિયમિત ધર્મશિક્ષણ આપવું, સંસ્કારો સમયસર અપાવવા અને તે માટે આધ્યાત્મિક ભાથું પૂરું પાડવાનું કામ પરિવાર થકી જ થાય છે.

પરિવારમાં માતાપિતા અને વડીલોનું અનુકરણ બાળક કરે છે. જો માતાપિતા અને વડીલો નિયમિત બાઈબલ વાંચન અને પ્રાર્થના કરતાં હશે તો બાળકો તેમ કરવા જરૂર પ્રેરાશે. પરિવારના સંસ્કારો થકી તે પ્રભુના અનુયાયી બનશે અને પ્રભુના શુભસંદેશનો ફેલાવો કરવા પોતાની જાતને પ્રભુની સેવામાં સમર્પિત કરશે. ખરેખર માનવજાતના કલ્યાણ હેતુ તેમજ ધર્મસભાને શોભે તેવાં બાળકો તૈયાર કરવાનું કામ પરિવારનું જ છે. - આ સંદર્ભમાં સંત પાઉલ (એફેસસ ૬:૧-૪) બાળકો અને માતાપિતાને શિખામણ આપે છે :

'બાળકો પ્રભુને માથે રાખી તમારાં માતાપિતાની આજ્ઞામાં રહેજો, એ તમારો ધર્મ છે. "તમારાં માતાપિતાને માન આપવું," એવી પહેલી આજ્ઞા છે જેમાં એવું વચન આપેલું છે કે, "એથી તમારું ભલું થશે અને તમે ધરતી ઉપર દીર્ઘાયુ થશો." પિતાઓ, તમારા બાળકોને ચીડવશો નહિ, પણ તેમને પ્રભુના શિસ્ત અને તેમની શિખામણ મુજબ ઉછેરજો.'

દરેક કુટુંબ ઈસુના પૂજ્ય હૃદયને સમર્પિત કરવું એ ભક્તિનો ઉમદા પ્રકાર છે. પરિવારમાં કૌટુંબિક પ્રાર્થના નિયમિત થાય એ જરૂરી છે. પ્રાર્થના જીવનનું પ્રેરક બળ છે. પ્રાર્થના પરિસ્થિતિ બદલે છે. જીવનસાગરમાં સદ્જીવનની નાવમાં બેસીને જીવનસાગર પાર કરવી એ ધાર્મિકતા છે. જીવનને છોડી દેવાથી કે તેનાથી વિમુખ થવાથી નહીં પણ જીવન અને જગતનો સ્વીકાર કરવાથી લાક્ષણિક જીવન જાણી શકાય છે. જો આપણું જીવન ઉદાર છે, બીજાનાં દુ:ખોને જોઈને આપણું મન દ્રવિત થાય છે, તો આપણે સંસારી છતાં સંત છીએ; કારણ પ્રભુ માનવતામાં પામી શકાય.

પ્રભુને મન વ્યક્તિના ગુણ, કર્મ અને સ્વભાવની કિંમત છે. બીજાના માટે કરેલી પ્રાર્થના પ્રભુ પહેલાં સાંભળે છે અને એવી પ્રાર્થના કરનારનું ભલું થાય છે. માનવતાનાં કાર્ય કરવાથી આખા વિશ્વનું કલ્યાણ થશે. આમ, દરેક દેશ-વિદેશમાં, દરેક ધાર્મિકતામાં, દરેક શાસ્ત્રમાં, દરેક વિજ્ઞાનમાં માનવ જ મુખ્ય છે. માનવતા પરમધર્મ છે. યાદ રાખીએ:

'ईश्वर से करो प्रेम दिलकी गहेराई से, की बहे चले आंसु बिना रुके
जिज्ञासाये दूर हो जाये, मिले तुम्हें ईश्वर का नूर नाम:'●

**- રેખા થોમસ મેકવાન**

*લેખિકા અમદાવાદની ખાનગી શાળામાં શિક્ષિકા*

# પરિવાર-માનવ ઉછેરની ઘરશાળા

આજકાલ આપણી આજુબાજુ નજર માંડીએ તો ખ્યાલ આવે કે ચોમાસામાં ફૂટી નીકળતા બિલાડીના ટોપની જેમ અવનવી શાળાઓ અને મહાશાળાઓ રાતોરાત ફૂટી નીકળે છે. હજારો સ્વપ્નોને આંખોમાં સજાવીને, પોતાના કાળજાના ટુકડાને કઈ શાળામાં ભણવા મૂકવા એ પ્રશ્ને માબાપ મુઝાતાં હોય છે. હજી તો બાળક માંડ બે વર્ષનું થાય કે એના ભણતરની ચિંતા એમને બેચેન કરી મૂકતી હોય છે. એને ડોક્ટર કે એન્જિનિયર બનાવવાની અભિલાષામાં રાતોની ઊંઘ હરામ કરીને ચિંતામાં ગળાબૂડ થયેલાં માતાપિતાને આપણે સૌએ જોયાં હશે કે પછી કદાચ પોતે પણ એવો અનુભવ કર્યો હશે! પરંતુ આપણા વડાધર્મગુરુ ફ્રાન્સિસ આપણ સૌને પોતાના પરિવાર કે કુટુંબને માનવ ઉછેરની ઘરશાળા બનાવવાનું આહ્‌વાન કરે છે.

સૌ પ્રથમ તો મનમાં એવો પ્રશ્ન ઉઠે કે, કુટુંબની વ્યાખ્યા શું? પરિવારની પરિભાષા શું ? એકલા રહેવાની અને આભાસી દુનિયાની દોડધામમાં ખોવાયેલા ને ભાગ્યે જ આ વિષય પર વિચાર કરવો ગમે. સામાન્ય ભાષામાં વાત કરીએ તો પરિવાર એટલે એક છત નીચે રહેતા અને લોહીની સગાઈ ધરાવતા મનુષ્યનો સમૂહ. પણ શું માત્ર એક છત નીચે રહેવાથી આદર્શ પરિવારનું સર્જન થાય ખરું ? પરિવાર એ બે ચાર કે આઠ વ્યક્તિઓથી બનતું એકમ નથી પરંતુ સંપ, શાંતિ, સુખ, સલામતી અને સ્નેહના તાંતણાથી ગૂંથાયેલું ઈશ્વરનું અનોખું સર્જન કે જ્યાં એક બીજા પ્રત્યે માન-સન્માન અને પ્રેમ હોય.

કહેવાતા આપણા મોડર્ન યુગમાં 3BHK અને 4BHKનો ટ્રેન્ડ ચાલે છે. આલીશાન મકાનોની દીવાલોમાં કોઈને કોઈના માટે ટાઇમ હોતો નથી. કઈ રૂમમાં કોણ ક્યાં છે એ જ ખબર નથી હોતી. ઘર મોટાં થતાં ગયાં પણ દિલ નાનાં થતાં ગયાં ! ચૂલા પર બનેલી ખીચડી સાથે બેસીને ખાવામાં જે આનંદ મળતો એ આજનાં સ્વીગી અને ઝોમેટોમાંથી મંગાવેલા પીઝાં અને બર્ગરમાં ક્યાં ? રોટલી કમાવી એ મોટી વાત નથી પણ પરિવાર સાથે બેસી ખાવી એ મોટી વાત છે.

માનો કે ના માનો, પણ આજે આપણે અન્યએ સ્વીકૃતિની મહોર મારેલી દુનિયામાં જીવીએ છીએ. We live on others approved society. બીજા કહે તો સારા, બીજા કહે તો સુંદર, બીજા કહે તો ધનવાન અને બીજા કહે તો સુખી. પ્રતિસ્પર્ધા અને આડંબરની દુનિયામાં પ્રેમાળ પરિવારની સંવેદના જાણે અજાણે ક્યાંક વિલીન થઈ ગઈ છે. સારું દેખાડવાની હરીફાઈમાં સ્વજનની વ્યાખ્યા જ ભૂલાઈ ગઈ છે!

૪૫૦૦ ફેસબુક ફ્રેન્ડસ અને ૨૫ વોટ્સઅપ ગ્રુપ્સ હોવા છતા અંતે તો માનવી એકલો-અટૂલો અને ડીપ્રેસ જ છે. આવનારી સદીમાં કદાચ

**તંત્રીનોંધ:** વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ વિશે દર મહિને 'દૂત'માં લેખ મોકલવાની જવાબદારી પૂજ્ય ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે. એ સ્વીકારી છે એટલે એક વર્ષ પહેલાં તેઓશ્રી લેખકોને આમંત્રણ પાઠવે છે જેની નકલ 'દૂત' પ્રકાશક / તંત્રીને પણ મોકલે છે. આ મહિને અન્ય બે લેખિકાઓએ અજાણપણે આ હેતુ વિશે લેખ મોકલી આપ્યા છે. જોગાનુજોગ ત્રણેય લેખિકાઓની એક જ વિષય પરની રજૂઆત ભિન્ન હોતાં સ્થાન આપ્યું છે. જો આવતા વર્ષે (ઓગસ્ટ-૨૦૨૦ થી જુલાઈ-૨૦૨૧) હેતુ વિશે લખવાની ઈચ્છા હોય તો ફાધરનો સંપર્ક સાધવા વિનંતી, અન્યથા ફાધરની યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા લેખકના હેતુ વિશેના લેખ પ્રકાશિત કરવા અમે અસમર્થ છીએ. સમજદારી માટે આભાર.

મનુષ્ય માટે સૌથી મોટો પડકાર એક સંવેદનશીલ અને પ્રેમાળ પરિવારનું નિર્માણ કરવાનો અને એને સ્નેહના તાંતણે બાંધી રાખવાનો હશે. એક એવો પરિવાર કે જ્યાં દલીલ, વિવાદ અને ગેપ ઓફ કમ્યુનિકેશનનું સ્થાન સમજણ, સંબંધ, સંપર્ક અને સમર્પણ લે.

બાઈબલમાં પણ પોતાના સંતાનોને સારી કેળવણી અને સંસ્કાર આપવાનો ઉલ્લેખ થયો છે.

'બાળકને કયે રસ્તે ચાલવું તે શીખવશો તો ઘરડો થશે તોય ચાતરશે નહિ.' (સુભાષિતો ૨૨:૬)

'મારા આ શબ્દો તમે તમારા દિલ દિમાંગમાં સંઘરી રાખજો. તમારા હાથે તાવીજ તરીકે બાંધી રાખજો અને તમારા લલાટ પર લલાટિકાની પેઠે ધારણ કરજો. તમારા સંતાનોને શીખવજો, ઘરમાં અને બહાર, સૂતાં અને બેસતાં એનું જ રટણ કરજો.' (અનુસંહિતા ૧૧:૧૮-૧૯)

ઘરશાળાનો સર્વોત્તમ નમૂનો એટલે નાઝરેથનું પવિત્ર કુટુંબ કે જ્યાં મારિયા એક સર્વશ્રેષ્ઠ પત્ની અને ઉત્તમ માનો નમૂનો પૂરો પાડે છે. યોસેફ અને મારિયા સ્વ દ્રષ્ટાંતથી ઈસુને ત્યાગ, સેવા અને સમર્પણનું ઉદાહરણ પૂરું પાડે છે. નમવાનો, ખમવાનો, ઘસાવાનો અને બીજા માટે જીવવાનો પાઠ ઈસુને ઘરમાં મળે છે. લાગણીશીલ અને પ્રેમાળ પરિવારની હૂંફમાં, પિતાના સહવાસમાં અને માતાના આવાસમાં ઉછરેલા ઈસુ ભય નહીં પણ ભરોસો, આગ્રહ નહીં પણ આદર અનુભવે છે. કદાચ એજ ભરોસાએ અને સમજણે તેમને દુનિયાનાં દરેક દુઃખ અને વેદનાને ખમી લેવાનું બળ આપ્યું હશે !

માતાપિતા પોતાનાં સંતાનોને પ્રાર્થના અને પ્રેમાળ જીવનના ઉમદા નમૂનાથી પ્રેમાળ પરિવાર તરફ દોરી શકે છે. પોતાના ઘરને એ એવી શાળા બનાવી શકે કે જ્યાં બાળકોમાં પ્રેમ, કાળજી અને એકતાનો સંચય થાય. જ્યાં પાસ નાપાસનું પરિણામ પત્ર નહીં પણ સાચા અર્થમાં માનવ ઉછેર થાય, જ્યાં સર્વોત્તમ ડીગ્રીનો ખિતાબ નહીં પણ એક સમજદાર માનવીનું ઘડતર થાય. જ્યાં સૂચન નહીં પણ સમજણ હોય, કાયદો નહીં પણ અનુશાસન હોય.

પારિવારિક જીવન પર આધારિત અમેરિકામાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય બેઠકમાં વડાધર્મગુરુ ફ્રાન્સિસ ખૂબ સુંદર રીતે કહે છે કે,'' ઈશ્વર હંમેશા આપણા હૃદયનાં દ્વાર ખટખટાવે છે. એમને એવું કરવું ગમે છે કારણકે એ એમના હૃદયમાંથી નીકળે છે પણ તમને ખબર છે એમને સૌથી વધારે શું ગમે છે? કુટુંબોનાં દરવાજા ખટખટાવવા. એવા કુટુંબના દ્વાર ખખડાવવાનાં અને શોધવાનાં કે જ્યાં પ્રેમ અને એકતા હોય, જ્યાં બાળકોનો યોગ્ય ઉછેર થાય અને એમને સારું શિક્ષણ આપવામાં આવે, એમને સતત આગળ વધવા તથા યથાર્થ, સત્યનિષ્ઠ અને સુંદર સમાજની રચના કરવા મદદ અને પ્રેરણા મળતી રહે. તો ચાલો, આ આહ્‌વાન ઉપાડી લઈએ. પ્રેમાળ અને પ્રાર્થનામય જીવનથી આપણા પરિવારોને માનવ ઉછેરની ઉત્તમ ઘરશાળા બનાવીએ.●

- સિ. નીતા પરમાર *S.Ch.SA* સેવાસી-વડોદરા

# અમારી દીકરી અમારું ગૌરવ





**ઈશ્વરની યોજના અનુસાર ૧૯૮૯-૯૦થી ધર્મસભા અને સમાજને પોતાની અવિરત સેવાઓ સમર્પિત કરનાર વાઘેલા પરિવારની અમારી વહાલી દીકરી સિસ્ટર વર્ષા જોન LDFX જેમણે તેરથી ઓગણીસ વર્ષની ઉંમરના સંતાનોના સંદર્ભમાં 'સાયકો-સેક્સુઅલ પ્રોબ્લમ્સ ઓફ ટીનેજર્સ' વિષય સાથે PhDની પદવી પ્રાપ્ત કરેલ છે તે, બદલ વાઘેલા પરિવાર હાર્દિક અભિનંદન પાઠવી ગૌરવની લાગણી અનુભવે છે. સમાજ અને ધર્મસભાને ગૌરવ અપાવનાર અમારી દીકરીના આધ્યાત્મિક જીવનને ઈશ્વર વધુ ને વધુ આશીર્વાદિત કરે તેવી શુભેચ્છાઓ.**

**રેગીનાબેન જોનભાઈ વાઘેલા તથા**
**સમસ્ત વાઘેલા પરિવાર**

# અભિનંદન





**સુરત સ્થિત સરકારી મેડિકલ મહાવિદ્યાલયમાં સહ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. અશ્વિન એચ. વસાવાએ આદિવાસીઓમાં જોવા મળતી સિકલસેલની બીમારી પર કરેલ સંશોધનને VNSGU એ માન્ય રાખી PhD ની પદવી એનાયત કરી છે. તે બદલ સુરતના વિનોદચંદ્ર ડી. રજવાડી અને કુટુંબીજનો તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. સમગ્ર આદિવાસી સમાજ તેમની આ ઉપલબ્ધિ બદલ ગર્વ અનુભવે છે.**



# સંત જોન મેરી વિયાન્ની

✍ મૉન્સીગ્નોર વી.જી. દાસ



'શું આપણા જમાનામાં પવિત્રતા હજી અર્થવાહી વિષય છે?' આ પ્રશ્નનો જવાબ આપતાં વડાધર્મગુરુ બેનેદિક્ત ૧૬મા કહે છેઃ 'સર્વ સંતોની સાક્ષીઓ પરથી કહી શકાય કે પવિત્રતા હજી શક્ય અને આવશ્યક છે. સંત જોન મેરી વિયાન્નીનો અનુભવ અસરકારક રીતે આ બાબત પ્રમાણિત કરે છે.' આપણા સમયના મહાન સંતોમાંના એક ગણાતા સંત જોન મેરી વિયાન્ની વિશે આ લેખમાં તેમના ત્રણ પાસાં હેઠળ મારા વિચારો રજૂ કરવા ઈચ્છું છું: ૧) ઈસુના હૃદયનો પ્રેમ, ૨) પ્રાયશ્ચિત સંસ્કારના કેદી; અને ૩) આનંદી વિનોદવૃત્તિના સંત. પરંતુ, આ પાસાં રજૂ કરતાં પહેલાં, ટૂંકમાં તેમનો પરિચય આપવો તે અનિવાર્ય છે.

આર્સના સભાપુરોહિત કહેવાતા સંત જૉન મેરી વિયાન્નીનો જન્મ ઈ.સ. ૧૭૮૬ ની મે માસની ૮મી તારીખે ફ્રાન્સના દરદીલ્લી ખાતે થયો. સાત વર્ષના હતા ત્યારે પેરિશમાં ફ્રેન્ચ ક્રાંતિ હેઠળ સરકારના નિયમને આધીન રહેવાની ના પાડનાર સૌ પુરોહિતોની સતામણી કરવામાં આવતી હતી. તે સમયે વિયાન્ની પરિવારે વડાધર્મગુરુના આધિપત્ય હેઠળ ખ્રિસ્તને આધીન રહેવાનો સંકલ્પ કર્યો. આ સંજોગોમાં સંત જૉન મેરી વિયાન્નીના મનમાં પુરોહિત બનવાની ઈચ્છા ખીલી. વીસ વર્ષના થયા ત્યારે, આ ઈચ્છા સંકલ્પમાં પરિણમી; પરંતુ, શાળાકીય કે વિદ્યાપીઠનું શિક્ષણ મેળવેલું ન હોઈ પુરોહિત બનવું તેમના માટે લોઢાના ચણા ચાવવા જેવું હતું. આ બાબતે, સંત જોન મેરી વિયાન્નીએ ૧૮૧૧ની સાલમાં પોતાના સભાપુરોહિત ફાધર બલ્લેની મદદ માંગી, જેમના પ્રોત્સાહન અને ધર્મપ્રાન્તના અધિકારીઓ પાસે તેમના માટે કરેલી ભલામણના કારણે જોન વિયાન્નીને પુરોહિત દીક્ષા માટે અનુમતિ આપવામાં આવી. ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરી ઑગણત્રીસ વર્ષના હતા ત્યારે આગસ્ટની ૧૩મી તારીખે ૧૮૧૫ માં તેમણે પુરોહિત દીક્ષા પ્રાપ્ત કરી.

ઈ.સ. ૧૮૧૮ના ફેબ્રુઆરી મહિનામાં ફાધર જોન મેરી વિયાન્નીની નિમણૂક આર્સ નામના ધર્મવિભાગ ખાતે સભાપુરોહિત તરીકે કરવામાં આવી હતી જ્યાં માત્ર ૨૩૦ વતનીઓ હતા અને જાણે આધ્યાત્મિક જીવનથી તેઓનો છેડો જ છૂટી ગયો હતો. બદલી વખતે ધર્માધ્યક્ષે ફાધર જોન મેરી વિયાન્નીને આવી સલાહ આપી હતી : 'તે ધર્મવિભાગમાં ઈશ્વર પ્રત્યે કંઈ ખાસ પ્રેમ તો નથી, પણ તમે થોડો પ્રેમ સીંચજો.' ફાધર જોન મેરી વિયાન્નીએ પોતાની ગૌવાળિક પ્રવૃત્તિઓ મક્કમ અને ધીરજથી પ્રારંભી. આ પ્રવૃત્તિઓ તેમના માટે પડકારરૂપ અને પીડાદાયક રહી એમ કહી શકાય. ધીમે ધીમે તેમની કીર્તિ આજુબાજુના ધર્મવિભાગોમાં પણ ફેલાઈ અને લોકો તેમને મળવા અને સાંભળવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા. ફાધર જોન મેરી વિયાન્ની લોકોના હૃદયમાં ઈશ્વરપ્રેમ પ્રગટાવવામાં સફળ થયા. ૧૮૫૯, ઓગસ્ટની ૪ થી તારીખે ઈશ્વર પિતાએ તેમને પોતાના ધામે બોલાવી લીધા. ૧૯૨૫, મે મહિનાની ૩૧મી તારીખે તેમને સંત તરીકે, ૧૯૨૯ તેમને સભાપુરોહિતના રક્ષક સંત તરીકે અને ૨૦૦૯ સાલમાં તેમને સર્વ પુરોહિતોના રક્ષક સંત તરીકે જાહેર કરવામાં આવ્યા. ધર્મસભા ૪ ઓગસ્ટના રોજ સંત જોન મેરી વિયાન્નીનો તહેવાર ઉજવે છે.

**૧. ઈસુના હૃદયનો પ્રેમ :** પુરોહિતપણા વિશે સંત જોન મેરી વિયાન્નીએ કહ્યું, 'પુરોહિતપણું ઈસુના હૃદયનો પ્રેમ છે.' નમ્ર રહીને તથા પોતાનું પુરોહિતપણું લોકો માટે એક મહાન ભેટ હતી, તેની સભાનતા કેળવીને તેમણે કહ્યું, 'સાચો ગોવાળ-પુરોહિત, ઈશ્વરના હૃદય અનુસાર ચાલનાર છે, તે કોઈ ધર્મવિભાગ માટે ઈશ્વર તરફથી મળી શકે એવો એક મહાન ભંડાર છે, તે દૈવી કૃપાની સૌથી વધુ કીમતી ભેટોમાંની એક છે.' સંત જોન મેરી વિયાન્ની માટે પુરોહિતપણાની ભેટની મહાનતા અને પુરોહિતને સોંપવામાં આવેલી જવાબદારી એ બંને સમજી ન શકાય એવી બે વસ્તુઓ હતી. તેથી તેમણે કહ્યું : 'પુરોહિત કેટલા મહાન છે ! જો આ મહાનતા તેઓ સમજે તો, જીવન જીવવા મરણિયો જંગ ખેડશે, ભયથી નહિ, પ્રેમથી... ઈશ્વર પણ તેમને આજ્ઞાકારી છે : તે બે શબ્દો ઉચ્ચારે છે અને આપણા પ્રભુ ગગનમાંથી ઉતરે છે અને એક નાની રોટલીમાં પોતાની જાતને પૂરી દે છે.'

શ્રદ્ધાળુઓને સંસ્કારોનું મહત્ત્વ સમજાવતાં તેમણે કહ્યું :

'જો પુરોહિત દીક્ષા ન હોત તો, આપણી પાસે પ્રભુ ન હોત.

ખ્રિસ્તપ્રસાદ મંજૂષામાં પ્રભુનું જતન કોણે કર્યું ?' પુરોહિતે. આપણા આત્માએ જીવનમાં પ્રવેશ કર્યો, ત્યારે કોણે તેને આવકાર્યો ? પુરોહિતે,

આત્મા પૃથ્વી પરની યાત્રા પૂરી કરે તે માટે કોણે તેને શક્તિ અને પોષણ પીરસ્યું ? પુરોહિતે,

ઈશ્વર સમક્ષ આપણો આત્મા હાજર થઈ શકે તે માટે છેલ્લી વાર કોણે તેને ખ્રિસ્તના લોહીમાં શુદ્ધ કર્યો ? પુરોહિતે.

પુરોહિત એ હંમેશા પુરોહિત છે. ઈશ્વર પછી આવે છે પુરોહિત.

સંત જોન મેરી વિયાન્નીની આ શિખામણ ઉપર મનનચિંતન કરતાં વડાધર્મગુરુ બેનેદિક્ત ૧૬મા કહે છે : 'સંત સભાપુરોહિતના પુરોહિતીય હૃદયમાં પેદા થયેલા આ વિચારો કદાચ અતિશયોક્તિરૂપ લાગી શકે છે પરંતુ, તેનામાં પુરોહિતપદ સંસ્કાર પ્રત્યે તેમણે ધરાવેલું ઊંચું માન પ્રગટ થાય છે.' વધુમાં પુરોહિતપણા વિશે સંત જોન મેરી વિયાન્નીએ કહ્યું : 'સ્વર્ગીય ભંડારની ચાવી પુરોહિત પાસે છે, તે ખોલનાર પુરોહિત છે અને તે જ ભલા ઈશ્વરના વહીવટદાર છે.'

સંત જોન મેરી વિયાન્ની હજારો ને હજારો લોકોના હૃદયમાં પરિવર્તન લાવી શક્યા કેમ કે તેઓ એક પુરોહિત તરીકે લોકોને પ્રભુના દયામય પ્રેમનો અનુભવ કરાવી શક્યા. પોતે ધારણ કરેલ 'જીવનની નવી

શૈલીને' સંપૂર્ણ સમર્પિત રહેવું એ જ તેમના પુરોહિતીય જીવનનો સિદ્ધાંત હતો. સંત જોન મેરી વિયાન્ની એક તપસ્વી(ascetic) કે સંન્યાસી (religious) નહોતા, પણ એક ધર્મપ્રાન્તીય પુરોહિત હતા. છતાં પણ, તેમનામાં તપસ્વી કે સંન્યાસીઓના જીવન માટે આવશ્યક એવી ત્રણે શુભસંદેશીય સલાહ - બ્રહ્મચર્ય, અપરિગ્રહતા અને આજ્ઞાપાલન - સાથે એક સંન્યાસીનું જીવન જોઈ શકાય છે. ધર્મપ્રાન્તીય પુરોહિતો આવી શુભસંદેશીય સલાહોથી બંધાયેલા ન હોવા છતાં, તેઓના જીવનમાં પણ એ આવશ્યક છે. આર્સના સભાપુરોહિત આ શુભસંદેશીય સલાહો પોતાના પુરોહિત મોભાને બંધબેસે તેવી રીતે જીવનમાં ઉતારતા. તેમનું બ્રહ્મચર્ય પુરોહિતની ધર્મકાર્યસેવા માંગી લે તે પ્રમાણેનું હતું. તેમનું જીવન દરરોજ ખ્રિસ્તપ્રસાદને સ્પર્શનારી, તેના ઉપર આનંદપૂર્વક મનનચિંતન કરનારી અને એ જ આનંદ શ્રદ્ધાળુઓને પીરસનારી વ્યક્તિને શોભે તેવું હતું. તેમના વિશે લખાયું છે કે 'તે બ્રહ્મચર્યથી ઝળહળતા હતા.' જ્યારે જ્યારે તે ખ્રિસ્તપ્રસાદ મંજૂષા તરફ પ્રેમાળ આંખોથી નિહાળતા, ત્યારે ત્યારે લોકો તેમનું બ્રહ્મચર્ય જોઈ શકતા. તેમની અપરિગ્રહતા પણ સંન્યાસીઓની હતી, પણ એક પુરોહિતની હતી. પૈસાનો વહીવટ કરતાં (તેમના પ્રીતિકાર્યોમાં મદદરૂપ બનતાં યાત્રાળુઓ તરફથી ખૂબ જ દાન મળતું હતું), તે સંપૂર્ણ ખ્યાલ રાખતા હતા કે તે બધું ધર્મસભા, ગરીબો, અનાથો અને તેમના અનાથાશ્રમની છોકરીઓ તથા ગરીબ કુટુંબો માટે દાનમાં મળેલું હતું. પરિણામરૂપે, સંત જોન મેરી વિયાન્ની બીજાઓને આપવામાં ધનવાન હતા અને પોતાને આપવામાં ગરીબ હતા.

તેમણે કહ્યું : 'મારું રહસ્ય સાદું છે : સર્વસ્વ આપી દેવું, કશું રાખવું નહિ.' જ્યારે તેમની પાસે કશું નહોતું ત્યારે તેમનું બારણું ખખડાવનારાં ગરીબોને સ્નેહાળપણે તેઓ કહેતા : 'આજે હું પણ તમારા જેવો ગરીબ છું, હું પણ તમારામાંનો જ એક છું.' જીવનના અંતે તે સંપૂર્ણ શાંતિથી કહી શક્યા : 'મારી પાસે હવે કશું જ નથી. જ્યારે ઈચ્છે ત્યારે ભલા પ્રભુ મને બોલાવી શકે છે.'

છેલ્લે, સંત જોન મેરી વિયાન્નીનું આજ્ઞાપાલન તેમના રોજિંદી ધર્મકાર્યસેવાને છાજે તેવું હતું. આપણે જાણીએ છીએ કે સભાપુરોહિતની જવાબદારી સંભાળવા માટે તેમનામાં યોગ્યતા ન હતી એવા વિચારથી તેઓ પીડિત હતા. કેવળ આજ્ઞાપાલન અને આત્માઓની તરસ આ બન્ને તત્ત્વે તેમને આર્સમાં રહેવાની ખાતરી આપી. જીવનનાં છેલ્લાં વર્ષો સુધી આ જવાબદારીમાંથી તેમને મુક્ત કરવામાં આવશે એવી આશાએ જીવતા હતા. ઘણી વખત તેમણે એવો પણ વિચાર કર્યો કે સભાપુરોહિત તરીકે નિમણૂક કરતાં પહેલાં તેમની આવડતોનું મૂલ્યાંકન કરવામાં ધર્માધ્યક્ષે ભૂલ કરી હતી. તેથી, ધર્મવિભાગમાંથી નાસી જઈ પોતાનાં પાપો માટે રડવા માટે ધર્માધ્યક્ષની પરવાનગી મેળવવાનો તેમણે ત્રણ વાર રાત્રિના સમયે પ્રયત્ન પણ કર્યો હતો. પોતાના વિશે તેમણે કહ્યું : 'સર્વ પુરોહિતોમાં હું જ સૌથી અણસમજુ અને તુચ્છ છું. ધર્મપ્રાંતમાં મારા કરતાં વધારે અણસમજુ એવા એક પુરોહિત હોત તો, ઈશ્વરે તેમને પસંદ કર્યા હોત.' પોતાનાં શ્રદ્ધાળુઓને તેમણે શીખવ્યું : 'ઈશ્વરની સેવા કરવાના બે માર્ગ નથી, પરંતુ તેની ઈચ્છા પ્રમાણે તેની સેવા કરવી એ જ એક માર્ગ છે.' આજ્ઞાપાલનવાળા જીવન માટે તેમના માનવા પ્રમાણે આ છે સોનેરી નિયમ : 'ભલા પ્રભુને જે વસ્તુ આપી શકાય છે, કેવળ તે આપો.'

**૨. પ્રાયશ્ચિત સંસ્કારના કેદી :** ધર્મસભાની પાંચ આજ્ઞાઓ પૈકી બીજી આજ્ઞા ફરમાવે છે : 'વર્ષમાં ઓછામાં ઓછું એક વાર તારાં પોતાનાં પાપો બદલ પ્રાયશ્ચિત કર.' (કેથોલિક ધર્મસભાની ધર્મશાસ્ત્રસંહિતા, સં. ૨૦૪૨). જે વ્યક્તિ આ આજ્ઞા અનુસાર વર્ષમાં એક વખત પણ પ્રાયશ્ચિત ન કરતી હોય તે લઘુત્તમ ધોરણે કેથલિક સુદ્ધાં નથી એમ કહી શકાય. ઘણા ખ્રિસ્તી શ્રદ્ધાળુઓની દૃષ્ટિએ પ્રાયશ્ચિત સંસ્કારનું એટલું બધું મહત્ત્વ નથી. ભારતમાં કેટલીક સ્થાનિક ધર્મસભાઓમાં એવું જોવા મળે છે કે લગભગ સર્વ શ્રદ્ધાળુઓ ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કરે છે, પરંતુ પ્રાયશ્ચિત કરવા ભાગ્યે જ કોઈ જાય છે ! સદ્નસીબે, સર્વત્ર એવું નથી. ઈટાલી, પોલંદ, યુ.એસ.એ. જેવા દેશોમાં હજુ લોકો મોટી સંખ્યામાં પ્રાયશ્ચિત કરવા જાય છે. ઈટાલીમાં મોટા ભાગના ધર્મવિભાગોમાં સભાપુરોહિતો આ સંસ્કાર માટે ખાસ કરીને ખ્રિસ્તજયંતી તથા પાસ્ખા પર્વે શ્રદ્ધાળુઓને તૈયાર કરે છે. શ્રદ્ધાળુઓની મોટી સંખ્યા દર્શાવે છે કે ખ્રિસ્ત ઉપરની શ્રદ્ધા હજુ કેટલી છે ! ઉપરોક્ત ઉલ્લેખાયેલા પર્વના પૂર્વે દસ દિવસો અથવા એક અઠવાડિયાથી દરેક ધર્મવિભાગમાં ત્રણ અથવા ચાર પાપ-શ્રવણક પુરોહિતો દિવસના આઠ કલાકથી વધારે પ્રાયશ્ચિત સાંભળે છે. એમ હોવા છતાં, ઈટાલી દેશમાં પ્રાયશ્ચિત કરનારાં ધર્મજનોની ટકાવારી માત્ર ૬૪.૪ ટકા છે (જુઓ Toscana Oggi, ૧ લી મે ૨૦૧૯). આપણા દેશમાં આવું દૃશ્ય તો જોવા મળતું જ નથી. તેથી અહીંની ટકાવારી કેટલી હશે તેની કલ્પના કરી શકાય.

સંત જોન મેરી વિયાન્નીનું જીવન અને પ્રાયશ્ચિત સંસ્કાર બન્ને અભિન્ન બાબતો છે. ખરેખર તો, તેમની મોટા ભાગની શિખામણ પ્રાયશ્ચિત સંસ્કારમાંથી આવે છે અને તે પ્રાયશ્ચિત સંસ્કારને સંબંધી છે. તેમના જીવનમાં આ સંસ્કાર એટલો બધો પ્રભાવિત હતો કે સંત યોહાન પાઉલ બીજાએ કહ્યું કે, 'જોન મેરી વિયાન્નીએ પોતાની જાતને પ્રાયશ્ચિત સંસ્કારના કેદી બનાવી દીધા હતા. વડાધર્મગુરુના આમ કહેવા પાછળનાં બે કારણો છે. ૧. આ સંતે પ્રાયશ્ચિત સાંભળવા માટે પોતાની જાતને સંપૂર્ણ ન્યોછાવર કરી દીધી હતી અને ૨. પ્રાયશ્ચિત સંસ્કાર પ્રત્યે તેમને એવી શ્રદ્ધા હતી કે 'માફી માટે ઈશ્વર પાસે આવનાર પશ્ચાતાપી પાપી નથી, પણ ઈશ્વર પોતે પાપી પાછળ દોડે છે અને પોતાના તરફ તેને વાળે છે.'

સંત જોન મેરી વિયાન્નીએ કહ્યું : 'અમે સભાપુરોહિતો માટે નિદ્રામાં પોઢી ગયેલ આત્માઓને જાગતા કરવા તે એક પડકારરૂપ છે.' ઊંઘી ગયેલા આત્માઓ એટલે પાપની પરિસ્થિતિમાં રહેનાર પુરોહિત પોતે અને પાપ તરફ ઉદાસીન રહીને ખતરામાં આવી પડેલા શ્રદ્ધાળુઓ. ઊંઘી ગયેલા આત્માઓને જાગતા કરવા માટે દરેક ધર્મગોવાળના પુરોહિતીય આત્મા જાગતો રહે તે આવશ્યક છે. આથી સંતે પોતાની કાયાને જાગૃત અને ઉપવાસના ઝૂંસરે જોડીને પોતાના પુરોહિતીય આત્માને કાયાની માયાથી અળખામણા કરી નાખ્યા હતા.

દુનિયાનાં પાપો માટે પ્રભુ ઈસુએ આપેલી કિંમત પોતાનો પ્રાણ હોય તો, પ્રાયશ્ચિત સંસ્કાર દ્વારા માફી મેળવવા માટે આપવી જોઈએ એવી કિંમત પાંચ કે દસ વાર 'પ્રણામ મારિયા' અથવા 'હે અમારા બાપ' બોલવું પર્યાપ્ત હોઈ ન શકે. પાપની માફી માટે પાપી તરફથી કોઈ પણ તપ કંઈ જ વિસાતમાં નથી. તેથી, પાપ-શ્રવણક પુરોહિત પણ

પશ્ચાતાપી સાથે તપ કરી પસ્તાવો કરનાર પાપીને વહારે જાય તે યોગ્ય છે. તેથી, સંત જોન વિયાન્નીએ કહ્યું : 'આત્માઓની કિંમત ઈસુનું લોહી છે; પરિણામરૂપે, કોઈ પુરોહિત મુક્તિની સર્વોચ્ચ કિંમતમાં વ્યક્તિગત રીતે ભાગ લેવાની ના પાડે તો, તે આત્માઓની મુક્તિ માટે પોતાના જાતને સમર્પિત કરી ન શકે.' તેથી, તે પોતાની સંભાળ હેઠળ સોંપવામાં આવેલા આત્માઓના હિત માટે અને પ્રાયશ્ચિતમાં સાંભળેલાં પાપોના પાપશોધન માટે પોતાની જાતને ન્યોછાવર કરવા હંમેશા તત્પર હતા. સંતે કહ્યું, 'મારો નુસખો તમને કહીશ, હું તેઓને(પશ્ચાતાપીઓને) એક હળવું તપ આપીશ અને તેમને બદલે હું ભારે તપ કરીશ.' બીજે કહ્યું, 'જો પાપી આત્માઓને આવવું હોય તો, તપ કરવાની જવાબદારી હું મારા ખભે ઉપાડી લઈશ.'

સંત જોન મેરી વિયાન્નીના જમાનામાં ફ્રાન્સ દેશમાં પ્રાયશ્ચિત કરવું ખૂબ જ અઘરું હતું અને વારંવાર પ્રાયશ્ચિત કરવું એ તો એક પ્રશ્નાર્થ હતો ! કેમકે, ફ્રેન્ચ ક્રાંતિએ ઘણા સમયથી ધાર્મિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ, સંત જોન મેરી વિયાન્ની પોતાના બોધ તથા વ્યક્તિગત સલાહ વડે પોતાના ધર્મવિભાગના વતનીઓને પ્રાયશ્ચિત સંસ્કારની સુંદરતા અંગે સમજાવવાનો પ્રયત્ન કરતા. પ્રાયશ્ચિત સંસ્કારના કારણે તેમની પવિત્રતાની કીર્તિ ૧૮૨૭ સાલથી ફેલાવવા માંડી હતી. 'પ્રાયશ્ચિતાશનની શહીદી'ની શરૂઆતના આંકડે પંદરથી વીસ પશ્ચાતાપીઓ અને પછી તો મોટી સંખ્યામાં પશ્ચાતાપીઓનો ઉભરો - ૧૮૩૪ ની સાલમાં ૩૦૦૦૦, જીવનનાં છેલ્લાં વર્ષોમાં ૮૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ પશ્ચાતાપીઓ !

આવી મોટી સંખ્યામાં આર્સ આવતાં થયેલાં યાત્રાળુઓ માટે સરકારને લિયોન શહેરથી નિયમિતપણે જાહેર પરિવહનની વ્યવસ્થા કરવી પડી. લિયોન રેલવે સ્ટેશનમાં તો આર્સ આવવા જવા માટેની ટિકિટ બારી ખોલવી પડી. દરેક પશ્ચાતાપીને પ્રાયશ્ચિત કરવા માટે પોતાના વારા માટે એક અઠવાડિયા સુધી રાહ જોવી પડતી હતી. તેથી, આઠ દિવસ માન્યતા ધરાવતી નવી એક ટિકિટની પણ વ્યવસ્થા કરવી પડી હતી !

તેમના છેલ્લા જીવનકાળ દરમ્યાન ૧૬ થી ૧૭ કલાક સુધી પ્રાયશ્ચિતાશનમાં બેસતા, મોસમના સારા દિવસોમાં એક-બે વાગે અને ખરાબ દિવસોમાં સવારના ચાર વાગે પ્રાયશ્ચિત સાંભળવાની શરૂઆત કરતા. આર્સ ધર્મવિભાગ આવી રીતે 'આત્માઓનું એક મોટું દવાખાનું' બની ગયું. કેવળ ખ્રિસ્તયજ્ઞ, નિત્યવંદના, ધર્મશિક્ષણ, ધર્મવિભાગનાં શ્રદ્ધાળુઓની મુલાકાત અને થોડી મિનિટના જલદી ભોજન માટે પ્રાયશ્ચિતાસનમાંથી તેઓ દૂર થતા. એક વાર તેમને પૂછવામાં આવ્યું : 'કેવી રીતે આવી કડકડતી ઠંડીમાં પણ લાંબા સમય સુધી પ્રાયશ્ચિતાસનમાં બેસી શકો છો ?' તેમણે જવાબમાં કીધું : 'સર્વ સંતોના પર્વથી પાસ્ખાપર્વ સુધી મારે પગ છે એમ મને લાગતું પણ નથી.' વધુમાં તેમણે કહ્યું : 'મારી યાતના, ઠંડી કરતાં વધારે પાપોનો સામનો કરવામાંથી આવે છે.'

સંત જોન મેરી વિયાન્ની પાસેથી પ્રાયશ્ચિત સંસ્કાર પ્રત્યેની આપણે દાખવવી જોઈએ એવી કેવળ શ્રદ્ધા નથી પરંતુ આ સંસ્કારની અંદર થતી એવી 'મુક્તિની સંવાદ'ની પદ્ધતિ અંગે પણ આપણે શીખી શકીએ છીએ. તેમણે પશ્ચાતાપી પાપીઓને સાંભળ્યા, તેઓમાં એક ખુલ્લું પુસ્તક વાંચ્યું અને તેઓને ઈશ્વર પ્રત્યે વાળ્યાં. પશ્ચાતાપીઓની મોટી સંખ્યાને કારણે, તેમની પાસે ભાગ્યે જ થોડો સમય તેઓને સાંભળવા માટે હતો. જીવનના અંતિમ દિવસોમાં, તેમના અવાજની માત્રા ઘટી ગઈ હોવાથી પશ્ચાતાપીઓને તેમના શબ્દો માંડ માંડ સંભળાતા, છતાં આંતરિક સંતોષનું ભાથું દરેકને પીરસાઈ જતું. તેમ છતાં, પશ્ચાતાપીઓ તેમના પ્રાયશ્ચિતાશનમાંથી સંતોષ થઈને પાછાં ફરતાં. સંત જોન મેરી વિયાન્ની પાસે પ્રાયશ્ચિત માટે આવેલાં ઘણાં બધાંએ સાક્ષી પૂરી છે કે તે લોકોને ઓળખતા ન હોવા છતાં તેઓનું સર્વકાંઈ જાણતા હતા. પ્રાયશ્ચિત દરમ્યાન પાપી વ્યક્તિએ રજૂ ન કરેલાં હોય એવાં પાપો ઉપર પણ ચોકસાઈપૂર્વક વાત કરીને વ્યક્તિને સુધારતા.

પોતાની પાસે આવેલા પશ્ચાતાપીઓને તેઓ ત્રણ પ્રકારમાં વહેંચતા અને તે અનુસાર તેઓની સાથે સંવાદ કરતા : ૧. પ્રથમ પ્રકારનાં પશ્ચાતાપીઓ એટલે ઈશ્વરની માફીની આવશ્યકતાથી આકર્ષાયેલી વ્યક્તિઓ. આવા લોકોને સંત જોન મેરી વિયાન્ની પાસેથી પ્રોત્સાહનના શબ્દો અને 'દૈવી દયાનું ઝરણું' મળ્યાં. જેઓ પોતાનાં નબળાઈ, ચંચળતા તેમ જ ફરીથી પાપમાં પડવાના ભયથી પીડાતાં હતાં તેઓને તેમણે કહ્યું : 'ભલા ઈશ્વર બધું જાણે છે. પ્રાયશ્ચિત કર્યા પછી તમે ફરીથી પાપ કરશો તે જાણતા હોવા છતાં તે તમને માફી બક્ષે છે. કેવળ આપણને માફ કરવા ખાતર આપણાં પાપો સ્વેચ્છાએ ભૂલી જનાર ઈશ્વરનો પ્રેમ કેટલો મહાન છે !' ૨. બીજા પ્રકારના પશ્ચાતાપીઓ એટલે અધકચરું અથવા ઉદાસીન વલણ રાખીને આવેલી વ્યક્તિઓ. આવા લોકોનું પ્રાયશ્ચિત સાંભળીને તે રડી પડતા અને તેઓને કહેતા : 'મિત્ર, હું રડું છું કેમ કે તું રડતો નથી.' આવા લોકોનાં પાપોને કારણે ઈશ્વર કેટલું દુઃખ વેઠે છે તે સમજાવીને તેઓના હૃદયમાં પસ્તાવો પેદા કરતા; અને ૩. ત્રીજા પ્રકારનાં પશ્ચાતાપીઓ એટલે જેઓ વધુ ઊંડા આધ્યાત્મિક જીવનની ઈચ્છા દાખવતા અને તે માટે સમર્થ ઈશ્વર સાથે જીવવાની સુંદરતા અંગે સમજાવીને તેઓને કહેતા : 'બધું ઈશ્વરની આંખો સમક્ષ છે, બધું ઈશ્વર સાથે છે, બધું ઈશ્વરને આનંદ આપે છે... કેવું સુંદર છે !'

**૩. આનંદી વિનોદવૃત્તિના સંત :** દરેક પુરોહિતમાં આનંદી વિનોદ વૃત્તિ ખૂબ જ આવશ્યક એવો એક સદ્‌ગુણ છે. આનંદ સ્વરૂપ ઈશ્વરનો અનુભવ લોકોને કરાવવા માટે આ સદ્‌ગુણ આવશ્યક છે. એનો અર્થ એ નથી કે દરેક પુરોહિતે હાસ્ય કલાકાર બનવાનું છે. સંત જોન મેરી વિયાન્નીને એક લઘુત્તમ ધારાધોરણ પ્રમાણે પણ હાસ્ય કલાકાર નહતા. છતાં પણ, તેમની પાસે એક અનોખી આનંદી વિનોદવૃત્તિ હતી.

**અ.** એક વાર એક ફાંદવાળી સ્ત્રીએ સંતને પૂછ્યું : 'ફાધર, સ્વર્ગ પહોંચવા માટે મારે શું કરવું જોઈએ.' સંતે જવાબમાં તરત જ કહ્યું : 'બહેન, તમારે ત્રણ તપઋતુનું પાલન કરવું જોઈએ.'

બીજા એક દિવસે ગોળમટોળ માણસે સંતને કહ્યું : 'જ્યારે ઈશ્વર તમને સ્વર્ગે બોલાવશે, ત્યારે તમારો ઝભ્ભો પકડી રાખીને હું પણ અંદર ઘુસી જઈશ.' આ માણસને સંતે કહ્યું : 'એવું ન કરીશ. કેમ કે સ્વર્ગનો દરવાજો એકદમ સાંકડો છે. એમાં આપણે બંને એક સાથે ઘુસવાનો પ્રયત્ન કરીશું તો ફસાઈ જઈશું.'

આ બંને કિસ્સાઓમાંથી આ બેઉ વ્યક્તિઓને આ શીખવા મળ્યું કે ઈશ્વરના ભોજનસમારંભમાં ભાગ્યશાળી બનવું હોય તો, પૃથ્વી પર દરરોજ મોજમજા માણી ન શકાય.

**આ.** ઘણા મહિનાથી એક બાઈ સંત જોન મેરી વિયાન્ની તેમને પુરોહિત નિવાસમાં જમવા માટે આમંત્રણ આપે એવો આગ્રહ કરતાં હતાં. આવી વિનંતી પાછળ બાઈનો સભાપુરોહિતની ખાસ આત્મીય બનવાનો હેતુ હતો તે સંતને ખબર પડી ગઈ. પ્રતિદિન કામમાં રચ્યાપચ્યા રહેતા સંત તે બાઈની વિનંતીને નકારતા રહ્યા. પરંતુ બાઈ હઠીલી હતી, તેનો આગ્રહ ચાલુ જ રહ્યો. આખરે, સંતે વિનંતી માન્ય રાખી અને પેલી બાઈને ક્યારેય ન ભૂલી જઈ શકે એવું ભોજન આપવાનું નક્કી કર્યું. મહેમાન બાઈ ભોજનના મેજ પર બેઠી અને સંત ભોજન પીરસવા લાગ્યા. સંત અમુક ભીખારીઓને નિયમિત રીતે પોતાની રોટી આપીને તેઓને પાસેથી જે કંઈ વાસી રોટી હોય તે પોતાને માટે લાવતા હતા, એવી એક રોટી સંતે મેજ પર મૂકી. પીણાંને બદલે ઈશ્વર તરફથી મળેલું પાણી મૂક્યું. વાતચીતના બદલે, સંત જોન મેરી વિયાન્ની અમુક સંતોના ચરિત્રનાં પુસ્તકો લાવી પેલી બાઈ પાસે વંચાવ્યા. ભોજન પૂરું થયું. ત્યારબાદ, બીજી કોઈપણ સ્ત્રીએ સંતના ત્યાં જમવાની ઈચ્છા દર્શાવી નહિ.

**ઇ.** આર્સમાં એક સ્ત્રી લોકોને અમુક વાર્તાઓ ફરીથી સંભળાવીને કંટાળો ચડાવતી હતી. એક દિવસે તે વાર્તા ચાલુ કરવાની તૈયારીમાં હતી ત્યારે સંતે તેને પૂછ્યું : 'બેટા, વર્ષના કયા મહિનામાં તું સૌથી ઓછું બોલે છે ?' આ પ્રશ્ન સાંભળી તે વિચારમાં પડી. એટલામાં સંતે કહ્યું : 'તે ફેબ્રુઆરી મહિનો હોવો જોઈએ કેમ કે તેમાં અન્ય મહિના કરતાં ત્રણ દિવસ ઓછા હોય છે.'

**ઈ.** એકવાર બીજાં એક બહેને સંત સાથે પ્રાયશ્ચિતાશનની બહાર આધ્યાત્મિક વાત કરવા સમય માંગ્યો. તેમણે સંતને કહ્યું : 'ફાધર, તમને જોવા હું પાંચસો કિલોમીટર દૂરથી મુસાફરી કરીને આવી છું.' સંતે કહ્યું : 'તમે તો ખાલી ખોટી તકલીફ ઉપાડી છે.' બહેને વાત ચાલુ રાખી અને સંતને કીધું : 'હું તમને હજુ પણ મળી શકી નહિ.' સંતે કીધું : 'ચિંતા ન કર, બેટા, તેનાથી તેં કશું ગુમાવ્યું તો નથી.' બહેને કહ્યું : 'ફાધર, એક જ શબ્દ કહેવા માટે સમય આપો.' સંતે કહ્યું : 'બેટા, અત્યાર સુધી તો તેં વીસએક શબ્દ બોલી નાખ્યા છે!'

સંત જોન મેરી વિયાન્નીના જીવન ઉપર વધુ ઊંડાણમાં વિચાર કરીએ તો એક ભાથું આપણને સ્પષ્ટ મળે છે કે લોકોને ઈશ્વર તરફ વાળવા કરવી પડતી અવનવી પ્રવૃત્તિઓ અને યુક્તિઓ ઘણીવાર લોકોને આકર્ષતી નથી. આ આધુનિક દુનિયામાં, પુરોહિતોને સોંપવામાં આવેલી જવાબદારીઓથી તેઓ વિચલિત થઈ શકે છે. તેથી, સંત જોન મેરી વિયાનીની જેમ લોકોને ઈશ્વર તરફ વાળવા દરેક પુરોહિતે પોતાને મળેલ તેડા અંગે સભાન રહેવું અને તેના પ્રત્યે સૌથી ઊંચો આદર રાખવો આવશ્યક છે - 'ઈસુએ પોતાના અંતેવાસીઓ થવા માટે તેઓને બોલાવ્યા છે.'●


વેટિકનમાં વડાધર્મગુરુના સીધા માર્ગદર્શનમાં નવ મહામંડળ કાર્યરત છે, જેમાંથી 'ધર્મ સિદ્ધાંત મંડળ' ના પદાધિકારી ફાધર વી.જી. દાસ છે, વડાધર્મગુરુએ તેઓશ્રીને મોન્સીગ્નોરની પદવી આપી છે. જેઓ હાલમાં રોમમાં રહીને 'કેનન લો'નો ગુજરાતી અનુવાદ કરી રહ્યા છે.
સંપર્ક : E-mail : frvgdhas@gmail.com



## જન્મ દિનની શુભેચ્છા

**બાળક પ્રભુની આપેલ અમૂલ્ય ભેટ છે**

**રોય**



**લેવિસ** **લુઈસ**

**જન્મ તારીખ : ૨૩-૦૮-૧૩**

**લિ. સ્વ. રોય લુઈસ વિલ્યમ**

**વટવા**



## પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૨૨મી યાત્રા

| | દેશો | સમય | દિવસ | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | ઈજીપ્ત, ઈઝરાયેલ, પેલેસ્ટાઈન જોર્ડન, દુબઈ | ઓક્ટોબર ૨૦૧૯ | ૧૪ | રૂા. ૧,૩૦,૦૦૦ |
| ૨. | ઈજીપ્ત, ઈઝરાયેલ, જોર્ડન | સપ્ટેમ્બર ૨૦૧૯ | ૧૧ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૩. | સીંગાપોર, મલેશિયા, થાઈલેન્ડ | નવેમ્બર ૨૦૧૯ | ૧૦ | રૂા. ૧,૦૫,૦૦૦ |



**: સંપર્ક :**

**કોકિલાબેન આલ્ફોન્સ પરમાર**
મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪

**શિલ્પાબેન સંદિપકુમાર મેકવાન**
મો. ૯૪૦૯૧ ૫૪૨૬૨
મો. ૯૪૨૭૬ ૪૨૧૬૨

**રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.**
મો. ૯૪૦૮૬ ૬૭૧૭૮



# 'ફ્રેન્ડશિપ ડે'

✍ વિમલકુમાર જોસફભાઈ પરમાર 'પારિજાત'




સાંપ્રત વિશ્વ, ઘણા પડકારો, સમસ્યાઓ અને વિઘાતક પરિબળોનો સામનો કરી રહ્યું છે. ગરીબી, હિંસા અને માનવ અધિકાર ભંગ જેવી બાબતો શાંતિ, સલામતી, વિકાસ અને સામાજિક સુમેળનો સર્વનાશ કરવાને આરે છે ! આ કટોકટીમાંથી બહાર આવવા માટે તેના મૂળમાં ગંભીર પ્રયાસ કરવો અનિવાર્ય છે. માનવ પરસ્પરાવલંબનની ભાવનાને ઉત્તેજન-પ્રોત્સાહન આપવા સરળ ઉપાય છે, મૈત્રી; જે અરસપરસ વિશ્વસનીયતા પેદા કરે છે, ટકાવી રાખે છે, એકતાનો પાદુર્ભાવ કરે છે અને બહેત્તર સમાજ-વિશ્વની રચના કરે છે. આવા જ ઉમદા ઉદ્દેશને લઈને સંયુક્ત રાષ્ટ્રસંઘે એપ્રિલ-૨૦૧૧માં 'ઈન્ટરનેશનલ ફ્રેન્ડશિપ ડે'ની પ્રત્યેક વર્ષ ૩૦ જુલાઈના રોજ ઉજવણી કરવા વિધિવત ઘોષણા કરી હતી; તેમ છતાં મોટાભાગનાં રાષ્ટ્રો ઓગસ્ટના પ્રથમ રવિવારે 'ફ્રેન્ડશિપ ડે'ની ઉજવણી કરે છે.

'ફ્રેન્ડશિપ ડે' - મિત્રતાના દિવસની ઉજવણીની વાત કરીએ એટલે મિત્રતાની પરિભાષા સમજવી જરૂરી છે. જીવનમાં ડગલે ને પગલે સાથ નિભાવતો હોય તેને મિત્ર કહી શકીએ. હમણાં હમણાં વૉટ્સએપ પર એક સંદેશ વાંચવા મળે છે : 'ગમે તેવી પરિસ્થિતિમાં પણ તમારા પડખે ઊભો રહે અને કહે કે... 'બધું જ બરાબર થઈ જશે' એનું નામ મિત્ર.'

છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણે ત્યાં પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરમાં ફેબ્રુઆરીમાં 'વેલેન્ટાઈન ડે' અને ઓગસ્ટમાં 'ફ્રેન્ડશિપ ડે'ની ઉજવણી કરવામાં આવે છે. પણ મિત્રતાનો મહિમા તો આપણી સંસ્કૃતિમાં ભગવાન કૃષ્ણ અને સુદામાના કાળથી જોવા મળે છે, તેમની મૈત્રી તો આજે પણ મિત્ર અને મિત્રતાના પર્યાય જેવી બની ગઈ છે, હિન્દુઓના પૌરાણિક ગ્રંથ 'મહાભારત'માં ભગવાન શ્રીકૃષ્ણએ મૈત્રીના ઘણા રંગ દર્શાવ્યા છે, જેમકે આકર્ષણ, રોમાંચ, ભાતૃત્વ, રક્ષા, માર્ગદર્શન, આત્મીયતા અને પરખ વગેરે...

બાઈબલમાં કેટલાંક પ્રસંગોમાં પ્રભુ 'માનવનો મિત્ર' તરીકે નિરુપણ થયું છે. 'પ્રભુ મોશે સાથ એક માણસ, બીજા માણસ-મિત્ર સાથે વાત કરે એ રીતે મોંઢામોંઢ વાત કરતો હતો.' (મહાપ્રસ્થાન ૩૩:૧૧) વળી ૨ રાજવૃત્તાંતો (૨૦:૭) માં 'ઓ મારા ઈશ્વર... તારા મિત્ર આબ્રાહમ...' માં આબ્રાહામની ઓળખ પ્રભુના મિત્ર તરીકે દર્શાવી છે.

નવા કરારમાં બેથનિયા ગામમાં માર્થા અને મરિયમનો ભાઈ લાઝરસ માંદો પડ્યો. ત્યારે એ બહેનોએ કહેવડાવ્યું હતું કે, 'પ્રભુ, તમારો વહાલો મિત્ર માંદો પડ્યો છે.' (યોહાન ૧૧:૩) સામેથી ઈસુ પણ શિષ્યોના એક ઉત્તરમાં જણાવે છે : 'આપણો મિત્ર લાઝરસ ઊંઘી ગયો છે, પણ હું તેને જગાડવા જાઉં છું.' (યોહાન ૧૧:૧૧) અને મિત્ર ભાવે ઈસુ રડી પડે છે, પ્રભુનો આભાર માને છે, લાઝરસને ફરી સજીવન કરે છે. આથી આગળ વધી માનવજાતના મિત્ર તરીકે ઈસુ પોતાની જાતનું બલિદાન આપવાના છે એનો સંકેત આપતાં મિત્રતાની પરાકાષ્ઠા સ્પષ્ટ કરે છે. 'માણસ પોતાના મિત્રો ખાતર પ્રાણ પાથરે એના કરતાં મોટો પ્રેમ કોઈ છે જ નહીં.' (યોહાન ૧૫:૧૩)

સંયુક્ત રાષ્ટ્રસંઘે 'ફ્રેન્ડશિપ ડે'ની જાહેરાત સાથે તેની ઉજવણી અંગે જાહેર આમંત્રણ પાઠવ્યું છે. આ દિવસની ઉજવણી યોગ્ય રીતભાત-સભ્યતાથી કરવી જોઈએ. સ્થાનિક, પ્રાદેશિક કે રાષ્ટ્રીય સંસ્કૃતિને અનુરૂપ, ઉચિત સંજોગો-પ્રસંગો પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણીને પ્રોત્સાહન આપવું જોઈએ. જોકે આ અંગે શિક્ષણ અને અન્ય માધ્યમો દ્વારા લોકજાગૃતિ કેળવવી જોઈએ. 'ફ્રેન્ડશિપ ડે' ની જાહેરાતથી આજદિન સુધી તેની ઉજવણી અવિરત થઈ છે. ભલે તેની ઉજવણીની રીતભાતમાં પરિવર્તન આવ્યું છે પણ તેનો મૂળભૂત ઉદ્દેશ તો એ જ રહ્યો છે. આજે સમગ્ર વિશ્વમાં વિવિધ સંસ્કૃતિ-ભાષાના લોકો તેની ઉજવણી કરે છે.

ભારતભરમાં 'ફ્રેન્ડશિપ ડે' ની ઉજવણી વિશાળ પાયે થાય છે. આપણા જીવનમાં મિત્રના યોગદાનની કદર કરતાં, તેમના પ્રત્યે આદર અને પ્રેમ દર્શાવવા પ્રત્યેક અબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ પોતાની રીતે તેની ઉજવણી કરે છે, ખાસ કરીને યુવાનો-વિદ્યાર્થીઓમાં આ દિવસની ઉજવણીમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. પોતાના સર્વોત્તમ સાથી-મિત્ર સાથે સમગ્ર દિવસ ગાળવા-ઉજવવા તેઓ આયોજન કરે છે. ક્યારેક જૂનાં સંસ્મરણો, ખટમધુરી યાદો આંખો સજળ કરી શકે છે. ભૌગોલિક સીમાડાઓમાં દૂર દેશાવર રહેતાં મિત્રો-બહેનપણી, સંદેશા દ્વારા પ્રેમ અભિવ્યક્ત કરે છે. એસ.એમ.એસ. કે ઈ કાર્ડ દ્વારા શુભેચ્છાઓની આપ લે કરે છે.

'ફ્રેન્ડશિપ ડે' ની ઉજવણીમાં મિત્રો એકબીજાને ગુલાબી કે પીળા ગુલાબની આપ લે કરે છે, એકબીજાના કાંડા પર 'ફ્રેન્ડશિપ બેલ્ટ' બાંધી ખુશી વ્યક્ત કરે છે. 'ફ્રેન્ડશિપ બેન્ડ' વિવિધ રંગોમાં સમગ્ર દેશમાં સરળતાથી મળી રહે છે. જે યુવાવર્ગમાં ખૂબ જ લોકપ્રિય છે. દર વર્ષે અવનવી રીતરસમ ઉજવણીમાં ઉમેરાતી જાય છે, જેનો શ્રેય જનરેશન એક્સને જાય છે.

અમેરિકા તથા અન્ય દેશોની જેમ ભારતમાં પણ હવે 'ફ્રેન્ડશિપ ડે' ની ઉજવણીનું વ્યવસાયીકરણ થઈ રહ્યું છે. જોકે બીજી બાજુ આ વ્યાપારીકરણને કારણે પણ 'ફ્રેન્ડશિપ ડે'ની ઉજવણીનો પ્રચાર-પ્રસાર ઝડપથી થઈ રહ્યો છે. આજે કેટલાક લોકો મિત્રતાના આ પવિત્ર સંબંધને સમજી શકતા નથી ત્યારે ક્યાંકને ક્યાંક ઈશ્વરદત્ત દોસ્તીનાં દિવ્ય દર્શન આપણને અચૂક લાધશે જ. ૧૯૯૦ ના દાયકામાં અમિતાભ બચ્ચન અને અમજદ ખાનની 'યારાના' ફિલ્મમાં એક મિત્ર પોતાના ગ્રામીણ મિત્રને શહેરમાં સુખી-સંપન્ન જોવા સર્વસ્વ ખર્ચી નાખે છે તે અનુકરણીય છે. હેપ્પી ફ્રેન્ડશિપ ડે...●

---

પીન્ટોસ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, બાકરોલમાં શિક્ષક



# આંદોલન અને પ્રજાની માનસિકતા



✍ બકુલ મેકવાન

ફ્રાન્સ એના એફિલ ટાવર માટે પ્રખ્યાત છે, પણ થોડા સમય અગાઉ ફ્રાન્સમાં ચાલતાં તોફાનોએ વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. જાન્યુઆરીના આરંભથી ઈંધણના ભાવમાં વધારો કરવાનો સરકારે મનસૂબો જાહેર કરતાં જ પ્રજા સડક પર ઉતરી આવી હતી. પ્રજાએ વિરોધ પ્રદર્શનમાં જે હિંસક રસ્તો અપનાવ્યો હતો તે વાત અક્ષમ્ય ગણીએ તો અખબારોમાં આ સમાચાર વાંચતાં મન પ્રસન્ન થઈ ગયું ને દિલ બાગબાં ! નવાઈની વાત એ છે કે, ભાવ વધારો એટલો તો કમરતોડ નહોતો કે, પ્રજાને પરવડે નહિ. જનહિતમાં ઉદ્ભવતો જનાક્રોશ એ ખરેખર આવકારદાયક અને પ્રશંસનીય છે. એકહથ્થુ શાસનથી કંટાળેલી પ્રજા દેશહિતનો વિચાર કરવા લાગે ત્યારે આવી ક્રાંતિ સંભવ બને છે. સત્તાના કેફમાં સૂબાઓ મનમાની કરે એ હરગિજ ચલાવી લેવાય નહિ.

પ્રમુખ ઈમૅન્યુઅલ મેક્રોનના રાજીનામાની માગણી કરતી પ્રજાએ વિરોધ બુલંદ બનાવતાં, સરકારને તેનો નિર્ણય મોકૂફ રાખવાની ફરજ પડે છે. આ લખાય છે ત્યારે એપ્રિલના અંતમાં પણ ત્યાં તોફાનો સતત ચાલુ છે, પણ પ્રજાને અડચણ થાય નહિ તેથી આંદોલનકારીઓ રજાના દિવસોમાં જ સડકો પર આવી આક્રોશ ઠાલવે છે. સતત ચાલતાં તોફાનો પછી વડાપ્રધાન એડોઅર્ડ ફિલિપ્પે (ઉચ્ચારની ઝંઝટમાં પડવા જેવું નથી !) પ્રજાલક્ષી નિવેદન જારી કરતાં જણાવ્યું કે, 'રાષ્ટ્રની એકતા જોખમાય તેવો કોઈપણ વેરો પ્રજા માથે નાખવો ઉચિત નથી.' દેશના શાસક અને વિપક્ષ એમ બંનેએ આ વાતની અવશ્ય નોંધ લેવી રહી ! પણ એમ થતું નથી. આપણે ત્યાં પ્રજા શાસક પક્ષે દોહરાવેલી ભૂલોને ઝટ વિસરી જાય છે, આર્થિક કૌભાંડોની વાતો એને જલદી પચી જાય છે. વાયદાઓ ચુનાવલક્ષી હોવા છતાં પ્રજાની માનસિકતા બદલાતી નથી. ધર્મની અફીણી અસરમાં ગળાડૂબ પ્રજાને ભાવવધારો નડતો નથી અને નડે તો એનો વિરોધ કરવા આડે એની માનસિક વિકલાંગતા અડચણ બની જાય છે.

ધર્મ માન્યતાઓના કોચલામાં કેદ બની ગયો છે. ખરેખર તો ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય થાય તો વિકાસની હવાને વેગ મળે. પણ વિજ્ઞાનને ધર્મનો શત્રુ બનાવી દેવાયું છે. ધર્મ, ઈન ફેક્ટ, દરેક ધર્મ સહિષ્ણુતાની વાતે એકમત છે, પણ એને ક્યારે અસહિષ્ણુ બનાવવો એ જેના હાથમાં ધર્મનું રીમોટ કંટ્રોલ છે તે નક્કી કરે છે. ધાર્મિક મુદ્દાઓ બમણા વેગે ઉછાળવામાં આવે કે ખુફિયા એજન્સીઓ આતંકીઓના હુમલાની બાતમી આપે ત્યારે ચૂંટણી નજીક આવી રહી છે એ સમજવામાં પ્રજા ઊણી ઉતરે છે. નાતાલના દિવસોમાં અમેરિકાના તત્કાલીન પ્રમુખ સાંતાક્લોઝની હેટમાં બાળકોની અસ્પતાલમાં ટહેલતા હતા તે દૃશ્ય વ્હૉટ્સએપ પર વાયરલ થયું હતું. આતંકીઓના હીટ લિસ્ટમાં હોવા છતાં, પાંખી સુરક્ષા સાથે ઓબામા હોસ્પિટલમાં આવીને દરેકને રાજીના રેડ કરતા ગયા હતા. આપણે ત્યાં આટલી સરળતા કેમ નથી એ સમજાતું નથી. ડૉ. કલામની વાત જો કે અપવાદરૂપ ગણવી. આ થઈ આડવાત ! મુખ્ય મુદ્દો પ્રજાના ખમીરનો છે, જ્યાં વિરોધ કરવાનો હોય ત્યાં એ સહિષ્ણુ બની જાય છે ને જ્યાં નથી કરવાનો ત્યાં અસહિષ્ણુ બની બેસે છે ! ડીઝલ, પેટ્રોલ, ઈંધણ કે જરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવ સામે પ્રજાનો આક્રોશ ઠરી જાય છે, અરે, આક્રોશ પ્રદીપ્ત થતો જ નથી. જે પ્રજા નમાલી બની જાય તે એના હક્ક માટે લડવાની હામ ગુમાવી બેસે છે. બળતામાં ઘી હોમાય તેમ જાહેર સભામાં બોલવે શૂરો કોઈ નેતા, 'તમારે શું જોઈએ છે, સલામતી કે ભાવ ઘટાડો ?' એમ લલકારે ને સભામાં હાજર શ્રોતાજનો, 'સલામતી...'નો પ્રતિઘોષ કરે ત્યારે એની માનસિકતા પર ખરેખર દયા આવે છે. દેશની સરહદે રાતદિવસ ખડેપગે ફરજ બજાવતા સૈનિકોના કારણે સલામતી શોધવા જવું પડતું નથી. હવે યક્ષપ્રશ્ન એ છે કે, આઝાદી સમયે ઝળકતું ખમીર કેમ દેખાતું નથી ? ખમીર હોય તો ક્રાંતિના મંડાણ થાય છે, પરિવર્તન આવે છે ને વિકાસને ગતિ સાંપડે છે.

પ્રજાની ક્રાંતિ એ વિશ્વના નકશા બદલવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. દિવસના દોઢ-બે જીબી ફ્રી ઈન્ટરનેટનો આનંદ ઉડાવતી પેઢી સર્ફિંગમાં ગુલતાન બની જાય છે, પછી એનામાં ખમીર ક્યાં શોધવું ? પ્રજાનો એક હિસ્સો ધર્મના અફીણી-ઘેનમાં સુસ્ત છે, બીજો મોબાઈલ, ઈન્ટરનેટમાં ગળાબૂડ છે; ગૃહિણીઓ કંકાસ શીખવતી ટીવી સીરિયલોમાં મસ્ત છે, ખાનગી-સરકારી નોકરિયાત વર્ગ બે છેડા ભેગા કરવામાં આયખું ખર્ચી નાખે છે.

અંગ્રેજોના શાસનકાળ બાબતે એવું કહેવાય છે કે, લૉર્ડ મેકોલેની શિક્ષણ પ્રથામાં ભારતીય પ્રજાને કારકુન બને તેવું જ શિક્ષણ આપવામાં આવતું. અત્યારની શિક્ષણ પ્રથા શ્રીમંતો પૂરતી સીમિત બની રહી છે. અત્યારે જરા જુદા અંદાજમાં આ પ્રથાનું પુનરાવર્તન થઈ રહ્યું છે. આ ઉચ્ચ શિક્ષણની વાત ચાલે છે, એટલે કોઈ વાંકદેખો એમ ના કહે કે, સરકારી શાળાઓમાં શિક્ષણ તો મળે જ છે ! મોંઘુદાટ શિક્ષણ મેળવ્યા પછી પણ બેરોજગારોની ફૌજ વધતી રહે છે. રોજગારના અભાવે આ શિક્ષિત પેઢી કશું સર્જનાત્મક વિચારી શકતી નથી. બૌધ્ધિક ધન, દેશમાં કદર નહિ થવાથી કે પછી રાતોરાત માલદાર બની જવાના ખ્વાબમાં વિદેશની વાટ પકડી લે છે. બીજો પોતાને 'જિનીયસ'માં ખપાવતો વર્ગ ટીવી ડિબેટમાં પોતાનો તો ખરો જ પણ બીજા કામગરા માણસોનો પણ સમય વેડફે છે. પછી જે બચે છે તે ઉપર જણાવેલ માયકાંગલી પ્રજા પર હકૂમત ચલાવે છે. હવે જુઓ... લેખના અંતમાં રોજગાર સંબંધી કેટલાક સરકારી આંકડાઓની વિગત આપી છે. આંકડા જોઈને ખબર પડશે કે, રોજગાર પ્રાપ્તિ નાગરિકનો બંધારણીય અધિકાર છે એ વાતે કોઈ આંદોલનો થતાં નથી. જો કે, દિલ્હીમાં જાન્યુઆરીની સત્તાવીસમીએ દેશનાં પચાસ યુવા સંગઠનોએ, બેરોજગારીના મુદ્દે 'જૉબ ચાહિએ, જુમલા નહિ' શીર્ષક હેઠળ એક પરિષદનું આયોજન કર્યું એ એક આશ્વસ્ત કરતી બાબત છે.

હવે બેરોજગારીની વાત કરીએ તો આપણી શાસન પ્રથા જ કાંઈ એવી વિકસાવવામાં આવી છે કે, આઈએએસ થયેલો હોનહાર જણ, અર્ધશિક્ષિત કે અભણ રાજકારણીની અઠ્ઠાવનની વય લગી જીહુજુરી કરતો રહે છે. એ જીહુજુરીનો એને જો કે સિરપાવ મળે છે એ જુદી વાત છે. પ્રજાનો અલ્પ શિક્ષિત, અશિક્ષિત, ઉચ્ચ શિક્ષિત એમ તમામ વર્ગ, આગળ જણાવેલ માનસિક વિકલાંગતાથી પીડાય છે. એને વિચારવાનો, કાંઈક નવું કરવાનો અવકાશ જ આપવામાં આવતો નથી. એ વિચાર કરે તો સમજણ પ્રગટે, એનામાં સમજણ પ્રગટે તો સારા-નરસાનું જ્ઞાન લાધે. જ્ઞાન આવે તો ક્રાંતિકારી વિચારો આવે અને ક્રાંતિ આવે તો પરિવર્તન સાથે લઈને આવે, પણ આ બધો વર્ગ ઘાણીના બળદની જેમ ફર્યા જ કરે છે. આ લખું છું ત્યારે વ્હોટ્સએપ પર એક સંદેશો વહેતો થયો છે, એનો સારાંશ ટપકાવવો ગમશેઃ 'બે વિપરીત પરિસ્થિતિઓના કારણે દેશ પાયમાલી ભોગવે છે. એક-શિક્ષણમાં રાજકારણ વધ્યું છે અને બીજું-રાજકારણમાં શિક્ષણ ઓછું છે એ !!!' આ અલ્પ શિક્ષિતોએ ઉચ્ચ શિક્ષિતોની નાડ પારખી લીધી છે. એ કઠપૂતળી ના બની રહે તો જ નવાઈ !

અંગ્રેજોના શાસન સામે વિદ્રોહ જગાવવા એ જમાનામાં ખાનગી પત્રિકાઓ કે ચોપાનિયાંઓનું વિતરણ થતું. પ્રજાને ઝંઝોળતાં લખાણો સમાવતાં આ ચોપાનિયાંઓ પ્રજાને સડક પર લઈ આવતાં. વિરોધ પ્રદર્શનમાં લાઠીઓ કે ગોળીઓ વરસતી પણ પ્રજાના આ ખમીરને શાસકો કચડી નહોતા શકતા. એ પ્રજા, શાસકો સામે બમણા વેગથી સંઘર્ષમાં ઊતરતી. પ્રજાના આક્રોશને વાચા આપવામાં અખબારી આલમ પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવતું. આજે સ્થિતિ સાવ નોખી છે. એકાદ-બે આર્ટિકલમાં સંઘર્ષની વાત મંડાય પછી ચીલાચાલુ સમાચારોની વણથંભી વણઝાર ! પ્રજાના ખમીરનું પ્રેરકબળ અને ચાલકબળ પ્રિન્ટ મીડિયા ગણાય. લોકશાહીની ચોથી જાગીર ગણાતા પ્રિન્ટ મીડિયાથી શાસકો ડર અનુભવે એ જરૂરી છે, આ ડર તેઓને પ્રજાભિમુખ બનાવવામાં શિરમોર ભૂમિકા ભજવે છે. અખબારનો ધર્મ ખરેખર તો વહીવટ અને આમસમાજમાં ચાલતા ગેરવહીવટ, ગેરરીતિઓ, ગોરખધંધાઓનો પર્દાફાશ કરી, સમાજનું નવનિર્માણ કરવાનો અને સુશાસન સ્થાપન કરવાનો હોવો જોઈએ. એના કોલમિસ્ટો તટસ્થ હોવા જોઈએ. એ ભાટાઈ કરનારાઓ ના હોય એ અનિવાર્ય આવશ્યકતા ગણાય; પણ આમ ના થાય ત્યારે 'પેઈડ જર્નાલિઝમ' કે 'પેઈડ મીડિયા'ની વાત સાચી ના લાગે ! સામે પક્ષે, અખબારના પક્ષે સકારણ કે અકારણ 'બ્લેકમેઈલિંગ' જરાયે ચલાવી લેવાય નહિ.

થોડાં વર્ષો અગાઉ અમેરિકાના તત્કાલીન પ્રમુખ બુશની જોડિયા દીકરીઓની સગીર વયે આલ્કોહૉલિક પીણું રાખવા બદલ પોલિસ વિભાગે ધરપકડ કરી હતી. આ બનાવને અખબારોને પ્રકાશિત કરવામાં પ્રમુખ બુશની સહેજે શરમ રાખી નહોતી, ના તો ભૂતપૂર્વ પ્રમુખે તાનાશાહની જેમ વર્તી, અખબારી સ્વાતંત્ર્યને રૂંધવાનો પ્રયાસ સુદ્ધાં કર્યો હતો. બીજી તરફ એવું પણ બને છે કે જો કોઈ જર્નાલિસ્ટ શાસકની વિરોધમાં કાંઈક લખે તો એની સુરક્ષાની કોઈ ગેરંટી નથી હોતી. પત્રકારો માટે સહુથી વધુ અસુરક્ષિત દેશોમાં ઈરાક અને સીરિયા પછી આપણા દેશનો ક્રમ આવે છે. આપણે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને પણ પાછળ છોડી દીધાં છે. શાસકોનું ખરુ કર્તવ્ય તો સરકારી વિભાગોને કે સરકારી મશીનરીને પ્રજાહિતમાં ગતિમાન કરવાનું છે. આમ ના થાય ત્યારે વિપક્ષની ભૂમિકાની શરૂઆત થવી જોઈએ, પણ બને છે જુદું. એકબીજાને સારા કહેવડાવવાની હરીફાઈમાં પરસ્પર કીચડ ઉછાળતા રહે છે. જ્યાં સુધી પોતાનાં હિતો સચવાય ત્યાં સુધી એકબીજા માટે મિત્ર, નહીંતર શત્રુ !

પ્રજાનું કર્તવ્ય શાસકોના કાન આમળવાનું છે. એ કર્તવ્ય પ્રજા નિભાવી શકતી નથી એટલે શાસકો ફાટીને ધૂમાડે જાય છે, એનો અહંકાર વર્તનની બધી જ લક્ષ્મણરેખાઓ ભેદીને હુંકાર કરે છે અને નિર્માલ્ય બનાવી દીધેલી પ્રજા એને સહન કર્યે જ જાય છે. આપણી શાસન પ્રણાલીમાં વિદ્રોહને કચડી નાખવામાં આવે છે. વિદ્રોહીઓ પૈકીના એકાદ બે ને 'સાચવી' લેવામાં આવે છે ને વિદ્રોહનું બાળ મરણ થાય છે.

ગુજરાતમાં ૧૯૭૪માં વિદ્યાર્થીઓ અને મધ્યમ વર્ગની પ્રજાએ ભ્રષ્ટાચાર અને આર્થિક કટોકટી સામે તત્કાલિન શાસકો સામે બાંયો ચડાવી હતી. દેશની સ્વતંત્રતા પછીનાં સહુથી સફળ આંદોલનોમાં નવનિર્માણ તરીકે ઓળખાતા આ આંદોલનની ગણના થાય છે. પ્રજાના મિજાજ સામે ચૂંટાયેલી સરકારને બરખાસ્ત કરીને નવી ચૂંટણી જાહેર કરવી પડી હતી.

જો કે, નવેમ્બર ૨૦૧૮માં દિલ્હી સુધી કૂચ કરી ગયેલા હજારો ખેડૂતોનું વિરોધ પ્રદર્શન કાબિલેતારીફ હતું. હમણાં કામદારો અને શ્રમિક વર્ગની સમસ્યાઓ માટે પણ જનમેદની રસ્તા પર ઊતરી આવી હતી. આવાં વિરોધ પ્રદર્શનો પાંખી સંખ્યામાં થાય છે એ વાત શોચનીય છે. શાસકો પ્રજા વચ્ચે સુલેહ-શાંતિ જળવાય નહિ એવા સભાન પ્રયાસો કરતા રહે છે. કુસંપમાં સપડાયેલી પ્રજા અંદરોઅંદર લડતી-ઝઘડતી રહે છે. જે અધિકારો એને શાસકો પાસેથી મેળવવાના છે તે અધિકારોથી વંચિત રહેવા બદલ તે બીજી પ્રજાને દોષિત માને છે. આ ટંટા ફિસાદ શાસકોને મનભાવન હોય છે.

મૂળ સમસ્યાઓથી પ્રજાનું ધ્યાન આંદોલનો, ઉપવાસ નૌટંકીઓ અને કોઈ એક વર્ગ તરીકે વિશેષાધિકાર મેળવવામાં થતી અફરાતફરીમાં પરોવાયેલું છે. બહુધા સમગ્રતયા જાગૃતિ આવતી નથી કે આવવા દેવામાં રોડાં નાખવામાં આવે છે. પ્રજામાં કદાચ એકસાથે સભાનતા પ્રગટે તો જાસૂસી સંસ્થાઓની કહેવાતી પ્રી-પ્લાન્ડ 'એલર્ટ' પ્રજામાં ભય ફેલાવે છે, ને જાગૃતિનું 'બાળમરણ' થઈ જાય છે. ચોમાસામાં આવતી પૂરની ચેતવણીઓ જેવી આ ચેતવણીઓ જ્યારે ચૂંટણીઓ નજીક આવે ત્યારે આંટો મારી જાય છે. પછી આવા ભયજનક માહોલમાં ખાદ્યચીજોના પોષણક્ષમ ભાવ, ગરીબી, બેરોજગારી, ભૂખમરો, બાળમજૂરી, આમજનતાની મૂળભૂત સવલતો જેવી સમસ્યાઓ વિસારે પડી જાય છે. શ્રીમંતો વધુ શ્રીમંત થતા જાય છે, ગરીબો વધારે ગરીબ. આ બે છેડાના સમુદાયને ખાસ કાંઈ નાહવા-નિચોવવાનું હોતું નથી.

અગાઉ જે મધ્યમ વર્ગ ગણાતો તેમાં પણ બે ભાગ પડી ગયા છે- લોઅર મીડલ ક્લાસ અને અપર મીડલ ક્લાસ. આ પ્રજાનો એક એવો સમૂહ છે જેને શ્રીમંતાઈની સીડી ચડવી છે પણ ફાવતો નથી. એને ગરીબ ગણાવું શરમજનક લાગે છે. મોંઘવારીનો કમરતોડ માર એને તોડી નાખે

છે. એકાદ બજેટ આવે એટલે એની બધી ગણતરીઓ ઊંધે માથે પટકાય છે. આ વર્ગનાં સંતાનો જ મોટેભાગે વધારે શિક્ષિત હોય છે. એ શિક્ષક, કારકુન કે ઈજનેર બની શકાય એટલું ભણે છે. ક્યારેક આ વર્ગનું સંતાન ડૉક્ટર બનીને રોજગાર બજારમાં આવે તો નોકરી એનાથી દૂર ભાગે છે. એ કદાચ સાહસ કરીને અનુસ્નાતક સુધી દોડ લગાવે ત્યાં... માવતરને સંતાનના સુખનું સરનામું શોધવું દોહ્યલું બની જાય છે. ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ આકર્ષક જાહેરાતો આપીને સારા પ્લેસમેન્ટનાં પ્રલોભનો આપીને જંગી ફી પડાવે છે. બે-એક ટકા સારા પગારના પ્લેસમેન્ટની વાત ચગાવીને નવા શૈક્ષણિક વર્ષમાં નવા શિકાર શોધવા આવી સંસ્થાઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધા ચાલે છે. શિક્ષણના વ્યાપારીકરણ સામે કોઈ આંદોલનો કેમ થતાં નથી ? પેલી મનોવિકલાંગતા વળી !! શ્રીમંતો એડમિશન 'મેનેજ' કરી શકે છે, ગરીબોને ઉચ્ચ શિક્ષણનાં સ્વપ્નો પણ મોંઘા પડે છે. પીસાય છે પેલો મીડલ ક્લાસનો માણસ !! કારણ, એ આ બંનેની મીડલમાં છે ને !

શિક્ષક, નર્સિંગ જેવા આપણા સમાજના એક સમયના 'મોનોપોલી' વ્યવસાયો ગણાતા વ્યવસાયો મેળવવા પણ સરળ રહ્યું નથી. અત્યારે ચાણક્યનું પ્રસિદ્ધ કથન યાદ આવે છેઃ 'શિક્ષક કભી સાધારણ નહિ હોતા.' પણ શિક્ષક બનવું પણ હવે સાધારણ રહ્યું નથી, સરકારી ભરતીમાં હવે કારકુનની સ્પર્ધાત્મક પરીક્ષાઓ કઠિન થતી જાય છે. મોટેભાગે સરકારી ભરતી થતી નથી. સરકારી આંકડાઓની વાત કરીએ તો આપણા રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં માત્ર ૫૭૭૭ શિક્ષકો સરકારી નોકરી મેળવી શક્યા હતા. અરે, અમદાવાદ જેવા મેગા સીટીમાં ગત પાંચ વર્ષમાં માત્ર ૨૧૧૪ શિક્ષિતોને સરકારી નોકરી મળી હતી. ગત બે વર્ષમાં વડોદરા જિલ્લામાં માત્ર એક જ યુવાનને સરકારી નોકરી મળી હતી, તો ગોધરા, નડિયાદ અને નવસારીમાં તો આવા એકપણ સદ્ભાગી બેરોજગારનું નામ સરકારી દફતરે નોંધાયું નહોતું. આ આંકડા મારા નથી, પરંતુ અખબારમાં છપાયેલા આધારભૂત આંકડાઓ છે.

હવે ઈજનેરની વાત કરીએ તો ઈજનેરોનો રાફડો ફાટ્યો છે એમ કહી શકાય. મોટાં શહેરોમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીને ખાનગી કંપનીમાં શરૂઆતમાં માંડ પાંચ હજાર મળે છે, એ વધીને પચ્ચીસ હજારથી આગળ જતો નથી અને સરકારી નોકરી મળે તો એમાં ઓછા પગારે બે-ત્રણ વર્ષ સહાયક તરીકે ગાળવાનાં. હવેની નવી નોકરીઓમાં પેન્શન પ્રથા સાવ બંધ કરી દેવામાં આવી છે. સરકારને(એ કોઈપણ પક્ષની હોય !) શાસનમાં રસ છે અને જવાબદારીથી હાથ ખંખેરવા છે. પણ પોતાનાં પેન્શન, ભથ્થાંઓની વાતે બધા જ પક્ષના લોકપ્રતિનિધિઓ એક થઈ જાય છે.

સરકારી નોકરીઓમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત અને વય જેવા બે માપદંડો કેટલાક યુવા-યુવતીઓને રોજગારી માટે આંકેલી લક્ષ્મણરેખાથી બહાર ફંગોળી દે છે. લોક પ્રતિનિધિ તરીકે નેતૃત્વ કરતા સેવકને શિક્ષણ અને વયનો બાધ ક્યારેય નડતો નથી ? શું આ આંદોલનનો એક મુદ્દો નથી ? પ્રજાના આ સેવકોને પગાર અને પેન્શન મળવાં જોઈએ કે નહિ તે બાબતે વ્હોટ્સએપ પર સંદેશા ફરતા થયા છે. પણ બહુધા પ્રજા પોતાનો રોટલો રળવામાં જ રમમાણ છે.

જાન્યુઆરીના એક અખબારી અહેવાલ મુજબ, એકલા આપણા રાજ્યમાં અંદાજે છ લાખ સત્તર હજાર શિક્ષિત બેરોજગારો રોજગારીની પ્રતીક્ષા કરી રહ્યા છે. હવે તો અગિયાર માસની કરાર આધારિત રોજગારીએ જમાવટ કરવા માંડી છે. સરકારી વિભાગમાં એક વર્ષની એપ્રેન્ટિસશીપ કરવા પણ ખાસ્સી લાગવગ કરવી પડે છે. તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં ટેલિફોન મેસેન્જરની બાસઠ જગ્યાઓ માટે આવેલી એક લાખ અરજીઓમાં, પચાસ હજાર સ્નાતક અને અઠ્ઠાવીસ હજાર અનુસ્નાતક કક્ષાના બેરોજગારોએ અરજી મોકલાવી છે; આ અરજીઓમાં ૩૭૦૦ અરજીઓ ડૉક્ટરેટ કરેલા ઉમેદવારોએ કરી છે.

નવાઈની વાત એ છે કે, આ જગ્યાઓ માટે પાંચ ધોરણ પાસ ઉમેદવાર પણ ફરજ બજાવી શકે તેમ છે. થોડા સમય અગાઉ, નેશનલ સ્ટેટેસ્ટિક્સ કમિશનના આંકડા લીક થતાં જાણ થઈ હતી કે, દેશમાં બેરોજગારી અત્યારે ૪૫ વર્ષની ટોચે છે, તો સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના અહેવાલ મુજબ, ૨૦૧૮માં અંદાજે દોઢ કરોડ ભારતીય નાગરિકોની રોજગારી છીનવાઈ ગઈ હતી. હમણાં સરકારે બિન-અનામત વર્ગોના લાભાર્થે ૧૦ ટકા આર્થિક અનામત આપવાની જાહેરાત કરી. પ્રજાનો એક વર્ગ ખરેખર આ જાહેરાતથી ખુશખુશાલ છે ત્યાં સરકારના એક જવાબદાર મંત્રીએ નિવેદન આપતાં કહ્યું કે, 'સરકાર પાસે રોજગાર છે નહિ તો આર્થિક અનામતનો લાભ કોને આપશો ?' તો બીજા એક મંત્રી સરાજાહેર કહે છે, 'બધાને રોજગારી આપવી સરકારની જવાબદારી નથી.' લ્યો, બોલો ! ફલાણો આમ બોલ્યો ને ઢીકણો તેમ બોલ્યો એવું કહીને અદાલતોમાં દોડી જતા રાષ્ટ્રવાદી નાગરિકો (!!) ને આ અને આવી અનેક અન્યાયી બાબતો વિરુદ્ધ જાહેર હિતની અરજી કરવાનો સદ્વિચાર ક્યારે આવશે ??? ખરેખર તો પ્રજાની ખોખલી માનસિકતાના ચક્રવ્યૂહમાંથી આંદોલનોને બહાર લાવવાની જરૂર નથી વર્તાતી ?

આ બધી વાત અત્યારે તીવ્રપણે એટલા માટે યાદ આવી રહી છે કે, આગામી આઠમી ઓગસ્ટે અંગ્રેજો સામે છેડેલી 'હિંદ છોડો' ચળવળનાં સિત્યોતેર વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. આ દિવસે ૧૯૪૨માં ગાંધીજીએ આ ચળવળને મુંબઈમાં ખુલ્લી મૂકીને પ્રજામાં દેશદાઝની આંધી ફૂંકી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં ક્વીટ ઈન્ડિયાની આ ચળવળ વાસ્તવમાં તો શાસકો સામેનો એવો જુવાળ હતો કે, સિવિલ ડિસઓબિડિયન્સ મૂવમેન્ટ અર્થાત્ નાગરિકો તરફથી શાસકોના અનાદર તરીકે આ ચળવળે ઈતિહાસમાં અમીટ છાપ છોડી છે, જેનો યશ તે સમયના નેતૃત્વની દૂરંદેશીતાને આભારી છે. આજે આ પ્રસંગનું સ્મરણ એટલા માટે થઈ રહ્યું છે કે, ૧૯૪૭ સુધીની એ પેઢી, એ દેશદાઝ, પ્રજાની નાડ પારખનાર એવા આગેવાનો આપણે ખોઈ ચૂક્યા છીએ. ભારતની આઝાદી બાબતે બ્રિટીશ પાર્લામેન્ટમાં થયેલી ચર્ચામાં તત્કાલીન વડાપ્રધાન વિન્સેન્ટ ચર્ચિલ એટલે જ બોલ્યા હશે કે, 'જો આપણે હિન્દુસ્તાનને આઝાદી આપીશું તો સત્તા બદમાશો, ઠગો અને ચાંચિયાઓના હાથોમાં ચાલી જશે...' પ્રજાનું ધ્યાન સમસ્યાઓથી ભટકાવી તુચ્છ મુદ્દાઓ તરફ દોરવામાં રાજકારણીઓ માહેર થઈ ગયા છે અને એટલે અન્યાયનો પ્રતિકાર કરવાની માનસિકતા પણ વિકલાંગ બની ગઈ છે.●

---

અંગત સચિવ, ગુજરાત સ્ટેટ ઈલે. કોર્પોરેશન લીમીટેડ, વડોદરા




# ત્રિવેણી પર્વ

✍ જાસીન્તા સી. ડાભી



આ વર્ષે ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ સમગ્ર ભારત વર્ષ ૭૨મો સ્વાતંત્ર્યદિન અને રક્ષાબંધનનું પર્વ ઉજવશે. કેથલિકો માટે આ બે પર્વ સાથે ત્રીજું એક પર્વ છે. માતા મરિયમનું ઉદ્‌ગ્રહણનું પર્વ. એટલે ૧૫ ઓગસ્ટ ત્રિવેણી પર્વનો ઓચ્છવ બની રહેશે. સ્વાતંત્ર્ય દિન અને માતા મરિયમનું ઉદ્‌ગ્રહણનું પર્વ ગુલામીમાંથી મુક્તિનું સ્મરણ કરાવે છે જ્યારે રક્ષાબંધન ભાઈબહેનના પવિત્ર સંબંધને તરોતાજા કરનાર પર્વ છે.

માતા મરિયમના ઉદ્‌ગ્રહણનું પર્વ એ આમમતલબીપણા / સ્વાર્થમાંથી તથા પાપ થકી સંપૂર્ણ મુક્તિની મહોર લગાડે છે. પરદેશીઓની હકૂમતમાંથી મુક્ત થયાની યાદ ભારતનું સ્વાતંત્ર્ય પર્વ અપાવે છે. આપણું સ્વાતંત્ર્ય પર્વ જ્યારે આપણે આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવીએ છીએ ત્યારે આપણા મનમાં કેટલાક વિચારો-પ્રશ્નો જાગ્યા વિના નહીં રહે ! 'શું ખરેખર આપણે સ્વતંત્ર છીએ ખરાં ?' આપણને શામાંથી આઝાદી મળી છે અને શા માટે મળી છે ? જ્યારે મોટાભાગની પ્રજા ભૂખમરામાં જીવતી હોય ત્યારે આ રાજનૈતિક આઝાદીનો કોઈ અર્થ છે ખરો ? છેલ્લાં ૪૫ વર્ષમાં બેરોજગારીની ટકાવારી આ વર્ષે સૌથી ઊંચી હોય ત્યારે કોઈ આશા રાખી શકાય ખરી ?

જો આપણે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭નું સ્મરણ વાગોળીશું તો ત્યારની અને આજની સ્થિતિમાં આસમાન જમીન જેટલો ફરક જરૂર લાગશે. ભૂતકાળમાં આપણા દેશમાં જરૂર કરતાં વધારે અનાજ પાકતું હતું. અન્ય વિકસિત દેશોની સરખામણીમાં આપણો ઔદ્યોગિક વિકાસ પણ ગૌરવવંતો હતો. આજે ભારત ગરીબી અને ભૂખમરામાં અગ્રેસર દેશ છે. કેટલા બધાં આપણાં ભાઈભાડું ગરીબી રેખા નીચે જીવે છે ! જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા, પ્રદેશ વગેરે અસ્મિતાનાં દ્યોતકને બદલે મજબૂત વિઘાતક પરિબળો તરીકે ઉભરી આવ્યાં છે. અખંડ ભારતની વિભાવના આજે વિભાજીત થઈ રહી છે. કેટલાંક રાજ્યોમાં તો અન્ય રાજ્યના વ્યક્તિને પરદેશી તરીકે માની તેની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. સાંપ્રત ભારતમાં તો આપણી ખાણી-પીણી-પહેરવેશ પર પ્રશ્ન કરવામાં આવે છે. શું આપણે સ્વતંત્ર છીએ ખરાં !

છેલ્લાં વર્ષોથી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ ભડકે બળે છે, પણ કોને ચિંતા છે...? વાસ્તવિકતા એટલી જ છે કે ધનવાન અધિક ધનવાન અને ગરીબ વધારે ગરીબ બન્યા છે ! ભલે આપણને સફળતાપૂર્વક ચંદ્રયાનને અવકાશમાં મોકલ્યાનું ગર્વ હોય પણ સ્વાર્થ, બેજવાબદારી, ગરીબી, અન્યાય, ઈર્ષા, પૂર્વગ્રહ વગેરેની જંજીરો આપણને જકડી રાખે છે ! સ્વતંત્ર ભારતે અનેક ક્ષેત્રોમાં હરણફાળ પ્રગતિ કરી છે, જેના માટે પ્રત્યેક ભારતીયને ગૌરવ થાય, આનંદ થાય પણ એનો અર્થ એ નથી કે આપણા રાષ્ટ્રના ચારિત્ર્યનું વસ્ત્રાહરણ થાય, આપણી પ્રજા નમાલી બને તે તરફ આપણે આંખ મીંચામણાં કરીએ ! વર્ણવ્યવસ્થાના દૂષણે કેટલા દલિતોને અગ્નિસ્નાન કરવું પડ્યું છે, કેટલા વંચિતોની ક્રૂર હત્યા થઈ છે ! ધર્મ-જ્ઞાતિના નામે વર્ગવિગ્રહે હવે માઝા મૂકી છે. ભ્રષ્ટાચાર હવે શિષ્ટાચાર બની ગયો છે. જ્યાં સુધી આ બધાં દૂષણોથી ભારત મુક્ત ના થાય ત્યાં સુધી આપણે આઝાદ નથી !

અઢી લાખ જેટલી માનવમેદનીને વોશિંગ્ટનમાં મહાન નીગ્રો નેતા માર્ટિન લ્યુથર કિંગ સંબોધન કરી રહ્યા હતા : 'મારું એક સ્વપ્ન છે. મારાં ચાર નાનાં બાળકોને ભવિષ્યમાં તેમની ચામડીના રંગથી નહીં પણ તેમના ઉમદા ચારિત્ર્યથી નવાજવામાં આવશે.' આપણા રાષ્ટ્રપિતાએ સ્વરાજ્યની કલ્પના કરી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામના ક્રાન્તિકારીઓએ આઝાદ અને અખંડ ભારતનું સ્વપ્ન જોયું હતું. શું એ સિદ્ધ કરી કરી શક્યા છીએ ! આઝાદ ભારત અનેકનાં લોહિયાળ બલિદાનો, કઠોર પરિશ્રમની નિપજ છે. માતા મરિયમનું સદેહે સ્વર્ગે સિધાવવું એ માતાના ત્યાગ અને બલિદાનનો પુરસ્કાર છે. ભાઈબહેનનો પવિત્ર સંબંધ એકબીજાના આદર અને સદ્‌ભાવનાથી દૃઢ બને છે.

એક ભારતીય નાગરિક કે ખ્રિસ્તીજન તરીકે ત્રિવેણીપર્વની ઉજવણી કરતાં આપણે આત્મનિરીક્ષણ કરવું આવશ્યક છે. આપણા બાહ્ય દુશ્મનો પહેલાં આંતરિક અનિષ્ટોથી સભાન બની, તેને નામશેષ કરવા પ્રતિબદ્ધ બનવાનું છે. તમામ મૂલ્યોને નેવે ચડાવી સત્તા અને સંપતિ પાછળની આપણી આંધળી દોટ ક્યારે અટકશે ? માતા મરિયમે સ્વયં પોતાથી મુક્તિ મેળવી, પરિણામે પરમાત્માએ તેમનું ગૌરવ કર્યું. મરિયમે પ્રભુનાં મહિમાગાન કરતાં કહ્યું હતું:

'સર્વશક્તિમાન ઈશ્વરે મારે માટે મહાન કાર્યો કર્યા છે, એણે પોતાનું બાહુબળ બતાવ્યું છે. ગર્વિષ્ઠોને એણે ધૂળ ચાટતા કર્યા છે અને દીનદરિદ્રોનું એણે ગૌરવ કર્યું છે.' (લૂક : ૧-૪૬-૫૫) મરિયમના મુખેથી આ યશોગાન અમસ્તાં જ પ્રગટ થયાં ન હતાં. તેમણે પોતાના જીવન થકી, પ્રભુની શક્તિનો પ્રભાવ વ્યક્ત થવા દીધો હતો. સતામણી અને અન્યાયના સમયે મરિયમ શિષ્યોની પડખે અડીખમ ઊભાં હતાં.

આ ત્રિવેણી પર્વની ઉજવણી કરતાં આપણે ત્રિવિધ હેતુઓ માટે માતા મરિયમને અરજ કરીએ. ખ્રિસ્તના અનુયાયી તરીકે ઈશ્વરના શાંતિ, પ્રેમ અને આનંદના રાજ્યની સ્થાપના માટે કટિબદ્ધ બનીએ. દુનિયાભરની બહેનોની સુરક્ષા, ન્યાય અને સુખ માટે ભગીરથ પ્રયાસ કરીએ. આપણા દેશવાસીઓમાં 'વિશ્વ એક પરિવાર છે'ની ભાવના સતત વિકસતી રહે.

રક્ષાબંધને ભાઈબહેનોને હાર્દિક વધાઈ ! દેશવાસીઓને સ્વાતંત્ર્યદિનની શુભકામના. માતા મરિયમના પર્વની હાર્દિક શુભેચ્છાઓ.

નિવૃત્ત શિક્ષિકા, સેન્ટ ઝેવિયર્સ-ઉમરેઠ



# ઈશ્વર તરફથી સ્વતંત્રતા

✍ વિપુલ વાઘેલા



સ્વતંત્રતા એટલે આઝાદી, મુક્તિ, છુટકારો.

મે મહિનો આમ તો રજાઓનો મહિનો ગણાય છે. ચોક્કસ તે સમયગાળો બાળકો માટે થોડો વિરામનો સમય છે પણ નોકરિયાત વર્ગને શાની રજા મળે ??! જુન અને જુલાઈમાં પણ લગભગ કોઈ રજા નથી હોતી, પણ ઓગસ્ટ મહિનો આવે એટલે બધાને હાશકારો થાય ! કારણ કે ખબર હોય છે કે થોડી રજાઓ મળશે, આરામ મળશે, અને રોજિંદા જીવનથી થોડા સમય માટે આઝાદી તો ખરી જ !! પણ આ આઝાદી કેટલો સમય ટકશે.!! ચાર દિવસ કે પછી વધારેમાં વધારે એક અઠવાડિયું... પછી એ જ રોજિંદુ જીવન ચાલુ... આજ મહિનામાં આપણા ભારત દેશનો સ્વતંત્રતા દિવસ આવે છે. પણ પૂછો પોતાને જ, કે તમે કેટલા સ્વતંત્ર છો ???

સ્વતંત્રતા એટલે મુક્તિ, આઝાદી... બાઈબલમાં પ્રભુ ઈસુ કહે છે 'તમે સત્ય જાણશો અને સત્ય તમને મુક્ત કરશે !' (યોહાન ૮:૩૨) આગળ યોહાન ૧૪:૬ માં પ્રભુ ઈસુ કહે છે કે "માર્ગ, સત્ય તથા જીવન હું છું." ટૂંકમાં સાચી સ્વતંત્રતા પ્રભુ ઈસુમાં મળી શકે છે.

બાઈબલમાં ઈશ્વર ઈસ્રાયેલના લોકો આગળ પસંદગી મૂકે છે અને કોઈ પણ બાબત પસંદ કરવાની સ્વતંત્રતા પણ આપે છે. "જો મેં આજે તારી આગળ જીવન તથા ભલું, અને મરણ તથા ભૂંડું મૂક્યાં છે."(અનુંસંહિતા ૩૦:૧૫) અને સાથે સાથે તે જ અધ્યાયમાં આગળ ખરેખર શું પસંદ કરવું જોઈએ તે વિશે માર્ગદર્શન પણ આપે છે.

મહાપ્રસ્થાનમાં આપણે વાંચીએ છીએ કે, કઈ રીતે ઈશ્વરે ઈસ્રાયલી લોકોને મિસરમાંથી છોડાવ્યા. આ જ ઈસ્રાયેલના લોકો ઈશ્વરને ભૂલી જઈને મૂર્તિપૂજા કરે છે ત્યારે તે તેના જ લોકો પર ગુસ્સે થાય છે, છતાં જયારે સર્પ કરડવાથી લોકો મરવા લાગ્યા અને તેમને પાપ કબૂલ કરીને પ્રાર્થના કરી ત્યારે આ જ ઈશ્વરે તરત જ મોશે મારફતે લોકોને મરણથી મુક્ત કર્યા.(રણમાં ૨૧: ૫-૧૦) કેટલો ભલો ઈશ્વર!!

"ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તેનો નાશ ન થાય પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે." (યોહાન ૩:૧૬) ઈશ્વરે મને અને તમને નરકની આગથી બચાવવા માટે પોતે માનવપુત્ર બનીને આવ્યા અને ક્રૂસ પરનું મરણ સહન કર્યું.

એવું કોઈ બંધન છે જ નહિ કે જેનાથી ઈશ્વર તમને ના છોડાવી શકે, કોઈપણ પ્રકારની મોહ માયાના બંધનથી ઈશ્વર છોડાવી શકે છે.

'રોમના ધર્મસંઘ પ્રત્યે સંત પાઉલ (૫:૧૨-૨૧) લખે છે : એક માણસ(આદમ)થી પાપે પ્રવેશ કર્યો અને સાથે મૃત્યુએ પણ ! અને એક જ માણસના બલિદાનથી માનવજાતને પાપની માફી મળી ગઈ, સાથે સાજાપણું, માનસિક શાંતિ, ન્યાયીપણું અને બીજું ઘણુ બધું.' આટલું બધું ઈશ્વર આપતો હોય તો એની પાસે શા માટે ના જવું ? શા માટે સંસારના મૃગજળ પાછળ વલખાં મારવાં ? શા માટે આપણી પાસે ઉધ્ધારક હોવા છતાં ગુલામીથી પીડાવું?

વર્તમાન સમયમાં તમારે કઈ બાબતથી, કયા વળગણથી, કયા વ્યસનથી કે કઈ પરિસ્થિતિથી છુટકારો જોઈએ છે ??? હા, પ્રભુ ઈસુ આપણા બધા જ બંધનોથી આપણને મુક્ત કરી શકે છે, આપણી પરિસ્થિતિને અનુરૂપ વચન બાઈબલમાંથી શોધી કાઢીએ અને તે પ્રમાણે પ્રાર્થના કરીએ. પ્રભુ ઈસુના નામમાં, ઈસુના વચનોમાં, બાઈબલના વચનોમાં અને પ્રભુ ઈસુના લોહીમાં ભરપૂર સામર્થ્ય છે.

ભણતરમાં કાચા છો ? યાકુબ ૧:૫ કહે છે કે, 'જો તમારામાંથી કોઈમાં જ્ઞાનની ઉણપ હોય તો ઈશ્વર પાસેથી માંગણી કરવી.

બીમારીથી છુટકારો જોઈએ છે ? તો બાઈબલ પ્રમાણે 'વિશ્વાસ કરો કે તેના સોળથી તમને સાજાપણું મળેલું છે.'

શેતાનની યુક્તિઓથી છુટકારો જોઈતો હોય તો બાઈબલના વચનોની સાચી કબૂલાત કરતાં શીખો, યાદ રાખો કે તમે ઈશ્વરનું મંદિર છો, અને તમારી સામે હાદેસ(શેતાન)ની સત્તાનું જોર નહી ચાલે અને તેણે જીતવા માટે, ઈશ્વરનું વચન, હલવાન(ઇસુ)નું લોહી, તથા સેવકોની સાક્ષીઓનો ઉપયોગ કરો.(હિબ્રૂઓ ૧૨મો અધ્યાય). શંકાનું નિવારણ યહુદા ૧:૧૪ પ્રમાણે કરી શકાય. આર્થિક સંકડામણથી મુક્ત થવા માટે પણ બાઈબલ રસ્તાઓ બતાવે છે.

જીવનની અશાંતિથી મુક્તિ પણ પ્રભુ ઇસુ આપે છે. ઇસુએ તેમના શિષ્યોને કહ્યું હતું કે, "હું તમારે સારું શાંતિ મૂકતો જાઉં છું, પોતાની શાંતિ આપતો જાઉં છું." આપણે આ બાબત ખ્રિસ્તયજ્ઞમાં સાંભળીએ જ છીએ. આપણે માત્ર ઈશ્વરના શિષ્ય જ બનવાનું છે, પછી ઈશ્વરની શાંતિ મળે જ મળે. ફિલિપ્પી ૪:૪-૭ નો પણ ઉપયોગ કરી શકાય !

પ્રભુ ઇસુ આપણી પાસે આવવા માટેનું એક જ કારણ આપે છે, "હું એટલા માટે આવ્યો છું કે, એમને જીવન મળે, અને ભરપટ્ટે મળે." (યોહાન ૧૦:૧૦)

ટૂંકમાં સાચી સ્વતંત્રતા (દુન્યવી નહી તેવી), પ્રભુ ઈસુ અને બાઈબલથી જ મળી શકે. અને જેને ઈશ્વર મુક્ત કરે, તેને કોણ ગુલામ બનાવી શકે !? જરૂરી છે કે ઈશ્વરની સાથે રહીએ.●

ફાર્માસિસ્ટ, રાષ્ટ્રીય બાલ સુરક્ષા કાર્યક્રમ - હાલોલ



# દેશપ્રેમ : શરૂઆત ક્યાંથી ?



✍ પ્રજ્ઞેશ દેવાંશી

તમે છેલ્લે રાષ્ટ્રગીત ક્યારે ગાયું હતું એ યાદ છે ? વેઈટ... વેઈટ... થિયેટરમાં ગયા હોય અને સાવધાનમાં ઊભા રહેવું પડ્યું હોય તેની વાત નથી. આમેય એમાં તો મોટા ભાગના લોકો મોંમાં મગ ઓર્યા હોય તેમ મૂંગામંતર જ ઊભા રહે છે. અને આમેય થિયેટરમાં એમ રાષ્ટ્રગીત ગાવું, ઈટ સીમ્સ ઈમ્બેરેસીંગ, યુ સી! એમ પણ ત્યાં લો લાઈટમાં કોને ખબર પડવાની કે આપણે ગાઈએ છીએ કે નહિ ? આ તો કોઈ દેશદ્રોહી સમજીને ટપલીદાવ ન કરી જાય તે માટે ઊભા રહેવું પડે એટલે સ્તો...

આટલે સુધીમાં યાદ આવ્યું કે, છેલ્લે ખરા દિલથી રાષ્ટ્રગીત ક્યારે ગાયેલું ? નો ? નેવર માઈન્ડ. આમેય આપણી દેશભક્તિ ઝાઝી અસરકારક નથી. આપણી દેશભક્તિ મોટે ભાગે રાષ્ટ્રીય તહેવારો પૂરતી અને વધુમાં વધુ દેશભક્તિની મોટી મોટી વાતો પૂરતી ખીલી જાય છે. (હા, ભારત-પાકિસ્તાનની મેચ વખતે ઊભરી આવતી દેશભક્તિને સાચી દેશભક્તિમાં ખપાવી શકો હોં. સ્પોર્ટ્સ ક્વોટામાં આટલી તો છૂટછાટ મળે.) આ રીતે જોઈએ તો આપણી દેશભક્તિ સીઝનલ ઋતુ પ્રમાણે છે. હાર્દિક નહિ, તકવાદી છે. હમણાં હમણાં જો કે દેશભક્તિ પ્રદર્શિત કરવાની ઘણી તકો પ્રાપ્ત થઈ આપણને. એર સ્ટ્રાઈક અને અભિનંદન. સર્જિકલ સ્ટ્રાઈક જૂની થઈ પણ એનું મૂવી હમણાં આવી ગયું. લેટેસ્ટમાં ભારત-પાકિસ્તાનની વર્લ્ડકપ મેચ પણ ખરી.

તો ચાલો, આપણો દેશપ્રેમ દર્શાવતા કેટલાંક વૈશ્વિક આંકડાઓ તમને આપું. પણ એ પહેલાં, હું એવી પૂર્વધારણા બાંધી લઉં છું કે, એક સક્ષમ વાચક તરીકે તમારા મનમાં ભારત વિશેની સ્પષ્ટ સમજ હશે જ. આઈ મીન, ભારત વિશેનો તમારો ખ્યાલ કુદરતી કે માનવસર્જિત સરહદોની વચ્ચે ઘેરાયેલા ભૂમિપ્રદેશ પૂરતો જ સિમિત નહિ હોય. જો એવું હોય તો આટલેથી વાંચવાનું બંધ કરી શકો. મારા મતે ભારત તેના પ્રત્યેક નાગરિક, તેની પ્રત્યેક પ્રાકૃતિક-અપ્રાકૃતિક મિલકતથી જ ભારત બને છે. એ હિસાબે જોઈએ તો દરેક વ્યક્તિ ભારતનું એક મીનીએચર(નાની આવૃતિ) જ છે એવા નિષ્કર્ષ પર પહોંચીએ. તો પછી તમે જ ભારત અને હું પણ ભારત.

હવે એક નજર આપણો દેશપ્રેમ દર્શાવતા મહત્ત્વના આંકડાઓ પર. વર્લ્ડ હેપ્પીનેસ રીપોર્ટ મુજબ ૧૫૦માંથી ૧૪૦મું સ્થાન, ગ્લોબલ પીસ ઈન્ડેક્સમાં ૧૬૩માંથી ૧૩૬મું સ્થાન, ગ્લોબલ યુથ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં ૧૮૩માંથી ૧૩૪મું સ્થાન, માનવ વિકાસ આંક (HDI) માં ૧૮૮માંથી ૧૩૦મું સ્થાન, સાક્ષરતા દરમાં ૧૯૭માંથી ૧૫૯મું સ્થાન, કરપ્શન ઈન્ડેક્સમાં ૧૮૦માંથી ૭૮મું સ્થાન, ભૂખમરામાં(હંગર ઈન્ડેક્સ) ૧૧૯માંથી ૧૦૩મું સ્થાન અને છેલ્લે લોકશાહી(ડેમોક્રસી) ઈન્ડેક્સમાં ૧૬૭માંથી ૪૨મું સ્થાન. (એમાં વળી આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનું ગૌરવ લેતાં ફરીએ છીએ!)

આ બધા આંકડાઓ વાંચ્યા પછી જો તમને કંઈક ખૂંચતું હોય તો સમજજો કે દેશપ્રેમ નામનું કશુંક હજી તમારામાં છે. તો આ જે ખૂંચે છે તેને દૂર કરવું હોય તો શું કરવું, એવો પ્રશ્ન મગજમાં આવે એ સ્વાભાવિક છે. મારો જવાબ છે : સ્વ-સુધારણા (સેલ્ફ ઈમ્પ્રુવમેન્ટ) અને સ્વ-વિકાસ (સેલ્ફ ડેવલપમેન્ટ). હાલમાં જ્યાં છો ત્યાંથી ઉપર ઉઠીને આગળ આવવાનો પ્રયત્ન હાથ ધરો. પોતાની જાતને એ માટે સક્ષમ બનાવો કે તમે સમાજ કે દેશ માટે કંઈક કરી શકો. ટોળાં વળીને નકરી પબજી રમી ખાઈને શું કરી લેશો? એના કરતાં કંઈક રચનાત્મક કરો કે જેના વિશે કદીક ગૌરવ લઈ શકો. 'પણ...શું કરી શકાય?' એવો પ્રશ્ન મનમાં થાય ને તો મને પૂછજો. આપણી જોડે ઘણા આઈડિયા છે બોસ. અરે, મોબાઈલમાંથી જરા માથું ઊંચકીને જોશો તોય ઘણાં એવા વડીલો તમારી આસપાસ જોવા મળશે કે જે આ પ્રશ્ન અંગે ઘણું સારું માર્ગદર્શન આપી શકશે. તો આવું માર્ગદર્શન મેળવો અને પહેલાં પોતે મેવા ખાવાની ક્ષમતા કેળવો, પછી સેવાના ધખારા કરજો.

ભારતનો ઝંડો લઈને આખા દેશને સુધારવા નીકળશો તો તો થઈ રહ્યું. શરૂઆત પોતાનાથી કરો, બંધુ. આપણે ત્યાં હજી પેલો કન્સેપ્ટ તો છે જ. પોતે, પોતાથી કુટુંબ, કુટુંબ વડે સમાજ અને સમાજ વડે દેશનો વિકાસ કે સેવા કે પછી પ્રેમ... જે કંઈ શુભ લાગણી દર્શાવવી હોય તેની શરૂઆત પોતાની જાતથી જ કરો ને, વ્હાલાંઓ.●

Email : devansheep92@gmail.com

પૂર્વ શિક્ષક( ગણિત-વિજ્ઞાન ). હાલમાં આંકડા મદદનીશ-જૂના સચિવાલય ગાંધીનગર, વાંચન-લેખન શોખની સાથે ટૂંકી વાર્તાઓ, કવિતાઓ અને પ્રસંગોપાત્ત લેખનનો નમ્ર પ્રયાસ.

**લગ્નવિષયક**

ગુજરાતી કેથોલિક યુવતી ઉ.વ. ૨૮, ઊંચાઈ ૫ ફૂટ, ઉચ્ચ શિક્ષિત M.sc I.T. સોફ્ટવેર ડેવલોપર, સોફ્ટવેર ટેસ્ટર ઓટોમેશન માટે પરદેશમાં સ્થાયી થયેલ કેથોલિક યુવકના માતા-પિતાએ સંપર્ક કરવો. કુટુંબ કેથોલિક, સંસ્કારી, ધાર્મિક હોવું જરૂરી છે. જાહેરાત યોગ્ય પસંદગી માટે જ છે.

**મો. ૯૮૯૮૨ ૨૭૭૯૫**

**લગ્નવિષયક**

ગુજરાતી કેથોલિક યુવતી ઉ.વ. ૨૮, ઊંચાઈ ૫ ફૂટ ૫ ઈંચ U.S.A. માં નોકરી કરતી માટે U.S.A. સ્થાયી થયેલ અથવા H1 વિઝા ધરાવતા યુવકના વાલીઓએ સંપર્ક કરવો. કુટુંબ કેથોલિક સંસ્કારી, ધાર્મિક હોવું જરૂરી છે. જાહેરાત યોગ્ય પસંદગી માટે જ છે.

**મો. ૭૬૦૦૦ ૧૦૩૩૧**



# વેટિકન ક્રિકેટ ટીમ

✍ ભાવાનુવાદ : શૈલેષ મેકવાન



તાજેતરમાં માન્ચેસ્ટરના ઐતિહાસિક મેદાન ખાતે આઈ.સી.સી. વર્લ્ડકપમાં ભારતનું વિશ્વ ચેમ્પિયન બનવાનું સપનું ચકનાચૂર બન્યું ત્યારે ભારતના ક્રિકેટ પ્રેમીઓમાં ભારે હતાશા જોવા મળી હતી. કેટલાકે આક્રોશ વ્યક્ત કર્યો હતો તો કેટલાક દયા ખાવા લાગ્યા. થોડીવાર પહેલાંનો ઉત્સાહ શમી ગયો, પણ થોડા દિવસ પછી એ જ ઉત્સાહ... એ ખેલાડીઓની હકારાત્મકતા છે. વિશ્વભરની ક્રિકેટ ટીમ વિશે આપણે જાણીએ છીએ પણ...

કદાચ ઘણાને માટે આ બાબત અજાણ હોય પણ વેટિકનને તેની પોતાની ક્રિકેટ ટીમ છે, જેની સ્થાપના ૨૦૧૩માં થઈ હતી. આ ક્રિકેટ ટીમનું નામ સેંટ પીટરર્સ ક્રિકેટ ક્લબ છે. જોકે સામાન્ય રીતે વેટિકન ક્રિકેટ ટીમ તરીકે તે જાણીતી છે, જેમાં વેટિકનમાં નિવાસ કરતા સંન્યસ્ત સંઘના ઉમેદવારો કે પુરોહિતો, જેમનામાં ક્રિકેટ પ્રત્ય લગાવ છે તેમની ભરતી કરવામાં આવે છે. શરૂઆતનાં વર્ષોમાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ આ ટીમમાં હતા, પણ હાલમાં શ્રીલંકા, ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓ છે, જેઓ રોમમાં ઉચ્ચ વિદ્યાભ્યાસ કરી રહ્યા છે.

અન્ય ધર્મના લોકો સાથે સંવાદ સાધવા તેમજ તાલીમી પુરોહિતગણમાં દૃઢ નિશ્ચય, જૂથ કાર્ય અને રમત પ્રત્યે ખેલદિલીનાં મૂલ્યોનું સંક્રમણ કરવાનો આ ક્લબનો ઉદ્દેશ છે. આ રમતમાં પ્રતિનિધિત્વ કરીને કેથલિક ધર્મસભા હાર્દિક શુભેચ્છા સાથે સમકાલીન સંસ્કૃતિ પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કરે છે.

આંતરધર્મીય અને ધર્મસભાના વૈશ્વિક પ્રસંગોમાં તથા દાનધર્માદા એકત્ર કરવાના પ્રસંગોમાં આ ક્લબ પોતાનું યોગદાન આપે છે. પૌપ્ય સાંસ્કૃતિક પરિષદના નેજા હેઠળ આ ક્લબ રોમમાં સ્થિત અંગ્રેજી ભાષી સમુદાય વચ્ચે સંપર્ક સેતુ રચીને, પ્રસન્ન જીવનનાં મૂલ્યોને જીવનતરાહ બનાવવાની અપેક્ષા રાખે છે.

ક્લબના સભ્યોના પહેરવેશમાં વેટિકનના સ્વીકૃત પીળા અને સફેદ રંગ હોવા ઉપરાંત એકબીજા સાથે ક્રૂસાકારની રચના કરતી સંત પીતરની ચાવીઓનું પ્રતીક પણ જોવા મળે છે. ખ્રિસ્તી એકતાને ઉત્તેજન આપનારી પૌપ્ય સમિતિના સભ્ય અને ઈંગ્લિશ કોલેજના અભ્યાસી ફાધર પીટર કુરેર, વેટિકન ક્રિકેટ ટીમના પ્રથમ કેપ્ટન હતા. રોમના હોર્સ રેસિંગ કોર્સ નજીક, કેપેન્નેક્ષ ઓવલ ખાતે આ ક્લબ મેચનું આયોજન કરે છે. આજ સ્થળે ૧૯૭૦માં શ્રીલંકાના આલ્ફોન્સો જયરાજે કેમેન્નેલ ક્રિકેટ ક્લબની સ્થાપના કરી હતી. આજ મેદાનમાં વેટિકન ટીમે, ચર્ચ ઓફ ઈંગ્લેન્ડની આર્ચ બિશપ કેન્ટરબરી અગિયારમાની ટીમને પરાજય આપ્યો હતો. તદ્ઉપરાંત ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ સાથે બે મેચ અને સીડનીમાં એક મેચ સાથે વેટિકન ટીમે મુકાબલો કર્યો હતો.

૨૦૧૩માં જ્યારે સેંટ પીટરર્સ ક્રિકેટ ક્લબનો શુભારંભ થયો ત્યારે સમગ્ર વિશ્વમાં સર્વોત્તમ સમાચાર બન્યા હતા, દુનિયાભરના લોકોએ તેની પ્રશંસા કરી હતી, અને વિશ્વ વિખ્યાત વર્તમાન પત્રો - Renters, NPR, The Daily Mali, The Telegraph Uk, The Guardian, Australias Daily Telegraph, News.com.an, telivision and radio - એ તેની નોંધ લીધી હતી. ભારતમાં પણ સુપ્રસિદ્ધ વર્તમાનપત્રો - The times of india, in Jubilation - એ ક્રિકેટ ક્લબની સ્થાપના અને ઉપખંડના ખેલાડીઓ સંદર્ભે સમાચાર પ્રસિદ્ધ કર્યા હતા. તદ્ઉપરાંત ક્રિકેટના રમતજગતમાં પણ નવા ક્રિકેટ ક્લબની શરૂઆતનો ઉત્સાહ જોવા મળ્યો હતો. ઈ.સ. ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૬માં વિસ્ડમ(wisdom) ની આવૃત્તિમાં 'બાઈબલ ઓફ ક્રિકેટ' મથાળા હેઠળ લગાતાર ત્રણ વર્ષ સુધી સ્થાપના દિન નિમિત્તે વિશેષ નોંધ પ્રગટ કરવામાં આવી હતી.

ગયા વર્ષે જુલાઈથી ૩-૧૫, ૨૦૧૮ સુધી 'વેટિકન ક્રિકેટ ટીમે 'શ્રદ્ધાનો પ્રકાશ'(Light of faith) નામે ઈંગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો અને ત્યાંની પ્રખ્યાત ઈસુસંઘ સંચાલિત સ્ટોની હર્સ્ટ કોલેજ સાથે મેચ રમ્યા હતા. ૧૬ જુલાઈના રોજ વેટિકનના અગિયાર ખેલાડીઓ લંડન પધાર્યા જ્યાં આર્ચબિશપ કેન્ટરબરીની ટીમ સાથે મળી, હિન્દુ, મુસ્લિમ, શીખ, યહૂદી અને બૌદ્ધધર્મના ખેલાડીઓ સાથે આંતરધર્મીયસંબંધને દૃઢીભૂત બનાવવા તેમણે લંડનમાં મસ્જિદ, શીખ ગુરુદ્વારા, હિન્દુ મંદિર તથા યહૂદી, સીનેગોગ(સભાગૃહ)ની મુલાકાત કરી હતી.

ડિસેમ્બર ૨૦૧૮માં 'ક્રિકેટ સિન ફ્રોન્તેરસ' (સરહદ વિના ક્રિકેટ) ક્લબ બુએનોસ એરિસ-આર્જેન્ટિનાનું આમંત્રણ સ્વીકારી વેટિકન ટીમ ત્યાં ગઈ હતી. જ્યારે પણ વેટિકન ટીમ પ્રવાસે ઉપડે છે ત્યારે વડાધર્મગુરુ ફ્રાન્સિસ અચૂક રીતે તેમને મળ્યા છે, તેમના બેટ પર સહી કરી શુભેચ્છા પાઠવી છે અને યજમાન ક્લબ માટે ભેટ સોગાદ પણ આપી છે. 'સરહદ વિના ક્રિકેટ' ક્લબની સ્થાપનાને પણ વડાધર્મગુરુ ફ્રાન્સિસે માન્યતા આપી છે. જેનો ધ્યેય આદર, સર્વનો સ્વીકાર અને કોઈપણ કામગીરી માટેની સમૂહ ભાવના જેમાં મૂલ્યોના સંક્રમણનો છે.

વેટિકનના ધર્માધિકારીઓના મતાનુસાર આર્જેન્ટિનામાં ઈસુસંઘ સંચાલિત ઘણી શાળાઓ છે અને તેમાં ક્રિકેટ મેચ રમવામાં આવે છે, પણ વડાધર્મગુરુ ફ્રાન્સિસ પોતાના દેશકાળમાં ક્રિકેટ રમ્યા હોય તેવું સ્મરણમાં નથી, તેમ છતાંયે...' વેટિકનને આદર્શ તરીકે સ્વીકારી દરેક ધર્મપ્રાંત-ધર્મવિભાગમાં આ પ્રમાણે ક્રિકેટ ક્લબનો આરંભ કરવામાં આવે અને તેના પ્રત્યે વડાધર્મગુરુ જેવી જ રુચિ દર્શાવવામાં આવે તો આપણા યુવાવર્ગ સાથે સંબંધ સેતુની રચના શક્ય બને ખરી !●

**Sorces : internet**

*મ.શિ. ફાતિમા છાયા હાઈસ્કૂલ (ઉ.મા. વિભાગ), ગોઠડા, જિ. વડોદરા*



# નિજાનંદ



✍ એલ્વિન ક્રિસ્ટી 'ડેમોલકર'

કવિ શ્રી રમેશ પારેખની અદ્‌ભુત રચના છે.

'તારે ફળિયે સોનું, ચાંદી, રૂપું અને મહેલાતો
મારે ફળિયે ચકલી બેસે તે મારું રજવાડું.'

આ કાવ્યપંક્તિમાં કવિએ નિજાનંદની અદ્‌ભુત વાત કરી છે. જે નિજાનંદ આજના આધુનિક અને વ્યસ્ત યુગમાં ખૂબ જ ઓછા પાસે જોવા મળે છે. ભગવાનમાં જેમને ઊંડી અને સાચી શ્રદ્ધા હોય, પ્રભુભક્તિમાં જેઓ લીન હોય; જેમની પાસે જીવનને ઉન્નત બનાવવાનું ચોક્કસ ધ્યેય હોય તેવા લોકો જ નિજાનંદમાં જીવી શકે છે, પોતાની મસ્તીમાં જીવી શકે છે. એકવાર મહાન સિકંદર તેના ગુરુ ડાયોજિનસને મળવા ગયો. ડાયોજીનસની નજીક જઈને તે ઊભો રહ્યો અને કાંઈક પૂછવા જતો હતો ત્યારે ડાયોજિનસે તેને કહ્યું : 'આઘો ખસ ! મને સૂર્યપ્રકાશ લેવા દે. તું વચ્ચે ઊભો છું એટલે સૂર્યનો તડકો મારી ઉપર પડતો નથી.' મહાન સિકંદરે ત્યાર બાદ કહ્યું, કે, 'જો હું સિકંદર ના હોત તો ડાયોજિનસ બનવાનું પસંદ કરત.'

આ સદીના મહાન વૈજ્ઞાનિક અને જેમણે સાપેક્ષવાદનો સિદ્ધાંત આપ્યો તેવા આલ્બર્ટ આઈન્સ્ટાઈન એકદમ સાદાઈથી જીવતા. તેઓ માથાનાં વાળ સુદ્ધાં કપાવતાં નો'તા. જ્યારે વાળ ખૂબ જ વધી જાય ત્યારે તેમના પત્નીને તેઓ માથામાં માલણની કામગીરી સોંપતા. એટલે કે વાળ ચૂંટવાનું કહેતાં. તેઓ એકદમ મસ્તીથી જીવન જીવતા, કેમકે તેમની પાસે વૈજ્ઞાનિક શોધ-સંશોધન કરવાનું ચોક્કસ ધ્યેય હતું. તેઓ કલાકો સુધી પ્રયોગશાળામાં કાર્યરત રહેતા અને જ્યારે નવરા પડે ત્યારે પિયાનો વગાડતા. આમ તેમના જીવનમાં વિજ્ઞાન અને સંગીતનો અદ્‌ભુત સમન્વય થયો હતો. તેઓ સ્પષ્ટપણે માનતા કે, 'ઘરમાં નવી વસ્તુ લાવવી એટલે પગમાં બેડીઓ પહેરવી.' તેમનાં ઘરમાં કોઈ પણ પ્રકારનું મોંઘું રાચરચીલું ન હતું કે પહેરવા માટે કોઈ ભપકાદાર વસ્ત્રો નો'તાં. તેઓ કહેતા કે : 'જેમનું હૃદય ખાલી હોય તેઓ જ ઘરમાં જાતજાતની વસ્તુઓ લાવીને ઘર ભરે.'

જૂના જમાનામાં ભારત દેશમાં મહર્ષિ કણાદ નામે એક સાધુ થઈ ગયા. તેઓ ખેતરમાં નીચે પડેલા કણ વીણીને ખાતા એટલે તેમનું નામ કણાદ પાડવામાં આવ્યું હતું. એકવાર તેઓ નદી કિનારે એક પાત્રથી પાણી પી રહ્યા હતા. ત્યાં તેમણે જોયું કે સામે કિનારે જે કૂતરો પાણી પી રહ્યો છે તેને તો કોઈ પાત્રની જરૂર નથી. આ જોઈને તેઓ વિચારવા લાગ્યા કે, 'જો કૂતરા જેવા કૂતરાને પણ પાત્રની જરૂર નથી તો હું તો માણસ છું ! મારે પાત્રની શી જરૂર ?' આમ તેમણે તેમની પાસેના રહ્યાસહ્યા પાત્રનો પણ ત્યાગ કર્યો અને હાથથી પાણી પીવા લાગ્યા.

આ વાંચીને કોઈ રખે ને એવું માની લે કે, માણસે ઘર વસાવું ના જોઈએ કે તેની અંદર વસ્તુઓ વસાવવી ના જોઈએ. કહેવાનું તાત્પર્ય એ છે કે માણસે ચીજવસ્તુઓની ઘેલછા ના રાખવી જોઈએ. બિનજરૂરી વસ્તુઓથી ઘર ભરવું ના જોઈએ કે જેમાં બેસીને શાંતિથી શ્વાસ પણ ના લઈ શકાય. માણસે પોતાના જીવનમાં થોડો અપરિગ્રહ, થોડી સાદાઈ રાખવી જ જોઈએ, જેથી તે પોતાના જીવનમાં સાચી શાંતિ અને આનંદનો અનુભવ કરી શકે. એક સુંદર વાક્ય છે : 'ત્યાગીને ભોગવી જાણો.' બસ એનો જ અમલ કરવાનો છે.

નિજાનંદ અને પોતાની મસ્તીમાં લીન રહેનારા માણસને ભગવાનમાં ખૂબ જ શ્રદ્ધા હોય છે. તેથી જ તેઓ મસ્તીમાં તેમનું જીવન વ્યતીત કરતા હોય છે. પછી તે સંત કબીર હોય કે સંત પીતર, સંત રોહિદાસ હોય કે સંત ફ્રાન્સિસ, મધર થેરેસા હોય કે મીરાંબાઈ ! આ બધા જ સંતો પોતાની અદ્‌ભુત મસ્તીમાં રહીને પ્રભુભક્તિ કરતાં હતાં અને સંસારમાં રહીને પોતાના ભાગે આવેલું કામ અને ફરજ પણ સારી રીતે નિભાવતાં હતાં. આપણે આ મહાન સંતોના જીવનચરિત્રમાંથી થોડું પણ આપણા જીવનમાં ઊતારીએ તો આપણે તનાવમુક્ત બની જઈએ અને આપણને સાચા આનંદની અનુભૂતિ થાય.

માણસ બધું જ ઈશ્વર ઊપર છોડે તો તેના જીવનમાં આ નિજાનંદ અને મસ્તી આવી જાય. આપણી મુશ્કેલી એ છે કે આપણે અડધું સંસાર ઉપર અને અડધું ઈશ્વર ઉપર છોડીએ છીએ. આપણે ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારતાં નથી, તેથી આપણાં જીવનમાં ચિંતા. તનાવ અને અવિશ્વાસ પ્રવેશી જાય છે, પછી આપણને નિજાનંદનો અનુભવ ક્યાંથી થાય ? આમ, મહાન માણસ 'મહાન' હોય છે કે પછી 'સંત' હોય છે તેમની સાદગી અને નમ્રતાથી. તેમની સાદગી એ જ તેમની સાચી શોભા હોય છે. એમનો અપરિગ્રહ એ જ એમનો વૈભવ હોય છે. એમનો નિજાનંદ જ એમનું ઉત્તમ સુખ હોય છે. એમની ફકીરી જ એમની ખરી શહેનશાહી હોય છે. વધારે તૃષ્ણાઓ વધારે દુઃખ પેદા કરે છે. જે તૃષ્ણાથી, પરિગ્રહથી મુક્ત થાય છે તે જ સુખી થાય છે. શહેનશાહી હોવા છતાં ફકીરી રાખી શકાય છે, શ્રીમંતાઈ હોવા છતાં સાદગી રાખી શકાય છે અને નિજાનંદમાં જીવી શકાય છે.

અંતમાં, કવિ શ્રી રમેશ પારેખ કહે છે તેમ : 'પોતાના ફળિયામાં ચકલી બેસે એને જે રજવાડું માને, તે દુનિયાનો સૌથી સુખી માણસ છે. તેને દુનિયાની કોઈ તાકાત દુઃખી કરી શકતી નથી. શરત એટલી છે કે આવું માનવા માટે વ્યક્તિમાં વિશાળ હૃદય, પ્રકૃતિ અને ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ. તો જ તે નિજાનંદનો, મસ્તીનો અનુભવ કરી શકે અને ઈશ્વરના સાંનિધ્યનો અને પ્રકૃતિની ગહનતાનો આનંદ લઈ શકે.'●

મો. નં. ૯૯૭૯૮-૫૨૭૪૭(વોટ્સએપ), ૮૨૦૦૫૪૦૯૪૭
ઈ-મેઈલ : alwinsamazyme@gmail.com

અરૂલ ફાર્મા લિમિટેડ, એસ.જી. હાઈવે, અમદાવાદ




## સંત જોન મેરી વિયાન્ની

સંત જોન મેરી વિયાન્નીનો જન્મ ૮ મે ૧૭૮૬ના રોજ ફ્રાન્સના દરદીલ્લી ગામે થયો હતો. જન્મના દિવસે જ તેમને સ્નાનસંસ્કાર આપવામાં આવ્યો હતો. છ ભાઈબહેનોમાં જોન ચોથા ક્રમે હતા. તેમનો પરિવાર અત્યંત ધાર્મિક અને ઈશ્વરપરાયણ હતો.

ફ્રાન્સની ક્રાંતિના સમયે પુરોહિતો અને સાધ્વીબહેનોને ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જાહેરમાં ધાર્મિક વિધિઓ કરી શકતાં ન હતાં. આવા કપરા સંજોગોમાં જોન પુરોહિતોને એક નીડર હીરો તરીકે જોતા હતા.



યુદ્ધના સમયે નેપોલિયન બોર્નપાટે ફ્રાન્સના ઘણા તાબામાં દેવળો બંધ કરાવી દીધાં હતાં અને પુરોહિતોને લશ્કરમાં ભરતી કરી દીધા હતા. આમ જોન વિયાન્નીને પણ લશ્કરમાં જોડાવું પડ્યું. ભરતીના બે જ દિવસ પછી તેમની તબિયત લથડી. અહીં તેમને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. તેમની લશ્કરી ટુકડી આગળ વધી ગઈ. જોન એક દેવળમાં પ્રાર્થના કરવા ગયા. ત્યાં તેમનો ભેટો એક યુવાન સાથે થયો. આ યુવાન જોનને દૂર પર્વતની પેલે પાર જયાં લોકો લશ્કરની નજરથી બચીને છુપાઈને રહેતા હતા ત્યાં લઈ ગયો. જોન અહીં તેઓની સાથે રહ્યા. તેમના સંતાનો માટે શાળા શરુ કરી. ૧૮૧૦માં જયારે આ લોકોને માફી બક્ષવામાં આવી ત્યાં સુધી જોને તેઓની સાથે નિરાશ્રિત જીવન ગુજાર્યું.

જયારે સરકારી અંકુશો ઉઠાવી લેવામાં આવ્યા ત્યારે જોને પુરોહિતપદનો અભ્યાસ ફરી શરુ કર્યો. સઘન તાલીમ પછી ૧૨ ઓગસ્ટ ૧૮૧૫ના રોજ તેમને પુરોહિતદીક્ષા પ્રદાન કરવામાં આવી. આર્સ નામના તાબામાં જયારે ફાધર જોનની સભાયાજ્ઞિક તરીકે નિમણૂક થઇ ત્યારે તેમણે જોયું કે અહીંના લોકો ધર્મથી દૂર થઇ ગયા હતા. મોજમસ્તી અને એશોઆરામમાં સમય વ્યતીત કરતા હતા. ફાધર જોને આ સ્થાનિક લોકોનું હૃદય પરિવર્તન કર્યું. ફાધર જોન સતત કલાકોના કલાકો પ્રાયશ્ચિત સાંભળવા બેસતા. તેમનાં કાર્યો અને સરળ પવિત્ર જીવનથી લોકો આકર્ષાતા. તેમની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાતી ગઈ અને હજારો લોકો તેમને સાંભળવા, અને તેમનું માર્ગદર્શન મેળવવા આવવા લાગ્યા.

૧૮૫૩ સુધીમાં ફાધર જોન, અર્સ શહેરથી દૂર જતા રહી એક સાધુ તરીકે બાકીનું જીવન જીવવા ચાર વાર પ્રયત્નો કર્યા. પરંતુ લોકોની સ્થિતિ જોઈ વારે વારે તેઓ અર્સ પાછા ફરતા. વર્ષો સુધી અર્સ તાબામાં સેવાઓ આપી લાખો લોકોનું જીવન પરિવર્તન કર્યું અને એક ભલા પુરોહિત તરીકે ખ્યાતિ પામ્યા. ૪ ઓગસ્ટ ૧૮૫૯ના રોજ ૭૩ વર્ષની આયુએ ફાધર જોન મેરી વિયાન્નીનું અવસાન થયું. એકત્રીસ મે ૧૯૨૫ના રોજ તેમને સંત તરીકે જાહેર કરવામાં આવ્યા. સંત જોન મારી વિયાન્ની સ્થાનિક પુરોહિતોનાં રક્ષક સંત ગણાય છે.

વહાલા કિશોરમિત્રો, ૪ ઓગસ્ટના રોજ આપણી ધર્મસભા સંત જોન મારી વિયાન્નીનો તહેવાર ઊજવે છે. આવો, આ દિવસે આપણે સહુ આપણા પુરોહિતો માટે ખાસ પ્રાર્થના કરીએ. બધા પુરોહિતો ધર્મજનો પર સંત જોન મારી વિયાન્નીની જેમ પ્રેમ દર્શાવે અને તેમની આધ્યાત્મિક સંભાળ રાખે તે માટે ઈશ્વરપિતાને અરજ કરીએ. સંત જોન મારી વિયાન્ની સર્વ પુરોહિતો માટે અરજ ગુજારે તેવી પ્રાર્થના.

## રાષ્ટ્રીય રમતગમત દિન





આપણા દેશમાં ક્રિકેટ અત્યંત લોકપ્રિય રમત છે. કરોડો લોકો ક્રિકેટના દીવાના છે. પોતાનો કામ-ધંધો મૂકી ક્રિકેટ મેચ જોવા સ્ટેડિયમ પર જાય છે કે પછી ઘેર ટીવી સામે બેસી રહે છે. બાળકો અને યુવાનો પણ અભ્યાસ છોડી ક્રિકેટ જોવા બેસી જાય છે...!

પરંતુ આપણી રાષ્ટ્રીય રમત તો હૉકી ગણાય છે. હૉકીના જાદુગર તરીકે વિખ્યાત ધ્યાનચંદનો જન્મદિન, ૨૯ ઑગસ્ટનો દિવસ આપણા દેશમાં રાષ્ટ્રીય રમતગમત દિન તરીકે ઉજવવામાં આવે છે. તેમનો જન્મ ૧૯૦૫માં ઉત્તર પ્રદેશના અલ્હાબાદ શહેરમાં થયો હતો. ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૬ એમ સતત ત્રણ ઓલમ્પિક રમોતોત્સવમાં ભારતને સુવર્ણપદક પ્રાપ્ત થયો એનું શ્રેય ધ્યાનચંદને જાય છે. હૉકીના આ જાદુગરે એવી રમત દર્શાવી કે સામી ટીમના છક્કા છોડાવી દીધા. તેમની હૉકી કારકિર્દી દરમિયાન ધ્યાનચંદે ૪૦૦થી વધુ ગોલ કર્યા હતા. નાનપણમાં ધ્યાનચંદ ઝાડની ડાળી તોડી તેની હૉકી સ્ટિક અને કપડાના ડુચાને ગોળ વીંટાળીને દડો બનાવી તેનાથી રમતા.

મેજર ધ્યાનચંદની રમતને જોતા, એવી અફવાઓ પણ ઉડી હતી કે, તેમની હૉકીમાં લોહીચૂંબક તો લગાવવામાં આવ્યો નથી, જેનાથી બોલ હૉકી સાથે ચોટી જાય છે. હોલેન્ડમાં લોકોએ તેમની હૉકી સ્ટિક પણ તોડાવી નાંખી હતી, પરંતુ માત્ર તે એક અફવા જ સાબિત થઈ હતી.

૧૯૩૬માં બર્લિન ઓલિમ્પિકની હૉકી ફાઈનલ મેચમાં મેજબાન જર્મની અને ભારતની ટક્કર થઈ રહી હતી. મેજર ધ્યાનચંદના ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન બાદ તાનાશાહ હિટલરે ધ્યાનચંદને જર્મનીની નાગરિકતા અને સેનામાં મોટો હોદ્દો આપવાની ઓફર કરી હતી. જોકે, ધ્યાનચંદે આ પ્રસ્તાવને ઠુકરાવી દીધો હતો.

તેમનું નામ પહેલા ધ્યાનસિંહ હતું અને તેઓ ૧૪ વર્ષની ઉંમરમાં જ હૉકી રમવા લાગ્યા હતા. તેઓ ચાંદની રોશનીમાં પણ હૉકીની પ્રેક્ટિસ કરતા રહેતા હતા, જેના કારણે તેમના નામ પાછળ ચાંદ જોડાઈ ગયું, જે પાછળથી ધ્યાનચંદ થઈ ગયું. ૩ ડિસેમ્બર ૧૯૭૯ના રોજ આ મહાન હૉકી ખેલાડીનું અવસાન થયું હતું.

વહાલા કિશોર મિત્રો, ૨૯ ઑગસ્ટના રોજ રાષ્ટ્રીય રમતગમત દિને હૉકીના આ જાદુગરને યાદ કરીએ અને એકાદી રમતમાં રુચિ કેળવીએ.

## માતા મરિયમનું ઉદ્દગ્રહણ



પંદરમી ઑગસ્ટના રોજ આપણી ધર્મસભા માતા મરિયમના ઉદ્દગ્રહણનું પર્વ ઉજવે છે.


આપણી શ્રદ્ધા છે કે માતા મરિયમને તેમના આ પૃથ્વી પરના કાર્યકાળ પછી સદેહે સ્વર્ગમાં લઇ લેવામાં આવ્યાં છે. આ શ્રદ્ધાની ઘોષણા વડાધર્મગુરુ પીયૂષ બારમાએ પહેલી નવેમ્બર ૧૯૫૦ના રોજ જાહેર કરી અને ત્યારથી આપણી ધર્મસભા ૧૫ ઑગસ્ટના રોજ માતા મરિયમના ઉદ્દગ્રહણનું પર્વ મનાવે છે.

માતા મરિયમને, ઈશ્વરના માનવજાતની મુક્તિકાર્યમાં ઈશ્વર પિતાના પનોતા પુત્ર ઈસુની માતા બનવા પસંદ કરવામાં આવ્યાં હતાં. આ કાર્ય માટે જ માતા મરિયમ નિષ્કલંક જીવધારણ ગણાય છે. ઈશ્વરે માતા મરિયમને મૂળ પાપથી દૂર રાખી નિષ્કલંક જન્મ આપ્યો અને માનવજાતના તારણના કાર્યમાં સહભાગી બનાવ્યાં.

આપણે સહુ ભાગ્યશાળી છીએ કારણ ક્રૂસ પરની અંતિમ ઘડીમાં આપણા પ્રભુ ઈસુએ માતા મરિયમને પોતાના વહાલા શિષ્ય યોહાનને સોંપતાં કહ્યું હતું, "આ તારી મા..." (યોહાન - ૧૯ : ૨૫ ૨૭). અને આમ તેમણે પોતાનાં માતાને સમગ્ર માનવજાતનાં માતાના પદે સ્થાપિત કર્યાં અને આપણે સહુ તેમની પ્રેમાળ છત્રછાયામાં સમાઈ જઈએ છીએ.

આપણી કેથોલિક ધર્મસભા ઑગસ્ટની ૧૫ તારીખે માતા મરિયમના ઉદ્દગ્રહણનું પર્વ ઉજવે છે. આ દિવસે દેવળમાં જઈ ખ્રિસ્તયજ્ઞમાં હાજરી આપવી ફરજિયાત છે.

## સ્વતંત્રતા દિવસ



૧૫ ઑગષ્ટ ૧૯૪૭ના શુભ દિને આપણા ભારત દેશને ગુલામીની જંજીરોમાંથી આઝાદી મળી. વિદેશી શાસકોની સદીઓ પુરાણી ધૂંસરીમાંથી આ દિવસે આપણો દેશ મુક્ત થયો અને આપણી પોતાની રાજ્યવ્યવસ્થાનો શુભારંભ થયો. મહાત્મા ગાંધીજીની આગેવાનીમાં જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, મૌલાના આઝાદ, જેવા અસંખ્ય સ્વતંત્રતા સેનાનીઓના સ્વાર્પણને અંતે આપણે આઝાદીનું સુંદર પ્રભાત જોઈ શક્યા.


૧૯૪૭માં ભારતની આઝાદીની સાથે આપણે તિરંગા ધ્વજને આપણા રાષ્ટ્રધ્વજ તરીકે સ્વીકાર્યો. આપણા આ તિરંગા રાષ્ટ્રધ્વજની મૂળ ડિઝાઇન પિંગલી વેંકૈયા નામના આંધ્રપ્રદેશના સ્વતંત્રતા સેનાનીએ તૈયાર કરી હતી. આ ડિઝાઇનમાં ઝંડાની વચ્ચે અશોક ચક્ર ન હતું પણ ચરખાનું ચિત્ર હતું. ચરખાની ડિઝાઈનવાળો આ ધ્વજ સૌ પ્રથમ વાર ૧૯૩૧માં અખિલ ભારતીય કોંગ્રેસ સંમેલનમાં અધિકૃત રીતે સ્વીકારવામાં આવ્યો હતો. પરંતુ આઝાદી પહેલાં આ ધ્વજમાં ફેરફાર કરી અશોક ચક્રવાળા ધ્વજની ડિઝાઇન હૈદ્રાબાદની એક મુસ્લિમ મહિલા સુરૈયા તૈયબજીએ બનાવી હતી. સુરૈયા એ મહાન સ્વત્રંત્રતા સેનાની બદરુદ્દીન તૈયબજીનાં ધર્મપત્ની હતાં.



આપણા તિરંગાના ત્રણ રંગો અલગ અલગ પ્રતીકો દર્શાવે છે. મહાન તત્વજ્ઞાની ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણ કહે છે તે પ્રમાણે, "કેસરિયો રંગ ત્યાગનું પ્રતીક છે. દેશના આગેવાનોએ ભૌતિક સંપત્તિના મોહનો ત્યાગ કરી દેશસેવામાં તેમનું જીવન સમર્પિત

કરવું જોઈએ. સત્યના પ્રતીક સમાન મધ્યેનો સફેદ રંગ આપણને સત્યની રાહ પર દોરી રહો. લીલો રંગ પ્રકૃતિનું પ્રતીક છે. રાષ્ટ્રધ્વજનો આ લીલો રંગ આપણને આપણી ધરા સાથે જોડી રહો, જેના પર આપણું અસ્તિત્વ ટકેલું છે. મધ્યેનું અશોકચક્ર ધર્મચક્રનું પ્રતીક છે. આ ધર્મચક્ર પ્રમાણે ન્યાય અને સત્યની આપણી ખોજ અવિરતપણે ચાલતી રહો. વળી અશોકચક્ર ગતિનું પણ પ્રતીક છે. જ્યાં ગતિ નથી ત્યાં જીવન નથી. ગતિમાં જ પ્રગતિ છે. ભારતે પરિવર્તનનો પ્રતિકાર કરવો જોઈએ નહિ પરંતુ તેનો સ્વીકાર કરી આગળ વધવું જોઈએ. ચક્ર એ શાંતિપૂર્ણ ગતિશીલ પરિવર્તનનું પ્રતીક છે.''

**મધર થેરેસા**



દયાની દેવી તરીકે જગવિખ્યાત મધર થેરેસાનો જન્મ ૨૬ ઓગસ્ટ ૧૯૧૦ના રોજ હાલના ઉત્તર મેસેડોનિયામાં આવેલ સ્કોજે નામના શહેરમાં થયો હતો. ૧૮ વર્ષની ઉમર સુધી ત્યાં રહ્યાં. ત્યાર બાદ થોડો સમય આયર્લેન્ડ અને ત્યાર પછી મોટાભાગનું જીવન ભારતમાં વ્યતીત કર્યું હતું.

૧૯૨૯માં ભારતમાં આવી તેમણે શિક્ષણ કાર્ય શરુ કર્યું. પરંતુ ઈશ્વરે તેમને જુદા કામ માટે પસંદ કર્યાં હતાં. ૧૦ સપ્ટેમ્બર ૧૯૪૬ના દિવસે મધર થેરેસા કોલકોત્તાથી દાર્જિલિંગ ટ્રેનમાં જઈ રહ્યાં હતાં ત્યારે તેમને ઈશ્વરનો સાદ સંભળાયો. ઈશ્વરે તેમને ગરીબોની સેવા માટે હાકલ કરી. મધરે લોરેટો સ્કૂલની સુખદાયક શિક્ષક તરીકેની કારકિર્દીને વિદાય આપી ગરીબોની સેવામા ઝંપલાવી દીધું.

૧૯૪૮માં પોતાનો સાધ્વીસંઘ 'મિશનરી ઓફ ચેરિટી'ની સ્થાપના કરી. આ પહેલ મધરના જીવનમાં એક જબરદસ્ત વળાંકરૂપ સાબિત થઈ. મધરે વિશ્વભરમાં તેમના કાર્યનો ફેલાવો કર્યો. નિઃસ્વાર્થભાવે સમાજના અત્યંત છેવાડાના; ગરીબોમાં યે અત્યંત ગરીબ એવા લોકોની સેવા કરી. દુઃખી, ગરીબ, અનાથ, બીમાર, વૃદ્ધ, નિઃસહાય, એવા લોકોના સાચા અર્થમાં 'મધર' બન્યાં. નાત-જાત, ધર્મ કે દેશના કોઈ સીમાડા તેમને નડ્યા નહિ. જ્યાં પણ તેમની અને તેમની સંસ્થા મિશનરી ઓફ ચેરિટીની સેવાઓની જરૂર પડી ત્યાં તેઓ પહોંચી ગયાં. અરે.. યુદ્ધના સમયે મધર થેરેસાના કહેવાથી યુદ્ધ પણ રોકી દેવામાં આવતું જેથી તેમના સંઘની સાધ્વીબહેનો યુદ્ધમાં ઈજાગ્રસ્ત લોકોને રાહત સામગ્રી પહોંચાડી શકે અને ઈલાજ કરી શકે.

મધર થેરેસાની સેવાની કદર રૂપે તેમને વિશ્વભરમાં નવાજવામાં આવ્યા હતાં. અનેક પારિતોષિકોમાં શિરમોર સમાન શાંતિનું નોબલ ઈનામ મધર થેરેસાને ૧૯૭૯માં એનાયત કરવામાં આવ્યું હતું. તે પછી ૧૯૮૦માં તેમને આપણા દેશના સર્વોચ્ચ પુરસ્કાર ભારતરત્નથી પણ નવાજવામાં આવ્યાં હતાં. ૫ સપ્ટેમ્બર ૧૯૯૭ના દિવસે ૮૭ વર્ષની જૈફ આયુમાં મધરે અંતિમ શ્વાસ લીધા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ વડાધર્મગુરુ ફ્રાન્સિસે મધર થેરેસાને સંતોની પંક્તિમાં સ્થાન આપ્યું.

## ચિંતન પુષ્પ

**"જે વ્યક્તિ ભારે કોલાહલમાં પણ સંગીત સાંભળી શકતો હોય તે વાસ્તવમાં મહાન ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે..."**



- ડૉ. વિક્રમ સારાભાઈ

(ડૉ. વિક્રમ સારાભાઈ જન્મ શતાબ્દી વર્ષ : જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૧૯)

રાજેશ ક્રિશ્ચિયન
(M) 94265 84028
Email
rajesh.christian@yahoo.co.in



# માટી લઘુકથા

✍ કેતનકુમાર સુરેન્દ્રભાઈ મકવાણા

એનું નામ હાર્દિક. પહેલેથી જ એ મહેનતું. હાર્દિકને કોઈ પણ કામ કહો, હસતા મોંઢે કરી આપે, ક્યારેય મોઢું બગાડે નહિ. પણ મારી જોડે એને ૩૬નો આંકડો ને મને જોઈને જ મારા પર અકળાઈ જાય. કલ્પેશનો એ ખાસ મિત્ર. બંનેની જુગલ જોડી. ફિલ્મ જોવા જવું, જોડે ક્રિકેટ રમવાનું સાથે નાનપણના મિત્ર બંને. હાર્દિકની એક ખરાબ ટેવ હતી મસાલા ખાવાની. એ ઝાઝું ભણેલો નહિ. તેથી હોટલમાં કામ કરે એટલે નવરાશની પળોમાં મસાલા ચાવ્યા કરે. એના લીધે એને અશક્તિ આવી ગયેલી એટલે બે વાર તો ગ્લુકોઝના બોટલ અને એક વાર લોહીની બોટલ ચઢાવવી પડી.

એક દિવસ બપોરના સમયે એને અચાનક ખેંચ આવી ગઈ એટલે દવાખાને દાખલ કરવામાં આવ્યો. હાર્દિકને જીભથી પગ સુધી લકવાની અસર આવી ગઈ. મહિના પછી ડૉક્ટરે રજા આપી અને દરરોજ કસરત કરવાની સલાહ આપી. પણ ભાઈ એક મહિનામાં જ કંટાળી ગયા. એટલે કસરત બંધ કરી દીધી.

ચલાય નહિ તો પણ ધીરે ધીરે એક પગે ચાલીને ઘરની બહાર બેસે. હું લાઈબ્રેરીમાં જતો હોઉ ત્યારે મને બૂમ મારે એટલે રોજ હું એની જોડે વાત કરું. પછી અમે બંને ચાની લારી પર ચા પીવા જઈએ. થોડા દિવસ પછી બોરસદ ડેટા એન્ટ્રીનું કામ ચાલતું એટલે ખાસ મળવાનું બંધ થયું. એકવાર એણે બૂમ પાડી પરંતુ મેં સાંભળી નહિ. બીજા દિવસે બૂમ પાડી એટલે હું હાર્દિકને મળવા ગયો. તેણે ફરિયાદ કરી 'કેતન, તું મરી જઈશ ત્યારે હું માટી નાખવા જ નહિ આવું.' મને ખબર જ ના પડી. આ વ્યક્તિ કેમ આવું બોલ્યો હશે ? હું વિચારમાં પડી ગયો.

હું આણંદ હતો અને બે દિવસ બાદ અંકિતનો ફોન આવ્યો કે 'હાર્દિક હવે આ દુનિયામાં રહ્યો નથી.' હું વિચારમાં પડી ગયો. કેમ કે મેં બે દિવસ પહેલાં જ એની જોડે વાત કરેલી અને આમ અચાનક આવો ફોન? વિચારતો રહ્યો. ઈશ્વર હંમેશા માણસને કુદરતી રીતે સંકેત આપતો હશે ! બે દિવસ પહેલાંની અમારી એ મુલાકાત હૃદયસ્પર્શી હતી, એના શબ્દોમાં મારા પ્રત્યે પ્રેમ, સ્નેહ-લાગણી હતી. એ હવે કદાચ મૃગજળ સમાન બનીને રહી જશે, એવી મને ક્યાં ખબર હતી ? અમારી મૈત્રીની યાત્રાનો અંત એક ફોનની રીંગટોનના અવાજમાં સમાઈ ગયો ?

'દોસ્ત તારી આ વાત મારા હૃદયમાં હરહંમેશ તારી યાદ અપાવતી રહેશે. બસ દુઃખ ફક્ત રહેશે મને એક વાતનું કે આપણી મુલાકાત એક સાદ બનીને રહી ગઈ.'●

Email: ketan16mak@gmail.com

યુવા લેખક, વાંચન લેખનનો અનહદ શોખ ધરાવે છે


# કરુણામયી માતા આધ્યાત્મિક કેન્દ્ર - નગરા

Karunamayi Mata, Spirituality Centre, Nagra - 388 620,
Ta. Khambhat, Dt. Anand, Phone Landline : 02698 223256

**તા. ૧૭ ઓગસ્ટ ૨૦૧૯ આરાધના**
**ફાધર અશોક મેકવાન એસ.જે. દ્વારા ચલાવવામાં આવશે.**





| આરાધના રીટ્રીટ નવલા રૂપમાં | | |
|---|---|---|
| રાત્રિ આરાધના<br>મહિનાના ત્રીજા શનિવારે<br>રાત્રે ૧૦:૦૦ થી સવારના ૪:૦૦ સુધી | રીટ્રીટ<br>મહિનાના ચોથા અઠવાડિયે<br>શુક્રવાર સાંજથી રવિવાર બપોર સુધી | **રીટ્રીટ માટે આવનાર વ્યક્તિઓનાં અગાઉથી નામ નોંધાવશો** |
| ઓગસ્ટ ૨૦૧૯<br>તારીખ : ૧૭ | ઓગસ્ટ ૨૦૧૯<br>તા. ૨૩ સાંજથી તા. ૨૫ બપોર સુધી | આરાધના માટે દૂરથી આવનાર વ્યક્તિઓ માટે સાંજે જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. સંખ્યા અગાઉથી જણાવવા વિનંતી. |

**ફાધર ઈગ્નાસ કાનિસ એસ.જે.**
**ફાધર ડેનિયેલ આરોગ્યદાસ એસ.જે.**
**મો. ૮૮૪૯૦ ૧૦૩૧૭**

**ફાધર વિક્ટર દવમણી એસ.જે.**
**નગરા જેસ્યુટ પરિવાર**

**સિસ્ટર જ્યોતિકા એલ.ડી.**
**મો. ૯૭૧૪૧ ૩૬૪૫૭**
**અને મંગલ જ્યોત કમ્યુનિટી, નગરા**

***કરુણામયી માતા આધ્યાત્મિક કેન્દ્ર, નગરા - ૩૮૮ ૬૨૦ તા. ખંભાત, જિ. આણંદ***



# ધર્મસભાના નવીનીકરણમાં ધર્મપરિષદનું પ્રદાન



✍ ફાધર જોસેફ મંગલમ્ એસ.જે.

બીજી વેટિકન વિશ્વ પરિષદ (૧૯૬૨-૬૫)ના પરિણામ રૂપે કેથોલિક ધર્મસભાની સ્વ ઓળખમાં નોંધપાત્ર ફેરફારો થયા હતા. આ વિશે સમજૂતિ આપતાં ઈશવિદ્યા (Theology)ના પ્રખ્યાત આચાર્ય કાર્લ રાનર કહે છે કે, 'બીજી વેટિકન વિશ્વપરિષદ પછી વિશ્વધર્મસભા ઉપર યુરોપ ખંડની ગ્રીક-લેટિન સંસ્કૃતિ આધારિત ધર્મસભાનું વર્ચસ્વ ઢીલું પડે છે અને પરિણામે ધર્મસભાએ હવે વિશ્વ ધર્મસભા તરીકેની પોતાની નવી સભાનતા અને ઓળખ મેળવી છે તે આવકાર્ય બાબત છે.'

બીજી વેટિકન પરિષદ પછી કેથોલિક ધર્મસભામાં થયેલા પરિવર્તનો અને આદિ ધર્મસભાની સ્વ ઓળખમાં જે ક્રાંતિકારી પરિવર્તન થયું હતું તેની સાથે ધર્મગુરુ રાનર સરખાવે છે.

યહૂદી ધર્મના એક પંથ તરીકે શરૂ થયેલી આદિમ ધર્મસભાના પાયાના આગેવાનો સંત પીતર અને યાકૂબ હતા, અને સભ્યો બધા યહૂદીઓ હતા. સંત પાઉલ અને બાર્નાબાસના પ્રેષિતકાર્યના ફળ સ્વરૂપે બિનયહૂદીઓમાં શુભસંદેશની સ્વીકૃતિ થઈ. તેમની સંસ્કૃતિ ગ્રીક અને લેટિનની હતી ત્યારે ધર્મસભાની ઓળખમાં અને સભાનતામાં ક્રાંતિકારી પરિવર્તનો અને નવીનતા લાવવાની જરૂર જણાઈ. સદીઓ પછી બીજી વખત આ પ્રકારનાં ક્રાંતિકારી પરિવર્તન અને નવીનતા, બીજી વેટિકન વિશ્વપરિષદ દ્વારા ધર્મસભામાં લાવવામાં આવ્યાં એમ ધર્માચાર્ય કાર્લ રાનર સમજાવે છે.

આ પરિવર્તનોને સમજવા માટે ધર્મસભામાં એની સ્વ ઓળખ અને સભાનતામાં પરિવર્તનો શા માટે અને કેવી રીતે થાય છે એ સમજવાની જરૂર છે. આ કાર્યમાં ધર્મપરિષદોનો ખૂબ મહત્ત્વનો ફાળો છે.

**ધર્મસભાના વિકાસમાં ધર્મપરિષદનું સ્થાન :** ધર્મસભાના અધિકારીઓ દ્વારા વખતોવખત ધર્મપરિષદ બોલાવવામાં આવે છે. આ પરિષદમાં ધર્મસભાના અધિકારીઓ, ધર્મપંડિતો અને ધર્મસભાના કાયદાના નિષ્ણાંતો ભાગ લેતા હોય છે. ધર્મસભાના કાયદા-કાનૂનને અનુસરીને ધર્મસભાના સિદ્ધાંતો, શિક્ષણ અને શિસ્તને લગતી સમસ્યાઓ ઉપર ચર્ચાવિચારણા પછી ભેગા થયેલા પરિષદના સભ્યોની સહમતીથી જે નિર્ણયો કે ઠરાવો પસાર કરવામાં આવે છે તેને માન્ય રાખવાની પરિષદના બધા સભ્યોની ફરજ છે તો એને અમલમાં મૂકવાની દરેક શ્રદ્ધાળુની ફરજ બને છે.

આદિમ ધર્મસભામાં પ્રથમ ધર્મપરિષદ પ્રેષિતો બનેલા ઈસુના પ્રથમ શિષ્યો દ્વારા બોલાવવામાં આવી હતી. તે વખતની સમસ્યા એ હતી કે જ્યારે ઈસુના યહૂદી શિષ્યો તેમની સંસ્કૃતિ પ્રમાણે મોશેના નિયમો પાળતા હતા, તે નિયમો બિનયહૂદી, ગ્રીક અને અન્ય સંસ્કૃતિઓને પણ પાળવા પડે કે નહીં એ વિવાદનો મુદ્દો બની ગયો હતો. પ્રેષિત પીતર અને યાકૂબ યહૂદી શિષ્યો તરીકે તથા પાઉલ અને બાર્નાબાસ બિનયહૂદી શિષ્યોના પક્ષમાં તેમનો વિચાર રજૂ કરે છે. સંત પાઉલ ભારપૂર્વક રજૂઆત કરે છે કે 'ઈસુના શિષ્યો કે અનુયાયીઓ માટે ઈસુમાં શ્રદ્ધા રાખવી એ જ સૌથી અગત્યની અને જરૂરી બાબત છે; યહૂદી સંસ્કૃતિના રીતરીવાજો અને નિયમો પાળવા બિનયહૂદી શિષ્ય બાધક હોતો નથી. બંને પક્ષોની રજૂઆત અને વિચારમંથન પછી 'ઈસુના ભાઈ' તરીકે ઓળખાતા શિષ્ય અને યરૂશાલેમ ધર્મસભાના આગેવાન યાકૂબ સંત પાઉલના મંતવ્યને ટેકો આપતો ખુલાસો આપે છે. હાજર રહેલા બધાને લાગ્યું કે, 'આ નિર્ણય પવિત્ર આત્મા પ્રેરિત છે.' સૌ પ્રેષિતો અને વડીલો આ ઠરાવને વધાવી લે છે.

ત્યાર પછી ધર્મસભામાં જ્યારે નૈતિકતા કે શિસ્તપાલનને લગતા ગંભીર પ્રશ્નો ઊભા થાય ત્યારે એનો યોગ્ય ઉકેલ શોધવા માટે ધર્મસભાના અધિકારીઓ દ્વારા ધર્મપરિષદો યોજવામાં આવે છે.

વિશ્વધર્મસભાના વડા તરીકે વડાધર્મગુરુ દ્વારા કે એમના પ્રતિનિધિ દ્વારા આખી વિશ્વ ધર્મસભાના ધર્માધ્યક્ષો અને અન્ય અધિકારીઓને સાથે રાખીને યોજવામાં આવતી પરિષદને વિશ્વપરિષદ તરીકે ઓળખાવવામાં આવે છે. આવી વિશ્વપરિષદમાં ભાગ લેનાર સભ્યો ચર્ચા વિચારણા પછી જે ઠરાવ કરે છે તે વખતે તેમના મતાધિકારનો ઉપયોગ કરીને મત આપે છે. બહુમતીથી જે નિર્ણયો લેવામાં આવે, તે નિર્ણયોને વડાધર્મગુરુની સંમતિ મેળવ્યા પછી જાહેર કરવામાં આવે છે અને આ નિર્ણયો સ્વીકારવા અને અમલમાં મૂકવાની બધા શ્રદ્ધાળુઓની ફરજ બને છે.

**આધુનિક યુગની વિશ્વ પરિષદો :** આધુનિક યુગની વિશ્વ પરિષદોમાં ત્રેંત પરિષદ (૧૫૪૫-૧૫૬૩), પહેલી વેટિકન અને બીજી વેટિકન વિશ્વ પરિષદો (૧૯૬૨-૬૫)નો સમાવેશ થાય છે.

ઈટાલી દેશના ત્રેંત શહેરમાં યોજવામાં આવેલી ત્રેંત વિશ્વપરિષદનો મુખ્ય હેતુ ધર્મસભાના શિક્ષણ અને આચાર વિરુદ્ધના પ્રોટેસ્ટંટના જૂથના પડકારો ઉપર ચર્ચા વિચારણા કરી ધર્મસભાના શિક્ષણને સ્પષ્ટ રીતે રજૂ કરવાનો હતો. એની સાથે સાથે ધર્મસભાના આચરણમાં જે સુધારો કરવાની જરૂર જણાઈ તે સુધારાઓ કરવા માટે યોગ્ય પગલાં પણ લેવામાં આવ્યાં.

ત્રેંત વિશ્વપરિષદની પૂર્ણાહૂતિ પછી પહેલી વેટિકન વિશ્વ પરિષદ યોજવામાં આવી હતી. તે સમયે ધર્મસભાને પડકારતી બુદ્ધિવાદ (rationalism) અને ભૌતિકવાદ (materialism) જેવી વિચારધારાઓનો સામનો કરીને ધર્મસભાને દોરવણી આપવાનો આ વિશ્વપરિષદનો મુખ્ય હેતુ હતો. આ વિશ્વપરિષદમાં ધર્મસંઘના વડા

તરીકે વડાધર્મગુરુના અધિકાર વિશેની ચર્ચા વિચારણા પણ થઈ અને આ પરિષદે એવા સિદ્ધાંતની ઘોષણા કરી કે વડાધર્મગુરુ જ્યારે ધર્મસંઘના વડા અને સર્વ શ્રદ્ધાળુઓના આધ્યાત્મિક ગુરુ તરીકે અધિકારિક શિક્ષણ રજૂ કરે ત્યારે તેમને દૈવી દોરવણી મળતી રહે છે અને તેથી તે શિક્ષણ દ્વારા તેઓ શ્રદ્ધાળુઓને ગેરમાર્ગે દોરી ન શકે. તે સમયની રાજકીય અંધાધૂંધીના વાતાવરણમાં પરિષદમાં અન્ય વિષયો ઉપરની ચર્ચા અધૂરી રહી અને વડાધર્મગુરુ પીયૂસ નવમાએ પરિષદનું કાર્ય અધૂરું રાખીને એને બંધ કરી હતી. એના એક સો વર્ષ પછી બીજી વૅટિકન પરિષદ યોજવામાં આવી જેને ધર્મપરિષદના ઈતિહાસમાં ૨૧મી વિશ્વ પરિષદ તરીકે ઓળખવામાં આવે છે.

**બીજી વૅટિકન વિશ્વ પરિષદ યોજના પાછળનાં પરિબળો :**

મધ્યકાલીન યુરોપમાં ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં કેથોલિક ધર્મસભાએ ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તે સમયે ધર્મસભા દ્વારા ઘણી યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં વિજ્ઞાન અને અન્ય જ્ઞાનનાં ક્ષેત્રોને પ્રોત્સાહન આપવામાં આવતું.

સંત થોમાસ એક્વીનાસે (૧૨૨૫-૧૨૭૪) ધર્મસભાના આચાર્યો (Fathers of the Church), સંત અગુસ્તિન (૩૫૪-૪૩૦), અને ગ્રીક તત્વજ્ઞાની એરિસ્ટેટેલ વગેરેના લખાણોનો સમન્વય કરીને દર્શન અને ઈશવિદ્યાની નવી પદ્ધતિને વિકસાવી. આ વિચાર પદ્ધતિને ધર્મસભાની એકમાત્ર અધિકારિક વિચારધારા તરીકે સ્વીકારવામાં આવી હતી.

તુર્કી સૈન્ય દ્વારા ખ્રિસ્તી સામ્રાજ્ય બાઈઝાન્સીયમ (Bizantium) ના રાજા કોનસ્ટેન્ટાઈન દ્વારા સ્થાપના કરવામાં આવેલા સમૃદ્ધ અને વૈભવી પાટનગર કોન્સ્ટાન્ટીનોપલ કબજે કરવામાં આવ્યું ત્યારે ત્યાંના રાજદરબારના તત્વજ્ઞાનીઓ, પંડિતો અને કલાકારો તેમની પાસેના ગ્રીક હસ્તપ્રતો સાથે ઈટાલીમાં સ્થળાંતર થયા. આ પંડિતો સાથેના સંપર્કને લીધે ઈટાલીના બુદ્ધિજીવીઓ, વિચારકો અને કલાકારોને આ જ્ઞાનના ભંડારમાં ડૂબકી મારવાનો લ્હાવો મળ્યો. પરિણામે યુરોપની સંસ્કૃતિને એક નવી સ્ફૂર્તિ અને ચેતના મળી અને ત્યારથી પુનઃજાગૃતિ (Renaissance) તથા માનવતાવાદ (Hunanism) વગેરે નવી દિશામાં તત્વચિંતકો, સાહિત્યકારો, બુદ્ધિજીવીઓ અને વિજ્ઞાનીઓ ધર્મસભાની વિચારસરણી અને જીવનદૃષ્ટિથી તદ્દન અલગ રીતે વિચારતા થયા.

સમય જતાં જ્ઞાન જાગૃતિ (Enlightenment) અને અસ્તિત્વવાદ (Existentialism) જેવા દર્શનના સિદ્ધાંતો દુનિયાને અને માનવને સમજવાની નવી દૃષ્ટિઓ રજૂ કરવા માંડી. જ્ઞાનજાગૃતિના સમર્થકો આધુનિક યુગના જીવનમંત્રને સમજાવતા ત્રણ પાયાના વિચારો રજૂ કરે છે. એમાંનો પ્રથમ સિદ્ધાંત એ છે કે તર્ક અને બુદ્ધિચાતુર્યને આધારે માનવો જ્ઞાન મેળવવા સમર્થ છે. ઈશ્વર દ્વારા પ્રગટ કરેલા સત્યની કે ધર્મસભાના અધિકારીઓના માર્ગદર્શન કે દોરવણી માનવોની પ્રગતિ માટે બિલકુલ જરૂર જણાતી નથી. માનવની શક્તિઓની મદદથી માનવજાતના બધા પ્રશ્નો અને બધી સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢવા માનવો ક્ષમતા ધરાવે છે.

આધુનિકતા (Modernity)નો બીજો સિદ્ધાંત એ છે કે જે રીતે પ્રકૃતિના હલનચલનના નિયમો પ્રકૃતિમાં સમાયેલા છે તે રીતે સમાજના હલનચલનના નિયમો સમાજમાં જ છુપાયેલા છે. આ નિયમો જાણવા માટે કે સમજવા માટે ઈશ્વર કે દેવદેવતાઓની મદદની જરૂર નથી. ઈશ્વર કે દેવદેવતાઓ દ્વારા માનવોની નિયતિનું દોરી સંચાલન થતું નથી પરંતુ તે પ્રકૃતિમાં અને સમાજમાં સમાયેલા નિયમો દ્વારા થાય છે.

ત્રીજો સિદ્ધાંત એ છે કે પરંપરાગત કેળવણીની પદ્ધતિમાં તત્વજ્ઞાન, ઈતિહાસ જેવા વિષયોને મહત્ત્વ આપવામાં આવતું હતું. હવે સમાજ અને માનવોની સાંપ્રત સમસ્યાઓ ઉપર ઊંડા અભ્યાસ અને સંશોધન કરતી વિદ્યાશાખાઓ જેવા કે સમાજવિદ્યા અને અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરે વિદ્યાશાખાઓને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. આ નવી વિદ્યાશાખાઓ માનવની જરૂરી પ્રગતિ સાધવામાં વધારે ઉપયોગી છે એમ આધુનિક માનવો માને છે. એની સાથે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી વડે માનવ પ્રગતિ વધારે ઝડપથી સાધી શકાય એમ પ્રગતિશીલ માનવો માને છે. ભૌતિકશાસ્ત્ર અને સમાજવિદ્યાના પ્રયોગ વડે બ્રહ્માંડના હલનચલનની ચોક્કસ રીત હવે માનવો જાણી શકશે. આ જાતની યાંત્રિક જીવનદૃષ્ટિને અપનાવતાં ધર્મસભાનું જે વર્ચસ્વ હતું તે ઢીલું પડે છે. ધર્મનું સ્થાન હવે વ્યક્તિગત જીવન પૂરતું સીમિત ગણવામાં આવે છે. હવે માનવજીવનમાં જે ધર્મની જગ્યા હતી તે હવે વિજ્ઞાન લઈ લે છે.

આધુનિક યુગના વિજ્ઞાનીઓ, ચિંતકો અને સમાજશાસ્ત્રીઓ ઈશ્વરને માનવનો શત્રુ તરીકે ચિતરવા માંડ્યા અને કહેવા લાગ્યા કે માનવ પ્રગતિ માટે ઈશ્વર ઉપરની શ્રદ્ધાનો ત્યાગ કરવાની જરૂર છે. આવા વિચારો લોકમાનસમાં સ્વીકાર્ય અને પ્રચલિત કરવામાં તેઓ મહદઅંશે સફળ થયા છે.

ધર્મસભા દ્વારા જે નૈતિકમૂલ્યોને પરંપરાગત રીતે ટેકો આપવામાં આવતો, તેવાં મૂલ્યોનો આધુનિક યુગના વિચારકો અને વિજ્ઞાનીઓએ તિરસ્કાર કર્યો પરિણામે ધર્મસભા અને એના નૈતિકશિક્ષણ માટે પણ લોકમાનસમાં તિરસ્કારની ભાવના જાગી. આવી વિચારધારાઓના પ્રસારણને લીધે કેળવણી, આરોગ્ય, સાહિત્ય અને કલાને લગતાં ક્ષેત્રોમાં ધર્મની અને ધર્મસભાની પકડ અને અસર ઢીલી થવા માંડી.

**ધર્મસભા ઉપર વિશ્વની નોંધપાત્ર ઘટનાઓની અસર :** બે વિશ્વ મહાયુદ્ધો (૧૯૧૪-૧૮; ૧૯૩૯-૪૫)ની માઠી અસરોના અનુભવ પછી લોકમાનસમાં ધર્મસભા અને વિશ્વના રાજકારણીઓ દ્વારા યુદ્ધના જે ન્યાયીકરણ કે બચાવના દાવાઓ કે યુદ્ધની નીતિમત્તા વિશે શંકા જાગવા માંડી. અણુબોમ્બ જેવાં મારક આયુધ્ધોનો ઉપયોગ કરવાના રાજકારણ અને ન્યાયીકરણની સાથે યુદ્ધની માનવ અને આર્થિક કિંમત વગેરે ચર્ચાવિચારણાનો વિષય બની ચૂક્યો હતો. વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં નવી રાજનીતિ ઘડવાની જરૂર જણાઈ આવી હતી.

બીજા વિશ્વયુદ્ધ પછી એશિયા અને આફ્રિકા ખંડના ઘણા દેશો પરદેશી સત્તા પાસેથી સ્વતંત્ર બને છે. હવે એક નવા યુગની શરૂઆત થાય છે જ્યાં રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક વિવિધતાના સિદ્ધાંત વધારે લોકમાન્ય બને છે. *અનુસંધાન પાન નં. ૩૫ ઉપર જુઓ...*

# ધાર્મિક સતામણી : મૌન, શરમજનક !

દુનિયાભરમાં ધાર્મિક લઘુમતીઓ, ધાર્મિક સમુદાય કે વ્યક્તિ પર આસ્થા કે ધર્મના નામે મનસ્વી હિંસા કે અસહિષ્ણુતાની ઘટનાઓ દિનપ્રતિદિન વધતી જોવા મળે છે, ક્યારેક આ બધા પાછળ પૂર્વ આયોજિત ષડયંત્ર હોવાની શંકા આંતરરાષ્ટ્રીય સ્તરે જાણ થઈ છે ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘની... સામાન્ય સભાએ ઠરાવ નં. A/RES/72/XX ને 'ઈન્ટરનેશનલ કેમ્મેમોરેટિંગ ધ વિકટિમ ઓફ એક્ટસ ઓફ વાયોલેન્સ બેઈઝ ઓન રીલિજિયન ઓર બીલિફ' (International Day Commemorationg the Victims of Acts of Violence Based on Religion or Belief) આસ્થા કે ધર્મ આધારિત હિંસાનો ભોગ બનેલા પીડિતોની યાદમાં આંતરરાષ્ટ્રીય દિન જાહેર કર્યો છે અને આ પ્રકારની હિંસાને વખોડી કાઢી તેની રોકથામ કરવા સર્વકાંઈ કરવા તેમજ પીડિતોના પુનઃ ઉત્થાન માટે કાર્યરત બનવા પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરી છે.

આસ્થા અથવા ધર્મ આધારિત હિંસાનો ભોગ બનેલા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા ૨૨ ઓગસ્ટને સંયુક્ત રાષ્ટ્રસંઘે આંતરરાષ્ટ્રીય દિન તરીકે ઉજવવા જાહેર કર્યું છે. આ ઉજવણીનો પ્રસ્તાવ પોલેન્ડ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને અમેરિકા કેનેડા, બ્રાઝિલ, ઈજિપ્ત, ઈરાક, જોર્ડન, નાઈજીરિયા તથા પાકિસ્તાન જેવા દેશોએ તેને સમર્થન આપ્યું હતું. કેથલિક ધર્મસભાના દયાકૃત્યો વિભાગ-'એઈડ ટુ ધ ચર્ચ ઈન નીડ' (Aid to Church in Need-ACN) છેલ્લાં ૭૦ વર્ષથી સતામણીનો ભોગ બનેલા ખ્રિસ્તીઓને સહાય અને સેવા કરે છે. તેમણે આ ઘોષણાનો આવકાર કર્યો છે. વિશ્વમાં સૌથી વધારે આબાદી ધરાવતા ખ્રિસ્તીઓ ધર્મને કારણે અત્યાચાર વેઠી રહ્યા છે, તેમની મૌનમૂક વેદના પ્રત્યે દુનિયાભરના લોકોનું ધ્યાન જશે એ આવકારદાયક બાબત છે. વેટિકનના જાહેર મંત્રાલય અને ધાર્મિક સ્વાતંત્ર્ય તથા એ.સી.એન.ના નિયામક માર્ક રિયેદમાનની મુલાકાત મારિયા લોઝાનોઓ કરી હતી, જેનો ભાવાનુવાદ અત્રે પ્રસ્તુત છે.

**પ્રશ્ન :** આસ્થા અથવા ધર્મ આધારિત હિંસાનો ભોગ બનનારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા આંતરરાષ્ટ્રીય સ્તરે આવો દિવસ ઉજવવાનો આરંભિક વિચાર ક્યાંથી આવ્યો ? જાણકારી આપવા વિનંતી.

**ઉત્તર :** ધાર્મિક સ્વાતંત્ર્ય અંગે સંખ્યાબંધ પુસ્તકો, એકલે હાથે અથવા અન્યના સહયોગમાં પ્રકાશિત કરનાર, આ વિષય સંદર્ભમાં અંગત સંશોધન લેખ રજૂ કરનાર કુ. અવેલિના ઑકાબ જેઓ વ્યવસાયે વકીલાત કરે છે તેમણે પહેલ કરી આ વિચાર પ્રસ્તુત કર્યો હતો. સપ્ટેમ્બર-૨૦૧૭માં એ.સી.એમ.ના યજમાન પદે, રોમમાં આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી ત્યારે નિન્વે પ્લેઈન્સમાં કેટલાંક ખ્રિસ્તી ગામનું પૂર્વ નિર્માણ કાર્ય ચાલુ હતું તેનું નિર્દેશન કરતાં કુ. એવેલિનાને ધાર્મિક સ્વાતંત્ર્ય, તેનો ભંગ અને વિશેષમાં ખ્રિસ્તીઓની સતામણી પ્રત્યે વૈશ્વિક ધ્યાન સૌ પ્રથમ વખત દોર્યું હતું. આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ તેના વિચારને કાર્યાન્વિત કરવા અમે જરૂરી પ્રોત્સાહન આપ્યું હતું.

અમેરિકા, ઈંગ્લેંડ અને યુરોપિયન યુનિયનમાં આ વિચારને અનુમોદન આપનારા પ્રતિનિધિઓના સહયોગમાં ૨૦૧૮ના વર્ષમાં ૨૨ જેટલી પરિષદમાં તેમણે આ વિચાર રજૂ કર્યો હતો. ૨૦૧૮ના મધ્યમાં પૉલિશ સરકારના વિદેશ મંત્રાલયે આ વિચારને સાકાર કરવા ખાતરી આપી તેમજ અમેરિકન સરકારે પોતાના સૂચિત એજન્ડામાં આ પ્રસ્તાવને સમાવવા હૈયાધારણ આપી. કુ. અવેલિના ઑકાબના જણાવ્યા પ્રમાણે : 'સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં ક્રમબદ્ધ આ પ્રસ્તાવની રજૂઆત અને સર્વસંમતિ પ્રાપ્ત કરવાની જવાબદારી પોલેન્ડે ઉપાડી લીધી. ઘણા લોકોના સહયોગ અને પુરુષાર્થને અંતે આ લાંબી પ્રક્રિયામાંથી પ્રસ્તાવ પાર ઊતર્યો, જેમાં એ.સી.એન.ની ભૂમિકા એક પ્રેરક તરીકેની રહી હતી.'

**પ્રશ્ન :** શું આ એક ઉપયોગી કદમ છે ? ધાર્મિક સ્વાતંત્ર્ય અને ધર્મ આધારિત હિંસાને ડામવામાં આ પ્રસ્તાવ કેવી રીતે પ્રોત્સાહન આપશે ?

**ઉત્તર :** આ પ્રસ્તાવ એ માત્ર ઉપયોગી કદમ નહીં પણ નિર્ણાયક છે. ધર્મ આધારિત હિંસા અને સતામણીને વૈશ્વિક સ્તરે સામાન્ય રીતે વિશ્લેષણ કરવું ઘણું મોડું અને ઓછું છે. છતાં આ પરિષદ આ દિશામાં કંઈ કરવા કૃતનિશ્ચયી છે. આ ઠરાવ એક સ્પષ્ટ સંદેશ અને આદેશ છે. દર વર્ષે ૨૨ ઓગસ્ટ, વિશ્વને યાદ અપાવશે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ, તેના પ્રતિનિધિ દેશ અને સભ્ય નાગરિક સમાજ, ધર્મ આધારિત હિંસા હવે સાંખી લેશે નહીં !

ધર્મ આધારિત સતામણીનો ભોગ બનેલા લોકોની યાતનાઓની જાહેર નોંધ, એ ધર્મ સ્વાતંત્ર્યને અનુમોદન છે, જે આ ઠરાવના અમલથી સિદ્ધ થશે. માનવ વિકાસના સંદર્ભમાં સમાજમાં ધર્મનો સ્વીકાર, ધર્મની હકારાત્મક ભૂમિકાનો આવિષ્કાર, એ આર્થિક ઉન્નતિ માટેનો સાર્વત્રિક આવકાર છે. 'સત્ય, સર્વોત્તમ અને ઈશ્વરની ખોજ કરવી એ માનવમાત્રનો વ્યક્તિગત અધિકાર છે.' એવું વિધાન પૂર્વ વડાધર્મગુરુ બેનેદિક્ત સોળમાએ કર્યું હતું.

**પ્રશ્ન :** 'આંતરરાષ્ટ્રીય સ્તરે અને સંયુક્ત રાષ્ટ્રસંઘે, ધર્મ આધારિત હિંસા અંગે ગંભીરતાપૂર્વક નોંધ લીધી છે.' શું તેની આ નિશાની છે ?

**ઉત્તર :** દુનિયાભરના પ્રત્યેક ખંડમાં વસતા લગભગ દરેક ધર્મના અનુયાયીઓ પર ધર્મ આધારિત હિંસાનું પ્રમાણ, આંતરરાષ્ટ્રીય ધર્મસ્વાતંત્ર્ય અમેરિકન મંત્રાલય અને એ.સી.એન.ના આધારભૂત અહેવાલ પ્રમાણે વધારે જોવા મળ્યું છે, જેમાં સૌથી વધારે સતામણીની યાતના ખ્રિસ્તીઓના ભાગે છે. છેલ્લાં પાંચ વર્ષમાં ખ્રિસ્તી વિરોધી દએશ, ઈરાક, સીરિયામાં ધાર્મિક લઘુમત્તીઓના તેમજ મ્યાનમારમાં રોહિંગ્યા મુસ્લિમ સમુદાયનો કરપીણ નરસંહારના આપણે સૌ સાક્ષીઓ છીએ. તદુપરાંત આફ્રિકન ખ્રિસ્તીઓ પર આયોજિત હુમલાઓ અવિરત ચાલુ છે. આ સંજોગોમાં આપણું મૂકમૌન ખરેખર ખેદજનક-શરમજનક છે !

**પ્રશ્ન :** સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આ સિવાય અન્ય કયા ઉપાય કરવામાં આવશે ?

**ઉત્તર :** ધાર્મિક સમુદાયને તેમની જન્મભૂમિમાંથી હાંકી કાઢવામાં આવે છે. ૨૦૦૩ના આક્રમણ પહેલાં ઈરાકી ક્રિશ્ચિયનની વસ્તી ૧.૩ કરોડ હતી. આજે ત્યાં મહત્તમ ૩ લાખ જેટલી જ છે ? ધર્મ આધારિત હિંસાના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્રસંઘનું આ પગલું એ પૂર્ણવિરામ નથી પણ

એ દિશામાં આંતરરાષ્ટ્રીય સ્તરે, તેના સભ્ય દેશોના સહકારથી તેના અટકાવ માટેનું, ધાર્મિક સતામણીના અંત તરફનું એક ક્રાન્તિકારી કદમ પુરવાર થશે.

**પ્રશ્ન :** હવે પછીનાં પગલાં કયાં હશે ?

**ઉત્તર :** જેઓ ધર્મ આધારિત હિંસાનો ભોગ બન્યા છે અને ધાર્મિક સતામણીની આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીરતાપૂર્વક નોંધના પરિણામે ૨૨ ઓગસ્ટની ઘોષણા એ આ સંદર્ભમાં એક વિરાટ ડગલું છે. આ ઘોષણાને કેવી રીતે અર્થપૂર્ણ બનાવવી એ પ્રત્યેક દેશ અને સમાજ પર નિર્ભર છે. ભવિષ્યમાં ધાર્મિક સતામણી બંધ થાય એ અંતિમ પ્રયોજન છે, પણ માળખાગત અભાવને કારણે આ કંઈ રાતોરાત શક્ય નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે આ દિશામાં વિચાર કરવા માટે સમર્પિત સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવો મંચ મળ્યો છે, તે મહત્ત્વની બાબત છે, જેના પરિણામે સતામણીનો ભોગ બનેલા સમુદાયના પ્રતિનિધિઓ અથવા તેમની વચ્ચે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓને સંજોગો, પડકારો વગેરેનો પ્રથમદર્શી અહેવાલ તૈયાર-સુપરત-કાર્યવાહી કરવા હવે ઉત્તેજન મળશે.

આવી ઘટનાઓનો રીતસરનો અભ્યાસ, સતામણીનું વલણ, અત્યાચારના ગુનાઓ, આચરવાની રીત, મળતું આર્થિક ફંડ વગેરે અંગેની જાણકારી પ્રાપ્ત થતાં ભવિષ્યમાં તેને મૂળમાંથી ડામી દેવા અથવા એકલદોકલ હિંસામાંથી મોટા નરસંહારનો અટકાવ કરવામાં મદદગાર નીવડી શકે છે. આ દિશામાં યોગ્ય ઈલાજ કરી, દંડ કે સજાની જોગવાઈ દ્વારા વર્તમાન ગુનાઓમાં ઘટાડો કરી શકાય છે. વિશેષમાં ભૂતકાળમાં બનેલી ઘટનાઓના અપરાધીઓને શોધી કાઢવા, સર્વાંશે કાયદાકીય કાર્યવાહી કરવા આ જરૂરી છે. સમગ્ર વિશ્વમાં નામચીન આતંકવાદી જૂથો, જેઓ ધર્મ આધારે હિંસા-નરસંહાર આચરે છે તેમને પડકારવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘે આંતરરાષ્ટ્રીય ન્યાયાલયની સ્થાપના કરવાની પણ તાતી જરૂરિયાત છે.

**પ્રશ્ન :** સતામણીનો ભોગ બનેલા ખ્રિસ્તીઓને એ.સી.એન. શી મદદ કરે છે ? શા માટે ?

**ઉત્તર :** ધર્મશ્રદ્ધાને કારણે જેમની સતામણી થઈ છે, પીડિત છે, તેમનામાં શ્રદ્ધા અને આશા સંકોરવાનું કામ એ.સી.એન. કરે છે. તેમને સંપૂર્ણ ટેકો આપવા સાથે, આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના વતી અવાજ ઊંચો કરે છે. તેમની પરેશાનીઓ તરફ સૌનું ધ્યાન દોરવાનું કાર્ય કરે છે. આપણા દાતાઓની ઉદાર સખાવતને કારણે ગયા વર્ષ સુધી ૧૨૦ કરોડ ડોલર દાન મળ્યું હતું અને વિશ્વના ૧૪૫ દેશોમાં ૫૦૦૦ જેટલા પ્રોજેક્ટને સહાય કરી છે. દાતાઓના પાયા પર અમે શ્રદ્ધા, આશા અને દયાકૃત્યના સેતુની રચના કરીએ છીએ. જેટલો આ નાણાકીય સહયોગ જરૂરી છે એટલું જ જરૂરી છે આ ખ્રિસ્તી સમુદાયની યાતના વિશે લોકોમાં જાણકારી વધે, જેથી કરીને તેમનાં રુદન સામે કોઈ કાન આડા ન કરે, તેમની વેદનાની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવે, અને ઘટતું કરવામાં આવે. આપણા સહિયારા પુરુષાર્થથી આપણે જરૂર શાંતિ સ્થાપના કરી શકીશું.●

*ભાવાનુવાદ : જેનેટ જોન્સન ફાર્મર, ગાંધીનગર*

- Source : zenit.ore

*અનુસંધાન પાન નં. ૩૩ પરથી ચાલુ...*

આજના વિશ્વમાં સમૃદ્ધ દેશો અને ધનવાનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતો રહે છે. આના પગલે ઘણા ધનવાનો વધુ ભૌતિક સુખ ભોગવતા રહે છે. આ આર્થિક વિકાસ અને પ્રગતિમાં સહભાગી થવા સૌ કોઈ ઉત્સુક છે. આજના માનવીઓમાં એવી સભાનતા જાગી છે કે ગૌરવ અને સ્વતંત્રતા સાથે જીવન જીવવાનો સૌનો જન્મસિદ્ધ હક્ક છે, અધિકાર છે. પરંતુ હકીકતમાં અસંખ્ય લોકો ગરીબી, ભૂખમરો, બીમારી, આર્થિક અને શારીરિક શોષણનો ભોગ બનતા રહે છે, ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો.

આ બધા રાજકીય અને સાંસ્કૃતિક ચળવળો ધર્મસભાને અને એના શિક્ષણ અને એની જીવન દૃષ્ટિને પડકાર કરતા રહે છે. બીજી વેટિકન પરિષદમાં આ બધા પ્રશ્નો અને બધી સમસ્યાઓ ઉપર વિચારમંથન કરીને આ પરિષદ દ્વારા ૧૬ દસ્તાવેજો બહાર પાડવામાં આવેલ છે. આ દસ્તાવેજોમાં બાઈબલ, પરંપરા અને માનવ અનુભવ આધારિત આધિકારીક સૈદ્ધાંતિક શિક્ષણ જોવા મળે છે. આ દસ્તાવેજો ધર્મસભાની દોરવણીમાં પવિત્ર આત્માના સ્થાન વિશે પણ શિક્ષણ આપે છે.

વિશ્વધર્મગુરુ ૨૩મા યોહાને શરૂઆત કરેલી નવીનીકરણ (aggiornamento)ની પ્રક્રિયા બીજી વિશ્વપરિષદની પૂર્ણાહુતિના પચાસથી વધુ વર્ષો વીતી ગયા પછી આજે પણ ચાલુ છે. આ વિશ્વ પરિષદના દસ્તાવેજો અને નવા શિક્ષણ આધારિત ધર્મસભાએ અપનાવેલા નવા આચારવિચાર વિશે વધુ સમજૂતિ હવે પછીના લેખોમાં વિગતવાર ચર્ચા કરીશું.●


**MIHIKA BRIDALS**
*Making Brides MORE Beautiful...*
નવી તેમજ આકર્ષક ડિઝાઈનમાં *બ્રાઈડલ ગાઉન, નેટ, ગ્લોવ્ઝ, ટીયારા, બ્રાઈડ્ઝ મેઈડ ડ્રેસ, બુકે, પર્સ, ડાયમન્ડ એન્ડ પર્લ સેટ, કમ્યુનિયન / બાપ્ટિઝમ ફ્રોક...*
*રેડીમેડ તથા ઓર્ડરથી મળશે.* (અરજન્ટ ઓર્ડર લેવામાં આવશે)
**શેફાલી સેમ્યુલસન (મો. ૯૯૯૮૫ ૬૭૬૨૪)**
*'નેસ્ટ' કલગીધર, સોસાયટી, નવા ડી-માર્ટ પાસે, અમૂલ ડેરી રોડ, આણંદ*
વિઝિટ કરો :- **https://www.facebook.com/mihikabridals**

**સરજીલભાઈ** **મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬**
**૯૯૦૯૪ ૧૫૧૮૦**
**MAA સ્ટીલ ફર્નિચર**
**દરેક પ્રકારનાં દીવાલગોખલાનાં ડ્રેસિંગ કબાટ, અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.**
***વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.***

***હેરી કેટરર્સ એન્ડ ડેકોરેશન*** (અમદાવાદ બહારના પણ ઓર્ડર લેવામાં આવશે.)
*૬૨, ગ્રેસ પેલેસ, અનુપમ નગર સોસાયટી, સીટીએમ ચાર રસ્તા, અમદાવાદ*
સ્પેશીયલ લગ્ન જમણ : થાંભળી રોપણથી લઈને રીસેપ્શન સુધીનું (૫૦૦ વ્યક્તિનું) જમણ આપના બજેટમાં ફક્ત ૧,૨૫,૦૦૦માં અમને સોંપી શુભ પ્રસંગનો આનંદ માણો...
થાંભલી રોપણ :
૧૦૦ વ્યક્તિ ચ્હા, નાસ્તો, મીનરલ વોટર
લંચ : ૫૦ વ્યક્તિ
જમણ : દાળ, ભાત, શાક પુરી
સાંજે જમણ : ૧૫૦ વ્યક્તિ નોનવેજ
(ચીકન બીરીયાની, દાળ, શીરો, મીનરલ વોટર)
રાત્રે ગરબા : ૨૦૦ વ્યક્તિ ચ્હા નાસ્તો પાણી
બીજા દિવસે
૧૦૦ વ્યક્તિ ચ્હા, નાસ્તો, પાણી
સાંજે : ૭૫ વ્યક્તિ જમવાનું સાદુ
૫૦૦ વ્યક્તિ
રીસેપ્શન / લગ્નજમણ
સુપથી લઈને ડેઝર્ટ સુધી
કીરીટ ક્રિશ્ચિયન : ૯૯૦૪૭ ૫૨૨૧૨
હેતલ ક્રિશ્ચિયન : ૯૯૦૪૩ ૭૨૩૧૬
હેરી ક્રિશ્ચિયન : ૮૭૫૮૯ ૬૦૮૦૮





# સ્વ. ફાધર અમલન એસ.જે.



✍ ફાધર ડેવીડ કે. રૉય એસ.જે. (યુ.એસ.એ.)

૨૭ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ મારા ભાણા ફાધર અમલન થાઈનસના પ્રથમ આભાર ખ્રિસ્તયજ્ઞમાં સંદેશ આપ્યાના ટૂંકા ગાળામાં જ તેને શ્રદ્ધાંજલિ આપવાનું થશે એવું મેં ક્યારેય ધાર્યું પણ ન હતું. જોકે અમલનને છેલ્લી વિદાય વખતે 'આવજો' કહેવાનું પણ મારા માટે એટલું જ અઘરું હતું. પુરોહિતદીક્ષાના થોડા દિવસ પહેલાં મેં અમલનને પૂછ્યું હતું. 'ભાઈ, તારા આ પ્રથમ આભાર ખ્રિસ્તયજ્ઞમાં તારા તરફથી કંઈ કહેવાનું છે ? તેણે કંઈક કહ્યું પણ ખરું, પણ સંજોગવસાત અજાણતામા હું એ ભૂલી ગયો, કારણ હું માનું છું કે આપણું જીવન એક રહસ્ય અને ચમત્કાર છે, પ્રભુના ધામમાં જવા ક્યારે તેડું મળશે તે વિશે આપણને કોઈને ખાતરી નથી ! વાસ્તવમાં જ્યારે અમે ગુજરાત પાછા ફરી રહ્યા હતા ત્યારે, તેણે મને અચૂક યાદ દેવડાવ્યું કે, તેણે જણાવેલી બાબત, પ્રથમ આભાર ખ્રિસ્તયજ્ઞમાં રજૂ કરવાનું હું ભૂલી ગયો હતો, જે અત્યારે જણાવું છું. અમલને કહ્યું હતું : 'બ્રેઈન ટ્યુમરની બીજીવારની સર્જરી તથા કેમોથેરાપી-રેડિયેશનની સારવાર બાદ જીવનના આ સંજોગોમાં મને નથી લાગતું કે હું એક વર્ષ કરતાં વધારે જીવી શકું ! હું તો હજુ પણ ભરોસો રાખું છું અને તમે ચમત્કાર માટે પ્રાર્થના કરો, પણ આજની પરિસ્થિતિ જોતાં લાંબા જીવનની મને અપેક્ષા પણ નથી. આજ કારણથી મારી પુરોહિતદીક્ષા માટે, આપણી માતા મરિયમના શબ્દો મેં પસંદ કર્યા છે.' તારી વાણી મારે વિશે સાચી પડો. અર્થાત્ 'મારા જીવનમાં જે કંઈ બને તેનો ઈશ્વરેચ્છા તરીકે હું સ્વીકાર કરીશ.'

આ માત્ર કહેવા પૂરતા શબ્દો ન હતા, પણ તે એ પ્રમાણે જીવ્યો પણ ખરો. આ દુન્યવી જીવનના છેલ્લા ત્રણેક મહિના, તેનાં મમ્મી તેની સારવાર અર્થે સાથે હતાં. ઘણીવાર તેમને પ્રશ્ન થયો હતો : 'પ્રભુ શા માટે તને આટલી યાતના આપે છે ? અને જ્યારે તું પુરોહિત છે ત્યારે ?' અમલનનો જવાબ હતો : 'અમ્મા, આ દુઃખ માટે પ્રભુને દોષ આપશો નહીં. પ્રભુ તો મહિમાવાન અને મહેરબાન છે.'

ત્રીજી સર્જરી પછી ફાધર વર્ગીસ, ફાધર સઈજી અને હું તેની સાથે સંત ઈગ્નાસના પર્વ ટાણે ખ્રિસ્તયજ્ઞમાં જોડાયા હતા. એક યાજ્ઞિકના વસ્ત્રપરિધાન સાથે કદાચ આ તેનો છેલ્લો ખ્રિસ્તયજ્ઞ હતો એમ મારું માનવું છે. ડાબો હાથ અને પગ લકવાગ્રસ્ત હોવાથી પથારીવશ તેણે મજાકમાં કહ્યું હતું કે, 'આજે તે સંત ઈગ્નાસ સાથે એકરુપ બન્યાની લાગણી અનુભવે છે.' 'પ્રત્યેક વર્ષે પ્રભુ મારી આકરામાં આકરી કસોટી કરી રહ્યા છે, પણ હું છેવટ સુધી તેમને વફાદાર રહીશ' એમ તેણે ઉમેર્યું હતું. તેણે ભાગ્યે જ પોતાની માંદગી કે પીડા અંગે ફરિયાદ કે બડબડાટ કર્યો હશે. બીમારીને પ્રભુની કૃપા તરીકે સ્વીકારી મૌનમૂક સહન કરી. ખરેખર તે અંત સુધી વફાદાર રહ્યો હતો.

અમલન અભ્યાસી, હોંશિયાર અને મહેનતું યુવાન હતો. વિજ્ઞાન પ્રવાહમાં બારમા ધોરણની પરીક્ષામાં તેણે ૮૦% થી વધારે ગુણ મેળવ્યા હતા અને સ્નાતકની પરીક્ષા પહેલાંનાં વર્ષોમાં સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદમાં રસાયણ વિજ્ઞાનના અભ્યાસમાં પણ વર્ગમાં મોખરે હતો. એક વખત રસાયણ વિજ્ઞાન સાથે ઉચ્ચ અભ્યાસ કરવા મેં પૂછ્યું હતું ત્યારે અભ્યાસ કરતાં 'જેસુઈટ રીલિફ સર્વિસ' (JRS)માં સેવા કરવા તેણે ઈચ્છા દર્શાવી હતી.તેણે પોતાની આ મહેચ્છા પ્રાન્તાધ્યક્ષ આગળ વ્યક્ત કરી હતી અને રીજેન્સી માટે તેને કમ્બોડિયા મોકલવામાં આવ્યો હતો. કમ્બોડિયા નિવાસ દરમિયાનના તેના આધ્યાત્મિક સલાહકારે એક વખત લાગણી વ્યક્ત કરી હતી. 'અમલન બહુ જ ટૂંકા સમયમાં કમ્બોડિયાની સ્થાનિક ભાષા - ખમેર શીખી ગયો હતો અને પ્રૈષિતિક કાર્ય મોજથી કર્યું હતું.' ફાધર પ્રાન્તાધ્યક્ષે પણ અમલનની ખમેર ભાષા શીખવા માટેની ધીરજ અને ત્યાંના લોકો પ્રત્યેની ચાહતની પ્રશંસા કરી હતી. ખૂબ જ ચોકસાઈપૂર્વક તે નોંધ તૈયાર કરતો અને ત્યાર પછી વ્યવસ્થિતપણે અભ્યાસ કરતો હતો. પુરોહિતદીક્ષા પછી માત્ર છ એક મહિના સુધી જ પુરોહિત જીવન જીવી શક્યો હતો તેમ છતાંયે ખ્રિસ્તયજ્ઞની પૂર્વ તૈયારી માટે ઘણો સમય તે ફાળવતો હતો.

અમલન અનાસક્ત વ્યક્તિ હતો. અમે નજીકના સગા હોવા છતાં શરૂઆતનાં ગુજરાતનાં ૧૨ વર્ષ દરમિયાન અમે ભાગ્યે જ એકબીજાના સંપર્કમાં હતા. પ્રંસગોપાત તે ક્યારેક વાત કરતો અને ઘરબારના સમાચાર જણાવતો હતો. તેણે ક્યારેય મને મામા તરીકે સંબોધન કર્યું ન હતું પણ બ્રધર/ફાધર કહેતો હતો. આ રીત મને પસંદ હતી કારણ તે સ્વતંત્ર હતો. માત્ર જ્યારે બ્રેઈન ટ્યુમરનું નિદાન થયું ત્યાર પછી અમે વધારે સંપર્કમાં આવ્યા. બીમારીને કારણે રોજબરોજની મુસીબતો અંગે વાતચીત થતી હતી. 'મારું કહેવું યર્થાથ છે' એમ જાણ્યા નાજાણ્યા વિના જ કેટલીકવાર હું એની પીડામાં સહભાગી-મદદરૂપ બનવા કોશિશ કરતો હતો. સામાન્ય રીતે દરેક સર્જરી પહેલાં અમારી ટૂંકી મુલાકાત થતી. એ મારા માટે સંભારણું હતું. પુરોહિત દીક્ષા પછી કોઈકે તેને થોડી રકમ દાનમાં આપી હતી જે તેણે એકાદ કામદારને મદદ માગતાં આપી દીધી હતી અને પોતાના સાથીદાર ફાધર અરુલ રાયન સાથે સ્વાનુભવ જણાવ્યો હતો. 'જ્યાં સુધી આ નાણાં મારી પાસે હતાં ત્યાં સુધી તેનો શો ઉપયોગ કરવો, કેવી રીતે સાચવી રાખવાં એમ અવારનવાર તેમાં જ ચિત્ત પરોવાયેલું રહેતું, હવે મને હાશકારો લાગે છે !' પણ જીવનના છેલ્લા દિવસોમાં અમ્માની સાથે રહેવાની ઈચ્છાથી મને આશ્ચર્ય થયું હતું. પણ અનાયાસે તેણે સ્પષ્ટતા કરી હતી કે અમ્માએ રાત-દિવસ સખત મહેનત કરી છે એટલે તેની સારવારમાં રહે તેટલા દિવસ તો પગવાળીને બેસી શકે !

અમલન પોતાનાં સમય અને શક્તિ ખર્ચવામાં અત્યંત ઉદાર હતો. વાળની હજામત, નખ કાપવા અને માલિશ કરવા માટે અમલનની તત્પરતા માટે મધર થેરેસા આશ્રમના રહેવાસીઓ અને સાધ્વીબહેનો તેને હંમેશા યાદ કરશે. કોઈપણને મદદગાર બનવા કે કોઈની હજામત કરવા તે હંમેશા સુલભ રહેતો. કમ્બોડિયાથી પાછા ફરતાં, એક દાતાએ અમલનના પરિવારને મદદરૂપ બનવા એક હજાર ડૉલર આપ્યા હતા જે તેણે એક વયોવૃદ્ધ ગરીબ રસોઈયાને ઘર માટે પ્લોટ ખરીદવા અને નાનકડું ઘર બાંધવા આપ્યા હતા. એ સાચું કે તેનો પરિવાર એટલો સુખી-સપન્ન નથી છતાં અમલનની આ એક ખાસિયત હતી કે કોઈપણને કંઈપણ આપવા માટે તે અનહદ ઉદાર હતો.

માત્ર છ એક મહિનાનું જ પુરોહિત જીવન અમલન ભરપટ્ટે જીવ્યો હતો, કારણ ત્રીજી સર્જરી બાદ તેનું ડાબુ અંગ લકવાગ્રસ્ત બની ગયું હતું. આજ સંદર્ભમાં ફાધર પ્રાન્તાધ્યક્ષે તેની અંતિમ વિદાયના ખ્રિસ્તયજ્ઞની પ્રસ્તાવનામાં જણાવ્યું હતું : 'પોતાનું પુરોહિત જીવન જીવવા માટે અધીરો બનેલો તે એક યુવાન પુરોહિત હતો.' નિરાધારોનાં માતાના તીર્થધામમાં દિવસોના દિવસો સુધી આખો દિવસ આવતા-જતા લોકોને મળવા-વાત કરવામાં તે ગાળતો હતો, જેની અસરને કારણે જ્યારે તે પથારીવશ બન્યો ત્યારે સંખ્યાબંધ લોકો તેને મળવા માટે આવતા હતા. ખ્રિસ્તયજ્ઞની ઉજવણીમાં અનહદ પ્રેમ હતો. પાછળથી જ્યારે તે ખ્રિસ્તયજ્ઞની ઉજવણી કરવા અશક્ત હતો ત્યારે ખ્રિસ્તયજ્ઞ ન કરવા કે સંસ્કાર ન અંગીકાર કરવા માટે તે ભારે અફસોસ વ્યક્ત કરતો હતો.

અમલન આધ્યાત્મિક, આશાવાદી અને ભરપૂર શ્રદ્ધાવાળો માણસ હતો. અનેકાનેક લોકો આગળ તેણે ભાવના વ્યક્ત કરી હતી કે તે જરૂરથી સ્વર્ગધામમાં જશે. 'કારણ હું તો પ્રભુનું સંતાન છું, પ્રભુ બીજે ક્યાં મને મોકલશે !' પ્રભુ મને ચાહે છે. એવી લાગણી તેના જીવનનાં છેલ્લાં પાંચ વર્ષમાં સર્વોપરી રહી હતી. તે આનંદી અને માયાળુ હતો. પોતાના મિત્રો-સાથીદારો સાથે મસ્તીમજાક કરવાનું તેને પસંદ હતું. સાથીદારોની સંગતમાં ગીતો લલકારવામાં તેને કોઈ આંબી શકે તેમ ન હતું. તેની હકારાત્મક અને આશાભરી વાતોએ મારામાં નવી શક્તિનો સંચાર કર્યો છે.

આખરે અમલન પણ એક માણસ હતો. બે એક પ્રસંગો-જ્યાં લોકોના અભિગમથી તેને પારાવાર દુઃખ થયું હતું, તે નાસીપાસ થયો હતો. આ દુઃખદ બાબત જણાવતાં અંતે જરૂર ઉમેરતો 'મામા, મેં તેમને માફ કર્યા છે.' તેના મૃત્યુના ત્રણેક મહિના પહેલાં તેણે મને જણાવ્યું હતું કે, 'તેને મૃત્યુનો ડર લાગે છે !' જોકે તે ખરેખર મૃત્યુનો ડર ન હતો, પણ મૃત્યુ પહેલાં ખરેખર શું બનશે તેનો ભય હતો. કેટલાક સમય તે અવાક્ અને શાંત રહ્યો હતો, એટલે સુધી કે ખબરઅંતર પૂછનારને પણ તે ભાગ્યે જ જવાબ આપતો અને હવે લોકો ફરિયાદ કરવા લાગ્યા હતા કે, 'અમલન જવાબ જ નથી આપતો.' જ્યારે આ વાત મેં તેને જણાવી ત્યારે તેણે કહ્યું હતું : 'હું કેટલી યાતના ભોગવી રહ્યો છું તે ભાગ્યે જ કોઈ સમજે છે.' તેમ છતાંયે આંતરિક સંઘર્ષ અને ગડમથલે તેને બેહાલ બનાવી દીધો હતો તે વાત ક્યારેય બીજાને દુઃખી ન કરવાના ઈરાદે જણાવી ન હતી.

અમલનનાં અમ્માએ ત્રણેક મહિના તેની સારવારમાં ગાળ્યાં હતાં. અમલનને પર્યાપ્ત માત્રામાં માતૃપ્રેમ અનુભવ્યો હતો. અમ્મા માત્ર તમિલ જાણતાં હતાં પણ આવનાર-જનારે મૌનમાં પણ માતૃત્વ માણ્યું હતું. અમ્મા તેને ખવરાવતાં, તેની સાથે અને તેના માટે પ્રાર્થના કરતાં, હસતાં-ગાતાં અમલનની જેમ પ્રભુની ઈચ્છા સ્વીકારી હતી. પોતાના પહેલા ખોળાના દીકરાને દુઃખ ભોગવતાં અને ધીમે ધીમે મૃત્યુના મુખમાં ધકેલાતા જોવું અમ્મા માટે અસહ્ય તો હતું જ. 'મારા બાળપણ કરતાં હાલમાં મેં મારાં અમ્માનો પ્રેમ વધારે અનુભવ્યો છે.' એમ અમલને ફાધર મોઈસન આગળ એકરાર કર્યો હતો.

જીવનના અંતિમ ચાલીસ દિવસમાં સાતેક વખત મેં તેની મુલાકાત કરી હતી. તેની પારાવાર પરેશાની જોતાં હું મનોમન ભગવાનને ફરિયાદ પણ કરતો હતો. 'પ્રભુ એક નિર્દોષ-પ્રેમાળ યુવાનને આટલું દુઃખ કેમ !' કદાચ અમલનને કાને મારો બબડાટ પડ્યો હોત તો જરૂર કહ્યું હોત, 'મામા, પ્રભુ મહાન છે, તેમના માથે દોષ ચડાવશો નહીં.' મને લાગે છે માર્ચના મધ્યમાં અમેરિકાથી સ્કાઈપ પર મેં લગાતાર ૮૦ મિનિટ સુધી તેની સાથે વાતચીત કરી હતી અને એ હવે કાયમી ભેટ બની ગઈ. એના અવાજમાં તેની નાદુરસ્તીની બદતર સ્થિતિનો તાગ મને મળી ગયો હતો, તે પછી તેની વાચા જાણે બંધ થઈ ગઈ હતી અને અમે ભાગ્યે જ વાત કરી હતી. પ્રત્યેક મુલાકાતીઓને તે અચૂક કહેતો કે 'મામા, ૧૭ મે ના રોજ મળવા આવશે.' પણ જ્યારે હું પહોંચ્યો ત્યારે ભાગ્યે જ તે જબાન ખોલી શક્યો ! થોડા ઘણા શબ્દો બોલ્યા ન સાંભળ્યા પણ તેના બાળ સહજ સ્મિત પર હું વારી ગયો હતો. સંખ્યાબંધના ઈસુસંઘીઓએ એક નાના ભાઈની જેમ તેની સારવાર કરી પણ આખરે ૨૭ જૂન, ૨૦૧૯ ના રોજ પિલાર હોસ્પિટલ, વડોદરા ખાતે ફાધરે છેલ્લો શ્વાસ લીધો હતો અને ૨૮ જૂન ૨૦૧૯ના રોજ રોઝરી મહાદેવાલય, વડોદરા ખાતે તેમને અંતિમ વિદાય આપવામાં આવી હતી.

જીવનના આરંભથી જ પરમધામ તરફનું પ્રયાણ શરૂ થાય છે. એટલે જ પ્રભુની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી, સદૈવ પ્રભુ માટે જીવવામાં જ આનંદ છે, એટલે ફાધર અમલનની જેમ પ્રત્યેક પળ પ્રસન્નતાભરી પસાર કરતાં, પ્રભુની આશા-વિશ્વાસમાં ગાળતાં, ઈશ્વરેચ્છાનો સ્વીકાર કરતાં, અનાસક્ત અને ઉદાર બનતા પ્રભુના પ્રજાજનોમાં છેવાડાના માનવીની સંભાળ રાખતાં પ્રભુને રાજી રાખીએ એ જ અમલનની શ્રદ્ધાંજલિ હોઈ શકે. પ્રભુ ફાધર અમલનના આત્માને શાંતિ અને પરિવારજનો-સાથી ઈસુસંઘીઓને સાંત્વના આપે એ જ પ્રાર્થના.●


REAL STAINED GLASS ART

**ARCHITECTS - INTERIOR DESIGN APPLICATIONS**

**An Art of Real Colour Glass, Plain, Textured Glass**

**Assembled with lead came Technique**

Church Windows, Architectural Design, Residence, Corporate Office, Domes, Skylight, Lamps & Lanterns Stained Glass & Iron Sculpture for Garden, Landscape & Farm House, Jewellery Shop Exhibits, Wall & Window Hangings, Crosses Etc.

**D.S. Pancholi : (M) 98243 71212**

# શિષ્યવૃત્તિ અંગે માહિતી

ભારત સરકારની ધાર્મિક લઘુમતી જાતિઓના વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રિક (ધો. ૧ થી ૧૦ સુધી) પોસ્ટ મેટ્રિક (ધો. ૧૧ થી પી.એચ.ડી. સુધી) તથા મેરિટ ક્રમ મીન્સ (વ્યવસાયિક તથા તકનીકી અભ્યાસક્રમ) શિષ્યવૃત્તિ માટે ઓનલાઈન અરજીપત્રક ભરવાની પ્રક્રિયા ફક્ત ક્રિશ્ચિયન લાભાર્થીઓ માટે જ તારીખ ૦૧-૦૮-૨૦૧૯ થી હાથ ધરવામાં આવશે.

ઓનલાઈન અરજીપત્રક ભરવા માટે સરકારશ્રીના નિયમાનુસાર ધાર્મિક લઘુમતી જાતિનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ફરજિયાત સામેલ કરવાનું રહેશે. અધૂરી માહિતી અને અપૂરતા પુરાવા સાથે ફોર્મ ભરવામાં આવશે નહીં.

### અરજી કરવા માટે નીચેના પુરાવા લાવવા (ફરજિયાત)

૧. આધાર કાર્ડ  ૨. ગુજરાત રાજ્યના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઈલ સર્ટિફિકેટ) રેશનકાર્ડ / લાઈટ બિલ
૩. નવા(ફ્રેશ) અને જૂના(રીન્યુઅલ) વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટ(૫૦ ટકા કે તેથી વધારે હોવા જરૂરી)
૪. વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો/સ્વપ્રમાણિત નકલ (ફરજિયાત)
૫. જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી, પ્રવેશ ફીની પહોંચ
૬. વિદ્યાર્થીની બેંક પાસબુક (**IFSC Code, MICR Code** સાથેની)
૭. રીન્યુઅલ વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષની **Student Registered ID** લાવવી.
૮. નવા(ફ્રેસ) તથા જૂના (રીન્યુઅલ) વિદ્યાર્થીઓએ અરજીકરવાની છેલ્લી તારીખ

પ્રિ-મેટ્રિક (ધો. ૧ થી ૧૦ સુધી) તા. ૧૫-૧૦-૨૦૧૯,  પોસ્ટ મેટ્રિક (ધો. ૧૧ થી પી.એચ.ડી. સુધી) તથા મેરીટ-કમ-મીન્સ ૩૧-૧૦-૨૦૧૯

**સ્થળ : સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર્સ કેથોલિક ચર્ચ, ગામડી-આણંદ પેરિશ ઓફિસ,**
**સમય : બપોરે ૧૨:૩૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી, (સોમવાર થી શનિવાર)**

**સંપર્ક : (૧) ફાધર મોઈશન એસ.જે. : મો. ૯૯૦૯૮ ૨૮૩૭૫, (૨) હાર્દિક મેકવાન : મો. ૯૦૩૩૩ ૯૪૨૪૯**
**(૩) ચિરાગ મેકવાન : ૯૫૧૦૮ ૪૯૬૨૧, (૪) સુરેશભાઈ મેકવાન : ૯૪૦૮૭ ૮૯૫૪૯ (૫) મકનભાઈ ખ્રિસ્તી : ૯૩૭૬૬ ૦૪૮૦૩**

**Web Site : www.scholarships.gov.in,**
**Candidates can contact the Help Desk for resolution of the technical problems, Ph. No. 0120 6619540**

# બિશપ નર્સિંગ સ્કોલરશિપ

ઉપરોક્ત સ્કોલરશિપનો લાભ મેળવવા ઈચ્છતી બહેનોએ આ સ્કોલરશિપ માટેનાં અરજીપત્રક પોતાના ધર્મવિભાગના મુખ્યસભાપુરોહિત પાસેથી મેળવી, સંપૂર્ણ વિગતો ભરી, અરજી મુખ્ય સભાપુરોહિતને જમા કરાવવાનાં રહેશે. તમામ અરજીપત્રકો મુખ્ય સભાપુરોહિતશ્રીએ ફાધર થોમસ, બિશપ હાઉસ, મિરઝાપુર અમદાવાદ - ૩૮૦૦૦૧, ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૯ પહેલાં સુપરત કરશે.

આ સ્કોલરશિપનો લાભ **ANM, GNM** કે **BSC** નર્સિંગનો કોર્સ કરતી, અમદાવાદ ધર્મપ્રાંતની કેથોલિક બહેનો જ લઈ શકશે. ટૂંકાગાળાના નર્સિંગ કોર્સમાં જોડાયેલ બહેનો માટે આ સ્કોલરશિપ નથી. આર્થિક રીતે નબળી, ત્યક્તા અને વિધવા બહેનોને પ્રથમ અગ્રિમતા આપવામાં આવશે. તદુપરાંત શૈક્ષણિક ગુણવત્તા પણ ધ્યાનમાં લેવાશે.

## -: અરજીપત્રક સાથે નીચેના દાખલા રજૂ કરવાના રહેશે :-

૧. જે સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હોય તે પ્રવેશનો પુરાવો. (ફીની રસીદ / પહોંચની પ્રમાણિત નકલ)
૨. પોતાના ધર્મવિભાગના મુખ્ય સભાપુરોહિતનો ભલામણપત્ર
૩. કોઈપણ વર્ષ માટે અરજી કરનાર બહેનોએ અગાઉના વર્ષના પરિણામની પ્રમાણિત નકલ.

**વિશેષ નોંધ :** આ સ્કોલરશિપ અભ્યાસકાળ દરમિયાન માત્ર એક જ વખત આપવામાં આવશે, જેથી અગાઉ મેળવેલ બહેનોએ પુન: અરજી કરવી નહિ.

# મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**પ્રવાસ ૧ :**
**ઉદયપુર-જયપુર-હલ્દીઘાટી-અજમેર-પુષ્કર-ચિતોડગઢ**
પ્રવાસ તા. ૧૦/૦૮/૧૯, રાત્રે૮:૦૦ કલાકે
પરત તા. ૧૬/૦૮/૧૯ સવારે
ટિકિટ દર રૂા. ૫૪૦૦ (AC Bus)

**પ્રવાસ ૨ :**
**ઉદયપુર-હલ્દીઘાટ-ચિતોડગઢ**
પ્રવાસ તા. ૦૯/૦૮/૧૯, રાત્રે ૮:૦૦ કલાકે
પરત તા. ૧૩/૦૮/૧૯ સવારે
ટિકિટ દર રૂા. ૨૫૦૦ (AC Bus)

**પ્રવાસ ૩ :**
**મુંબઈ-એલિફન્ટા**
(બસ-૧) પ્રવાસ તા. ૨૩/૦૮/૧૯, રાત્રે ૮:૦૦ કલાકે
પરત તા. ૨૬/૦૮/૧૯ સવારે
(બસ-૨) પ્રવાસ તા. ૧૩/૦૯/૧૯, રાત્રે ૮:૦૦ કલાકે
પરત તા. ૧૬/૦૯/૧૯ સવારે
(બસ-૩) પ્રવાસ તા. ૧૬/૦૮/૧૯, રાત્રે ૮:૦૦ કલાકે
પરત તા. ૧૯/૦૮/૧૯ સવારે
ટિકિટ દર રૂા. ૨૫૦૦ (AC Bus)

**પ્રવાસ ૬ :**
**માઉન્ટ આબું**
પ્રવાસ તા. ૨૦/૦૯/૧૯, રાત્રે૮:૦૦ કલાકે
પરત તા. ૨૩/૦૯/૧૯ સવારે
ટિકિટ દર રૂા. ૨૦૦૦ (AC Bus)

**પ્રવાસ ૫ :**
**દમણ**
(બસ-૧) પ્રવાસ તા. ૦૮/૦૯/૧૯
સવારે ૪:૦૦ કલાકે, રાત્રે પરત
(બસ-૨) પ્રવાસ તા. ૨૯/૦૯/૧૯
સવારે ૪:૦૦ કલાકે, રાત્રે પરત
(નોંધ: દમણ પ્રવાસમાં જમવાનું સ્વ-ખર્ચે રહેશે.)
ટિકિટ દર રૂા. ૮૦૦ (AC Bus)

**પ્રવાસ ૪ :**
**ગોવા-મહાબળેશ્વર-પંચગીની-લોનાવાલા-ખંડાલા-મુંબઈ**
(બસ-૧) પ્રવાસ તા. ૨૫/૧૦/૧૯, બપોરે ૧૨:૦૦ વાગે
પરત તા. ૦૨/૧૧/૧૯ સવારે
(બસ-૨) પ્રવાસ તા. ૦૩/૧૧/૧૯, બપોરે ૧૨:૦૦ વાગે
પરત તા. ૧૧/૧૧/૧૯ સવારે
ટિકિટ દર રૂા. ૬૯૦૦ (AC Bus)

**બસ ઉપડવાનું સ્થળ :**
૧. સીટીએમ અમદવાદ
૨. ટીપી.૧૨ પાણીની ટાંકી પાસે
છા.જ.ના.કા, વડોદરા

- દરેક પ્રવાસમાં એક ટાઈમ ચ્હા-નાસ્તો, બે ટાઈમ જમવાનું તથા હોટલમાં રહેવા સાથે.
- દરેક પ્રવાસની બસ અમદાવાદ-આણંદ-નડિયાદ-વડોદરા થઈને જશે અને સીટ બુક પણ થશે.
- રૂા.૧૦૦૦ આપી સીટ બુક કરાવો.

**સંપર્ક : મહેશ એચ. વાઘેલા**
**(ક્રિશ્ચિયન)**
મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧
મો. ૮૩૨૦૧ ૫૦૭૩૮

---

## બે મકાનો વેચવાના છે

2 BHK લકઝરીયસ મકાન, બે બેડરૂમ, ડ્રોઈંગરૂમ, કિચન તથા બે બાથરૂમ, ટોયલેટ, ૧૨૫૦ સ્કવેરફૂટ બાંધકામ પ્રાર્થના પાર્કની બાજુમાં ડિવાઈન પાર્ક સોસાયટી, ચાવડાપુરા, આણંદ

**કેતનકુમાર : મો. ૯૮૨૪૪ ૪૬૦૬૬**

---

## વેચાણ આપવાના છે

**2 BHK લકઝુરીયસ રો-હાઉસ**

(સ્વતંત્ર બોર ઘર દીઠ સાઈડમાં જગ્યા સાથેના)
ગ્રાઉન્ડ ફ્લોર - હોલ + કીચન + ટોયલેટ + બાથરૂમ.
ફર્સ્ટ ફ્લોર - બે બેડરૂમ + અટેચ્ડ ટોયલેટ + બાલ્કની

સ્થળ : જે.કે. પાર્ક વિભાગ-૨, એચ.કે. પાર્કની પાછળ,
એલીમ ચર્ચ રોડ, મિશન રોડ, નડિયાદ

વધુ વિગત માટે : હિમાંશુ મેકવાન (મો. ૯૯૦૯૦ ૦૬૮૯૭, ૭૯૮૪૦ ૬૩૮૭૭)

---

## મકાન વેચવાનું છે



3 BHK, નવરંગ ટાઉનશીપ,
ગ્રીનલેન્ડ પાર્ક સોસાયટી પાસે,
મિશન રોડ, નડિયાદ

**સંપર્ક: મો. ૯૪૨૭૧ ०९८९८**

---

**CANADA STUDENT VISA**
• SDS, NON – SDS All Colleges
**CANADA VISITOR VISA**
• With Invitation Letter
**USA VISITOR VISA**
Internship Residence Permit
Mauritius NO IELTS

**Word Overseas**
F8, FK Orchid, Opp. Elim Church, Mission Road, Nadiad
Mo : +91 99242 11299

---

## મકાન વેચવાનું છે

ખ્રિસ્તી એરિયામાં પવિત્ર મારિયાની ટેકરીની સામે,
બે માળનું મકાન, અંબિકા સોસાયટી, ગામડી, આણંદ

**: સંપર્ક :**

**મો. ૯૯૭૯૩ ००६७६**

---

## મકાન વેચવાનું છે




૭૨૦ સ્કવેર ફૂટ, બીજો માળ,
બી-૨૦૫, પરમ ક્રિષ્ના કોમ્પ્લેક્ષ,
ગણેશ ચોકડી નજીક, આણંદ

**મો. ૯૫૭૪૪ ૬૪૪૫૫**





FAST OFFER LETTER
BACKLOGS ACCEPTED

WALK IN FOR

SPECIALISED IN
UNIVERSITY ADMISSION

SMILE FOREIGN EDUCATION
ADVANTAGES
- 150+ PARTNER INSTITUTIONS
- HIGH VISA SUCCESS RATE
- CERTIFIED COUNSELLORS

**Call Us: ☎ +91 9033997979**

Office : 201, ABC II, St. Xavier's Cmpus Corner, H.L. College Road, C.G Road,
Ahmedabad Gujarat 380009





## "વેલી'સ બ્લિસ"

ઓક્ટોબર અને નવેમ્બરનું બુકીંગ ચાલું છે.

ડીઝાઈનર સ્ટુડિયો

બ્રાઈડલ ગાઉન, બ્રાઈડસ મેઈડ ગાઉન,
કમ્યુનિયન ફ્રોક, ડિઝાઈનર વેડિંગ ડ્રેસીસ
Geniune and quality customers only

સંપર્કઃ **પ્રિન્સ મેકવાન** (ફેશન ડિઝાઈનર)
૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૯૨૯૨**


## Matrimonial

A Gujarati Catholic girl, age - 30, Ht. 5.7, Education : M.B.A., M.Phil, working as Asst. Prop. L.J. Integrated MBA (Ahmedabad) Seeking Suitable Partner.

**Contact : 76988 56207, 94272 64756**


## બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ

Bride & Bridals
BRIDAL BOUTIQUE

- આકર્ષક ઈમ્પોર્ટેડ વેડિંગ ગાઉન મળશે.
- ડિઝાઈનર વેડિંગ ગાઉન, ફ્લાવર ગર્લ્સ ડિઝાઈનર-ફ્રોક, કલર ગાઉન, ફર્સ્ટ કમ્યુનિયન અને બેપ્ટિસમ-ડિઝાઈનર ફ્રોક, ગાઉન બનાવનાર.

Parul Macwan ચંદ્રનિલય સૂર્યનગર સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ.
**✆ 79906 81566, 98798 57797, 97277 04125**


## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૫ વર્ષ, ઊંચાઈ ૫' ૧૧", BE એન્જિનિયર, હાલમાં કેનેડામાં અભ્યાસ તેમજ જોબ કરતા યુવક માટે સારું ભણેલી અને સંસ્કારી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૮૭૩૫૯ ૮૫૪૩૨, ૬૩૫૬૦ ૫૭૧૯૧**

## Matrimonial

We are looking for good and suitable match from Gujarati Catholic family for our Daughter, Date of Birth : 30/09/86, Working as teacher in Ahmedabad.

Interested parents may kindly contact.

**Contact : 97233 18842**

## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક દેખાવડા હેન્ડસમ યુવક જન્મ જાન્યુઆરી ૧૯૯૨ ઊંચાઈ ૫ ફૂટ ૯ ઈંચ અભ્યાસ એમ.સી.એ. (જી.ટી.યુ.) હાલમાં આઈ.ટી. (એમ.એન.સી.) કંપનીમાં સોફ્ટવેર એન્જિ. તરીકે સર્વિસ કરતા ૫૦,૦૦૦ રૂા.(પ.મ.) સેલેરી મેળવતા યુવક માટે સુશીલ, સંસ્કારી ઉચ્ચ શિક્ષણ ધરાવનાર નોકરી કરતી યુવતીના વાલીઓએ બાયોડેટા સાથે સંપર્ક કરવો. આ જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી માટેનો છે.

**મો. ૯૪૨૭૬ ૧૭૧૩૯ / ૯૮૯૮૭ ૧૨૧૬૦**


ANSU
M. 99742 49419

GSTIN : 24BDBPT7262C1Z0

BHARATBHAI
M. 99980 87640

WATER HEATER

## SURYA DARSHAN
Water Heater







ઈન્સ્ટન્ટ ગેસ ગીઝર
આર.ઓ. સીસ્ટમ
ઓટો ગેસ ફાયર્ડ
સોલર વોટર હીટર
વુડ ફાયર્ડ
સેલ્સ અને સર્વિસ



જી.આઈ.ડી.સી. ઓફિસની સામે, વિઠ્ઠલ ઉધોગનગર-૩૮૮૧૨૧ (ગુજરાત)

# CARE WORKER JOB IN JAPAN

**More than 10,000 jobs available every year...**

**EARN min 1,00,000. per month**

**We are sending organisation approved by :**

सत्यमेव जयते
GOVERNMENT OF INDIA
MINISTRY OF SKILL DEVELOPMENT & ENTREPRENEURSHIP

N·S·D·C
National Skill Development Corporation
Transforming the skill landscape

**CALL NOW : 70961 93939, 76000 86865**

**Contact for Enrollment:**

The Inland Bharti Skills Pvt. Ltd.

**: Address :**

- **Anand :** Above Sadashiv Bakery, Manish corner, A. V. Nagar road, VV Nagar, Anand.
- **Ahmedabad :** 310, Pavan plaza, opp life care hospital, Sardar bavla, Naranpura.
- **Vadodara :** 307, Dwarkesh Complex, near hotel Welcome, RC Dutt Road, Alkapuri.



## મકાન વેચવાનું છે

બે માળનું 4 BHK, બાંધકામ ૨૨૦૦ ચો. ફૂટ
તુલીપ સોસાયટી સામે, રાધેશ્યામ પાર્ટી પ્લોટની પાછળ
બોરસદ ચોકડી, સાંગોડપુરા, ટીપી-૮,
ક્રિષ્ના બંગ્લોઝ -૪, ઘર નં. ૫, આણંદ

**મો. ૭૦૧૬૧ ૭૮૩૬૩, ૯૭૨૪૮ ૨૧૭૯૭**



## ટેનામેન્ટ વેચવાનું છે

અમદાવાદના સી.ટી.એમ. વિસ્તારમાં
ઈશાનંદ સોસાયટીમાં બે માળનું
ટેનામેન્ટ વેચવાનું છે.

**સંપર્ક : મો. ૯૭૭૩૧ ૯૨૪૨૨**



## ઘર વેચવાનું છે

ગામ ગુસર, તાલુકો કાલોલ, જિલ્લો પંચમહાલમાં છે. પાકી દીવાલ છે, પતરા નાખેલા છે અને નીચે પ્લાસ્ટર બાકી છે. ૧૫ ફૂટ પહોળાઈ અને ૫૮ ફૂટ લંબાઈ છે. તેની કિંમત ૭,૫૦,૦૦૦ છે. કોઈ પણ ખ્રિસ્તી સંસ્થાને ચર્ચ માટે આપવાનું છે.

**સંપર્ક : મો. ૯૯૧૩૮ ૫૭૪૭૨ / ૮૪૬૯૧ ૦૭૪૩૩**



## MARRIAGE CERTIFICATE

**ખાસ રોમન કેથલિક સમાજ માટે છે.**
**આણંદ, વડોદરા, નડિયાદ, અમદાવાદ**

(૧) તમારું લગ્ન પ્રમાણપત્ર રજીસ્ટર કરાવો ગુજરાત સરકારમાં અને મેળવો નોંધાયેલ સરકારી લગ્નપ્રમાણપત્ર.

(૨) મેળવો હવે પાસપોર્ટ (તમામ ફી સહિત) રૂ. ૧૮૦૦/-

**JACOB CHRISTIAN :73593 19101, 91570 49102**





## શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે પંદર વસ્તુઓનું પેકેજ
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ
મેક્ષી, ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

**પરવીન એસ.:** ફેશન ડીઝાઈનર
મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે. તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*



## સરકાર માન્ય લગ્ન પ્રમાણપત્ર (ઘર બેઠા)

આપના લગ્નોની નોંધણી ગુજરાત સરકારશ્રીની કચેરી ગાંધીનગર ખાતે કરાવી દેશ-વિદેશની સરકારી કચેરીઓમાં માન્ય એવું સરકારી લગ્ન સર્ટી મેળવો. (માત્ર ફોન દ્વારા ઘર બેઠા.*) **500/- Only**

આપના સમય, સ્થળ તેમજ બજેટ અનુસાર ખ્રિસ્તી વિધિ દિક્ષિત પાળકના હસ્તે લગ્ન કરાવી સરકાર માન્ય લગ્ન રજીસ્ટ્રાર દ્વારા સરકારી લગ્ન-પ્રમાણપત્ર મેળવો. (૨૦૦૦/- + મુસાફરી ખર્ચ)

**ખાસ નોંધ :** ઉપરની તમામ સેવાઓ સમગ્ર ગુજરાતમાં ખ્રિસ્તી ભાઈ-બહેનો ઘરેબેઠા મેળવી શકો છો. *(**Conditations apply**) ● તમારા લગ્ન સર્ટીમાં કોઈપણ ભૂલ સુધારો કરાવવા માંગતા હોવ તો સંપર્ક કરો. ● બાપ્તિસ્મા સંસ્કાર પળાવવા સંપર્ક કરો. ● લગ્નની નોંધણી ગાંધીનગર કચેરીએ અવશ્ય કરાવી ચિંતા મુક્ત બનો. (લગ્નની નોંધણી ગાંધીનગર કચેરીએ કરાવી આપીશું.)

**સંપર્ક : એસ.આર. ક્રિશ્ચિયન** (સરકાર માન્ય ક્રિશ્ચિયન લગ્ન રજીસ્ટ્રાર), ગાંધીનગર, ગુજરાત
**Whatsapp No.: Mo. 74878 23333, E-mail:revsrchristian78@gmail.com**



# PK Enterprise

*પુણ્યભૂમિની યાત્રા સાકાર કરો...* **Nov - 2019**

| | |
|---|---|
| જોર્ડન, ઈસ્રાયેલ, પેલેસ્ટાઈન, ઈજીપ્ત | જોર્ડન, ઈસ્રાયેલ, પેલેસ્ટાઈન, ઈજીપ્ત, દુબઈ |
| ૧૦ દિવસ | ૧૩ દિવસ – રૂા. |
| રૂા. ૧,૦૦,૦૦૦/– | ૧,૨૫,૦૦૦/– |



pk ENTERPRISE

**S-7, 2nd Floor, Triveni Arcade, Anand-Vidhya Nagar Road, Anand-388001, Gujarat**

**Contact No. :**
**+91 9825146833**
**+91 9727703403**
**+91 7574925929**
**E-Mail: pkenterprise06@yahoo.com**

**નાલંદા એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ (E-3003) સંચાલિત**

# નાલંદા પેરામેડિકલ ઈન્સ્ટિટ્યૂટ™

**(ભારત સેવક સમાજ)**

(Guj/5032) Anand

**(અખિલ ગુજરાત પેરામેડિકલ કાઉન્સિલ) વડોદરા**

નર્સિંગ એડમિશન ૨૦૧૯-૨૦

## ૧ વર્ષ, ૨ વર્ષ, ૩ વર્ષ, (બેંગલોર) નર્સિંગ કોર્ષ

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | કોર્ષ મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ.(બેંગ્લોર) માર્ગદર્શન | ૧૨ પાસ (સાયન્સ, કોમર્સ, આર્ટ્સ) | ૩ વર્ષ |
| ૨ | પેશન્ટ કેર આસિસ્ટન્ટ (નર્સિંગ આસિસ્ટન્ટ) | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૧ વર્ષ |
| ૩ | પેશન્ટ કેર આસિસ્ટન્ટ (એડવાન્સ નર્સિંગ હોસ્પિટલ પ્રોગ્રામ | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૨ વર્ષ |
| ૪ | લેબોરેટરી ટેકનશીયન (DMLT) | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૧ વર્ષ |
| ૫ | ઓ.ટી. આસિસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૧ વર્ષ |
| ૬ | ડિપ્લોમા ઈન મેડિકલ હેલ્થ નર્સિંગ આસિસ્ટન્ટ | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

**ખાસ નોંધ :-**

(૧) લીમિટેડ સીટ

(૨) દરેક કોર્ષમાં બુક્સ ફ્રી મળશે.

(૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ

(૪) ખૂબ જ ગરીબ,વિધવા, માબાપ વિનાની બહેનોને ખૂબ જ ઓછી ફી અને જોબ અગ્રિમતા આપવામાં આવશે.

**વધુ માહિતી માટે રૂબરૂ મળો**

**આણંદ (H.O.)**
**નાલંદા ઈન્સ્ટિટ્યૂટ**
સી-૧, હરીદયા કોમ્પલેક્ષ,
લક્ષ્મી સિનેમા સામે, જૂના રસ્તા, આણંદ
મો. ૯૯૦૪૮ ४६०३६, ૯૮૨૪૧ ૯૫૧૩૬

**પેટલાદ**
**નાલંદા ઈન્સ્ટિટ્યૂટ**
ધનલક્ષ્મી શોપીંગ સેન્ટર, પહેલો માળ,
સ્ટેશન રોડ, પેટલાદ
મો. ૯૩૭૭૩૪૪૧૮૫, ૯૯૦૪૮૪૬૦૩૬

**બાલાસિનોર**
**નાલંદા ઈન્સ્ટિટ્યૂટ**
એફ-૧૭, મીલન પ્લાઝા,
નગરપાલિકા સામે, બાલાસિનોર,
મો. ૯૪૨૭૫૯૭૪૬૨, ૯૮૭૯૮૦૩૨૦૫

**ચાવડાપુરા, જીટોડિયા, આણંદ**
**દિવ્યદયા પેરામેડિકલ ઈન્સ્ટિટ્યૂટ**
૩-૪, નિરવપાર્ક સોસાયટી,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે, ચાવડાપુરા
તા. જિ. આણંદ, મો. ૯૪૨૭૫૯૭૪૬૨

**(ભરૂચ)**
**નાલંદા ઈન્સ્ટિટ્યૂટ**
૨૦૩, ગણેશ આર્કેડ,
દહેજ બાયપાસ રોડ, નાંદેલાવ, ભરૂચ
મો. ૭૫૭૫૦ ૦૬૮૩૫

**નોંધ : ઉપરોક્ત સિવાય અમારી બીજી કોઈ શાખા નથી**

નર્સિંગ એડમીશન | Government of India | સરકાર માન્ય સંસ્થા

# સંકલ્પ એજ્યુકેશન



The Sankalp Charitable Trust has been registered by the Government Under the B.P.T. Act 29/1950 E-6034 Kheda 2011

**NIOS (National Institute of Open Schooling)**
**દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે પાસ થવાની સુવર્ણ તક**

**ગુજરાત સરકાર એજ્યુકેશન બોર્ડ સમકક્ષ સર્ટીફીકેટ ભારત સરકાર માન્ય**

**ધો. ૧૦ તથા ૧૨, કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી. એન.એમ. (માર્ગદર્શન) | ૧૨ પાસ | ૩ વર્ષ |
| ૨ | પેશન્ટ કેર આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન પ્રેક્ટીકલ નર્સિંગ એન્ડ પેશન્ટ કેર આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | P.B.B.Sc. (બેંગ્લોર) | GNM | ૨ વર્ષ |
| ૬ | સેનેટરી ઈન્સ્પેક્ટર (S.I.) | ૧૦ પાસ | ૧ વર્ષ |

**બસ પાસ સુવિધા - હોસ્ટેલ સુવિધા - સ્કોલરશીપ**

**નડીઆદ** ત્રીજો માળ, વીર્ગો શોપીંગ સેન્ટર, સંતરામ રોડ
99740 89409, 94094 52002

**વડોદરા નિઝામપુરા** ગ્લોબલ હેલ્થ એન્ડ એજ્યુકેશન
૧૪, ગ્રાઉન્ડ ફ્લોર, મારૂતી કોમ્પલેક્ષ, નિઝામપુરા બસ ડેપોની સામે, છાણી જકાત નાકા રોડ
98981 33780, 99740 89409

**વડોદરા તરસાલી** FF-14, ટાવર-એ, ઊનડદીપ ટાઉનશીપ, BOB ATM ની બાજુમાં, સુસેન તરસાલી રીંગ રોડ, વડોદરા.
7203033780, 9081333780

# નાઈસ પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

## અખિલ ગુજરાત પેરામેડીકલ કાઉન્સીલ(વડોદરા)
## ૧ વર્ષ, ૨ વર્ષ, ૩ વર્ષ (બેંગ્લોર) નર્સિંગ કોર્ષ

**ખાસ નોંધ : (૧) લીમીટેડ સીટ (૨) દરેક કોર્ષમાં બુક્સ, મટીરીયલ્સ ફ્રી મળશે. (૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ (૪) ખૂબ જ ગરીબ, વિધવા, મા-બાપ વિનાની બહેનોને ખૂબજ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| 1 | જી.એન.એમ (બેંગ્લોર) માર્ગદર્શન | ૧૨ પાસ | ૩ વર્ષ |
| 2 | પેશન્ટ કેર આસીસ્ટન્ટ (એડવાન્સ નર્સિંગ હોસ્પિટલ પ્રોગ્રામ) | ૧૦, ૧૨ પાસ | ૨ વર્ષ |
| 3 | પેશન્ટ કેર આસીસ્ટન્ટ (નર્સિંગ આસીસ્ટન્ટ) | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 4 | લેબ ટેક્નીશીયન (DMLT) | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 5 | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 6 | ડીપ્લોમા ઈન મેડીકલ હેલ્થ નર્સિંગ આસી. | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

શ્રમ તથા રોજગાર મંત્રાલય
ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ N.S.D.C.
(પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના)
(Only Nadiad)

**ધો. ૧૦,૧૨ (દરેક પ્રવાહ) તથા કોલેજ પાસ-નાપાસ માટે 100% જોબલક્ષી કોર્ષ**

**વધુ માહિતી માટે રૂબરૂ મળો :** **નડિયાદ** ૫૦૯, સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, ઈપ્કોવાલા હોલ સામે. M : 9510315040

**વિદ્યાનગર** બીજો માળ, સુપર માર્કેટ કોમ્પ્લેક્ષ, નાના બજાર M : 9265176647

**વડોદરા** S.F.11, મારૂતિ કોમ્પ્લેક્ષ, બસસ્ટેન્ડની સામે, M : 9376695255

**બોરસદ** 117, દિનશા ચેમ્બર, બસ સ્ટેન્ડ સામે, તાલુકા પંચાયત રોડ M : 9979974424

**વડોદરા** બી-૬૦, બ્લોક-૨, ઉનડદીપ કોમ્પ્લેક્ષ, તરસાલી રીંગ રોડ M : 8000552515

**ધો. ૧૦,૧૨ (દરેક પ્રવાહ) તથા કોલેજ પાસ-નાપાસ માટે 100% જોબલક્ષી કોર્ષ**

# ધર્મવસુધા

## પ્રથમ એશિયન, વૈશ્વિક વડા

**વિયેત્તનામઃ** ૮૦૦ વર્ષ પુરાણા દોમિનિકન સંઘના જનરલ ચેપ્ટરમાં ૧૩ જુલાઈ, ૨૦૧૯ના રોજ ફિલિપાઈન્સના ૫૧ વર્ષીય ફાધર જેરાદ ફ્રાન્સિસ્કો ટિમોનરને સંઘના ૮૮ મા વૈશ્વિક વડા તરીકે ચૂંટવામાં આવ્યા છે. ફાધર જેરાદે, દોમિનિકન સંઘના ફિલિપાઈન પ્રાંતમાં સોશ્યસ અને એશિયા - પેસિફિક રિજિયનમાં આસિસ્ટન્ટ તરીકે સેવા આપી છે. ચૂંટણીમાં વિજેતા જાહેર થયા પછી પ્રતિભાવ આવતાં ફાધર જેરાદે ઉપદેશ, મિશન અને શુભસંદેશની ઘોષણા પર વધારે મહત્ત્વ આપવા આગ્રહ કર્યો હતો. 'મિશન, એટલે આપણે જે કરીએ છીએ તે નહીં, પણ આપણે જે છીએ તે. જો આ બાબત સ્પષ્ટ હોય તો સર્વકાંઈ સરળ હશે. આપણે ઉપદેશકો છીએ, એ જ આપણી વૈશ્વિક ઓળખ છે.'

કેથોલિક ધર્મસભામાં એશિયન સંન્યસ્ત સંઘોની ભૂમિકા બળવત્તર બની રહી છે એ જ આ વાતની પુષ્ટિ કરે છે કે એક એશિયન સમગ્ર સંઘના વડા તરીકે ચૂંટાઈ આવ્યા છે. ધર્મસભાએ પણ બિન યુરોપિયનની વરણીને આવકારી છે. : 'આ એક ખુશીના સમાચાર છે. શુભસંદેશની ઘોષણાનું આ એક અદ્‌ભુત પરિણામ છે, વર્ષોના ઈતિહાસનું ફળ છે. સમય પરિવર્તન સાથે ધર્મસભાનો ચહેરો વધારે દૃષ્ટિગોચર થાય છે.' એમ વડાધર્મગુરુ ફ્રાન્સિસે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું.

*– UCNNEWS*

## ધર્મપ્રાંતનો વહીવટ ધર્મજનોને...!

**ફિલિપાઈન્સઃ** દેશના ધર્માધ્યક્ષશ્રીઓની વેટિકનમાં વડાધર્મગુરુ સાથેની મુલાકાત દરમિયાન બિશપ ફ્રાન્સિસ્કો દે લીયોને પ્રસ્તાવ મૂક્યો હતો : 'સુયોગ્ય લાયકાતવાળા ધર્મજનો કે ધર્મપરાયણ વ્યક્તિઓને ધર્મપ્રાંતનો વહીવટ સોંપવાનો આ સાનુકૂળ સમય છે એમ હું વિચારું છું અને મને લાગે છે, જેથી પ્રાર્થના, ઉપદેશ અને ધર્મબોધના નવીનીકરણમાં તેઓ વધારે સમય ફાળવી શકે. કાબેલિયત નિવૃત્ત ધર્મજનોના હાથમાં ધર્મપ્રાંતનો વહીવટ સોંપવાની જરૂર છે. વિશેષ સાધ્વીબેનો પણ પોતાના સંઘ હસ્તક શાળા કે સંસ્થાનું સફળ સંચાલન કરતાં હોય તો ધર્મપ્રાંતના સંચાલનમાં પણ કામયાબ બનશે જ એવો મારો વિશ્વાસ છે.' જો કે વડાધર્મગુરુએ આ સંદર્ભમાં કોઈ પ્રત્યુત્તર વાળ્યો ન હતો પણ બિશપને આ અંગે આશા છે., વિશેષમાં વડાધર્મગુરુએ આ બાબતનો નિર્ણય કરવા ધર્માધ્યક્ષ પરિષદને જણાવ્યું છે એમ બિશપનો પ્રતિભાવ હતો.

*– UCNNEWS*

## પુતિન અને પોપની મુલાકાત

**વેટિકનઃ** રશિયાના પ્રમુખશ્રી પુતિન ૪ જુલાઈ, ૨૦૧૯ના રોજ લગભગ ૫૫ મિનિટ સુધી મહાશ્રી પોપને મળ્યા હતા અને અંગત મંત્રણા કરી હતી. વૈશ્વિક ધર્મસભાના કાર્યાલયના જણાવ્યા અનુસાર બન્ને મહાનુભાવો વચ્ચે સીરિયા, યુક્રેન તથા વેનેઝુએલાની સાંપ્રત પરિસ્થિતિ, પર્યાવરણ સંબંધી પ્રશ્નો તથા રશિયન ધર્મસભાના સંદર્ભમાં વાતચીત થઈ હતી. વેટિકન એપોસ્તોલિક પેલેસમાં પુતિને વડાધર્મગુરુનો મુલાકાત માટે સમય ફાળવવા આભાર માન્યો હતો.

પુતિનની વેટિકનની પાંચમી અને વડાધર્મગુરુ સાથેની ત્રીજી મુલાકાત હતી. બીજી જુલાઈના રોજ મધદરિયે સબમરિનમાં આગ ફાટી નીકળતાં જીવ ખોનાર ૧૪ રશિયાનનાં પરિવાર પ્રત્યે, પુતિનના આગમનના એક દિવસ પહેલાં વડાધર્મગુરુએ જ સાંત્વના પાઠવી હતી.

*– CAHOLICHEARLD.CO.UK*

## પ્રથમ મહિલાની નિમણૂંક

**વેટિકનઃ** સંન્યસ્ત સંઘના વેટિકન વિભાગમાં વડાધર્મગુરુ ફ્રાન્સિસે સૌ પ્રથમ વખત મહિલા સભ્યોની નિમણૂંક કરી છે. વેટિકનના પ્રવક્તાએ ૮ જુલાઈ ૨૦૧૯ના રોજ 'કોન્ગ્રિગેશન ફોર ઈન્સ્ટિટ્યૂટસ ઓફ કોન્સેક્રેટેડ લાઈફ એન્ડ સોસાયટીસ ઓફ એપોસ્તોલિક લાઈફ'ની કારોબારીમાં સાત મહિલા સભ્યોની નિમણૂંકની વિધિવત જાહેરાત કરી હતી, જેઓ વિવિધ સંન્યસ્ત સંઘ-ડોટર્સ ઓફ ચેરિટી, ડોટર્સ ઓફ મેરી હેલ્પ ઓફ ક્રિશ્ચિયન, ફ્રાન્સિસકન મિશનરીસ ઓફ મેરી, કમ્બોની મિશનરી સિસ્ટર્સ, કોન્સોલ્ટા મિશનરી સિસ્ટર્સ, ઓડર ઓફ ધ કમ્પની ઓફ મેરી અવર લેડી નાં સુપીરિયર જનરલ અને એક દોન બોસ્કો સેક્યુલર વોલેન્ટિયર ઈન્સ્ટિટ્યૂટનાં પ્રેસિડેન્ટ છે.

સંન્યસ્ત સંઘનાં સાધ્વી બહેનોના જીવન અંગે મહત્વપૂર્ણ ઠરાવ કરવામાં આ મહિલાઓ પ્રથમ વખત પોતાનો નિર્ણય આપશે. આ પહેલાં વડાધર્મગુરુએ ધર્માધ્યક્ષીય પરિષદમાં મહિલાઓની પરામર્શક તરીકે નિમણૂંક કરી હતી. આ છેલ્લી નિમણૂંકમાં અમલીકરણની મહત્ત્વની ભૂમિકા અદા કરવાની રહેશે.

*– THE TABLET.CO.UK*

# ધર્મભારતી

## રાજકારણીઓનો પક્ષપલટો

**ગોઆઃ** તાજેતરમાં રાજ્યના ૧૦ ધારાસભ્યો, કોંગ્રેસ પક્ષને તરછોડી શાસકપક્ષ બી.જે.પી.માં જોડાયા છે, જેમાંના આઠ કેથલિક છે ! 'રાજકારણીઓના આ પક્ષપલટાથી કોંગ્રેસ પક્ષને જે નુકસાન થયું છે તેના કરતાં વધારે ગોઆ રાજ્યને થયું છે, તેમણે મતદાતાઓનો વિશ્વાસભંગ કર્યો છે !' એમ સેમિનરીમાં સેવારત ફાધર વિક્ટર ફેરરોએ પ્રતિભાવ આપ્યો હતો. 'ક્યારેક સિદ્ધાંતો અને વાસ્તવિક દૃષ્ટિકોણમાં તફાવત હોય છે. આજે રાજકારણીઓ લોકશાહીના અંચળા હેઠળ જ લોકશાહીની જ હત્યા કરે છે !' એમ ફાધરે ઉમેર્યું હતું. રાજ્યમાં કેથલિકોની ભૂમિકા નિર્ણાયક રહી છે. ભારતના પશ્ચિમ કાંઠે પોર્ટુગીઝ કોલોનીથી શરૂ થયેલી વસાહત આજે રાજ્યની વસ્તીના ૨૫ ટકા જેટલી વસ્તી ધરાવે છે એટલે કે ૧.૪ કરોડ લોકો ખ્રિસ્તી છે, જેમાંના મોટાભાગના કેથલિક છે.

પક્ષત્યાગ કરનારા ધારાસભ્યોએ મીડિયાને જણાવ્યું હતું કે, 'પ્રગતિશીલ પ્રોજેક્ટસ જેવા કે વિકસિત રસ્તાઓ, જળ વ્યવસ્થા વગેરે સ્થાનિક સુવિધા મેળવવા આ પક્ષફેર કર્યો છે.' સામે પક્ષે સામાજિક કાર્યકર ફાધર એર્મિતો રેબેલોએ જણાવ્યું હતું કે 'રોજગારી અને સમાજ કલ્યાણના કાર્યક્રમોનો તો શાસક પક્ષે દાટ વાળી દીધો છે !' જો કે કોંગ્રેસ પક્ષમાં આ સભ્યોની ઘોર ઉપેક્ષા કરવામાં આવતી હતી એવી એક ફરિયાદ પણ બહાર આવી છે. તેમ છતાંયે પક્ષપલટો કરવાનું

તેમણે આપેલું કારણ ગળે ન ઊતરતાં પ્રતિપ્રશ્ન કર્યો હતો, કે પૂર્વ કોંગ્રેસ ધારાસભ્યોએ પોતાના પક્ષની પક્ષપાતી કે વ્હાલાંદવલાંની નીતિ સામે પ્રભુના ધારાસભ્ય તરીકે ન્યાયી લડત આપવાની હતી. આખરે તો દરેક પાસેથી કર વસુલાત કરવામાં આવે છે ત્યાં તેમનો પક્ષ કે વફાદારી આડે આવતી નથી ! 'જો ખ્રિસ્તી તરીકે તેઓ શ્રદ્ધાવાન હોત તો આ પ્રમાણે ન કર્યું હોત ! આ પ્રકારનું વર્તન તેમની છીછરી શ્રદ્ધા કે ખ્રિસ્તી મૂલ્યોનું ઉપરછલ્લું આવરણ ચાડી ખાય છે.' એમ ફાધરે ઉમેર્યું હતું.

રાજ્યમાં બી.જે.પી. એ ૧૫ બેઠકો જીતી હતી જ્યારે કોંગ્રેસે ૧૭, તેમ છતાંયે સ્થાનિક પક્ષ સાથે બી.જે.પી.ના જોડાણવાળી ત્રણ અને અન્ય ત્રણ અપક્ષને બી.જે.પી.માં ભેળવી કુલ ૨૧ બેઠકની તેમની ગણતરી છે. 'હવે આપણે અલાયદી રાજનૈતિક વ્યવસ્થા ઊભી કરવી પડશે, કારણ હવે બી.જે.પી.થી અન્યપક્ષના સભ્યને ચૂંટી કાઢશો તો પણ તેમને બી.જે.પી. પોતાના કરી દેશે !' એમ એક શ્રદ્ધાળુ શિર્લી પેરેસે જણાવ્યું હતું.

'તેમ છતાંયે આમ કરવામાં બી.જે.પી. વધારે ફાવશે નહીં કારણ નવા આગંતુકોને વિશેષ પદ કે ખાતું સોંપવાથી મૂળ સભ્યોમાં ચડભડાટ થાય એ સંભવ છે. કેબિનેટ કક્ષાના ખાતાનાં ફાળવણીમાં થોડાઘણા ફેરફાર કરી નવા સભ્યોને રાજી કરવા પ્રયત્ન કરવામાં આવશે પણ તેમ કરવામાં પણ જૂના સભ્યોની નારાજગી વહોરવી પડે એવો ઘાટ ઊભો થયો છે.' એવો પ્રતિભાવ કેટલાક નેતાઓએ આપ્યો હતો.

*– ઈન્ડિયન કરન્ટ*


**URGENTLY REQUIRED NURSES/CARETAKERS FOR ISRAEL**

ANM/GNM/B.Sc Nurses (Male/Female) without Nursing can also apply, Salary 90,000 and above, 100% Visa and Job

**S. B. SERVICES** Contact: 99255 59518

**હેરી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ** *ચાલો... ચાલો... માઉન્ટ મેરી*

માઉન્ટ મેરી (મુંબઈ), સાથે એલીફન્ટા પ્રવાસ — ટિકિટ ફક્ત રૂા. ૨૮૦૦/-

એલીફન્ટાની પ્રવેશ ટિકિટ સામેલ છે.

ઉપડવાની તારીખ : ૦૬-૦૯-૨૦૧૯, રાત્રે ૮:૦૦ કલાકે

પરત તારીખ : ૦૯-૦૯-૨૦૧૯, વહેલી સવારે

બુકીંગ શરૂ

• રહેવા જમવા સાથે • બંને સમય જમવા સાથે ચ્હા નાસ્તા સાથે

• રાત્રિ રોકાણ ગૃપમાં ૪ થી ૫ વ્યક્તિ • ૨x૩ પુશબેક લક્ઝરી

સસ્તુ અને સારું એટલે *હેરી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ* જેમનું પોતાનું જ કેટરીંગ હોવાથી જમવાનું પણ ગરમાગરમ અને મજેદાર

*સંપર્ક : ક્રિરિટ ક્રિશ્ચિયન : મો. ૯૯૦૪૭ ૫૨૨૧૨, હેરી ક્રિશ્ચિયન : મો. ૮૭૫૮૯ ૭૦૮૦૮*

*૬૨, અનુપમનગર સોસાયટી, સી.ટી.એમ. અમદાવાદ*

બસ ઉપડવાનું સ્થળ : કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચ, સી.ટી.એમ. અમદાવાદ

**✝ મીત વિઝન ફોટોગ્રાફી ✝**

• મેરેજ ફોટોગ્રાફી એન્ડ વિડિયોગ્રાફી • ઈવેન્ટ ફોટોગ્રાફી એન્ડ ફેશન ફોટોગ્રાફી • ઈન્ડસ્ટ્રીયલ ફોટોગ્રાફી • મોડેલીંગ ફોટોગ્રાફી • મેરેજ પ્રિ. વેડીંગ ફોટો-વિડિયો શુટ • ઓફસેટ આલ્બમ એન્ડ કરિશ્મા આલ્બમ.

**તમારા દરેક શુભપ્રસંગને ફોટો-વીડિયોરૂપે સુશોભિત કરી આપવામાં આવશે.**

**અમિત ખન્ના : મો. ૮૧૪૧૧ ૦૨૭૬૬**

*શ્રુતિપાર્ક સોસાયટી, તુલસી ગરનાળા રોડ, ગામડી, આણંદ*

**ગ્રેસ વિલા**

**3BHK રેસીડન્સ સોસાયટીનું તદ્દન નવી સોસાયટીનું આયોજન કરેલ છે.**

**N.A., Noc, ટાઈટલ ક્લિયર સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા ૨.૧૫ લાખ સુધી સબસીડીનો લાભ મેળવો.**

**: સાઈટ એડ્રેસ :**

તુલસી ગરનાળા રોડ, કાંસ ઉપર રતિકલા સોસાયટીની પાસે, ગામડી રોડ

**-: સંપર્ક :-**

**મો. ૮૧૪૧૨ ૫૮૪૪૩**

**મો. ૯૩૨૭૭ ૬૪૦૫૨**

**મો. ૯૭૨૫૩ ૭૧૮૫૭**

***નિલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના પ્રવાસો***

**૧. માઉન્ટ મેરી**

જતા વિમાનમાં વળતા રેલ્વે, રહેવું + જમવું + ફરવું + હોટેલ.

૧ રાત્રી ૨ દિવસ — **ટિકિટ : ૫૯૯૯/-**

**તારીખ :** ૮ તથા ૯ સપ્ટેમ્બર ૧૯

**૨. દિલ્હી - આગ્રા - દહેરાદૂન + મસુરી + હરીદ્વાર + મથુરા**

જતા વિમાન આવતા રેલવે

રહેવું + જમવું + ફરવું + હોટેલ તમામનો સમાવેશ

**દિવસ : ૭** — **ટિકિટ : ૧૪,૦૦૦/-**

**૩. ચેન્નાઈ - પોન્ડિચેરી, મધર ઓફ વેલાનકણી**

સપ્ટે-૧૧, By Railway - S/L, Class Ticket

રહેવું + જમવું + ફરવું + હોટેલ — **ટિકિટ : ૭૨૦૦/-**

**૪. કેનેડા પી.આર. હવે ખૂબ જ સરળ**

**Passport, Visa, Dom-Inten. Flight Tickets**

વ્યાજબી દરે મેળવવા મળો.

**સંપર્ક : દિપક ટેકરીવાલા**

**Email : neal13@live.com**

**(M) 75728 77648, 85114 41975, Maninager**

# ધર્મગુર્જરી

## જનજાગૃતિ કાર્યક્રમ

**આણંદઃ** કૈરા સોશ્યલ સર્વિસ સોસાયટી - અમદાવાદ સંચાલિત પ્રેરણા સમાજ કેન્દ્ર દ્વારા 'જીરો માલ ન્યુટ્રિશન પોગ્રામ' અંતર્ગત લોક જાગૃતિ હેતુસર આણંદ જિલ્લાનાં રૂણજ, નાર અને આમોદ ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૦૦ જેટલાં બાળકો, પોષણ સમિતિના સભ્યગણ, આશા વર્કસ' તથા આંગણવાડી બહેનોએ ભાગ લીધો હતો. રેલીને સફળ બનાવવા સંસ્થાનાં કર્મચારી તરલાબેન તથા સેવા ઉત્સુક પી.એચ. સી.ના ડૉ. મનીષ શાહે ભારે જહેમત ઉપાડી હતી. સમગ્ર રેલી અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન સંસ્થાના ડાયરેક્ટર રેવ. ફાધર જગદીશ મેકવાનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. *— શ્રી શૈલેષ ખંભાળિયા*

## 'સૃષ્ટિ' ફાઉન્ડેશનનું સેવાકાર્ય

**ખંભાતઃ** તાજેતરમાં શ્રી માધવલાલ શાહ હાઈસ્કૂલમાં 'સૃષ્ટિ' ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ તથા અનાથ બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી, જેનો લાભ ૧૧૦ બાળકોને મળ્યો હતો. 'ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું, જીવન આપ્યું પણ તેને જીવંત રાખવાની જવાબદારી સહુની છે.' એવો સંદેશ આ પ્રસંગે સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી શૈલેષ રાઠોડે આપ્યો હતો. શાળાના આચાર્યશ્રી રોહિતભાઈએ, શાળાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા આ સેવાકાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થી-વાલીગણ, દાતાઓ-શુભેચ્છકો હાજર રહ્યા હતા અને શ્રી શૈલેષ રાઠોડનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

*— અનિલ વાઘેલા*

## ઍપોસ્તોલિક સ્કૂલનો પ્રોગ્રેસ

**ગાંધીનગરઃ** સુઘડ ખાતે જૂન-૨૦૧૬માં એપોસ્તોલિક સ્કૂલનો શુભારંભ ઈસુસંઘ-ગુજરાત પ્રાંત દ્વારા કરવામાં આવ્યો હતો. સમયાંતરે સુરતમાં પણ દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આ પ્રકારની સ્કૂલ શરૂ કરવામાં આવી, જેના પરિણામ સ્વરૂપ આ વર્ષે એક જુવાને ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષામાં સફળતા મેળવી પ્રિ-નોવિશિયેટમાં પ્રવેશ મેળવ્યો હતો. ધોરણ ૧૦ અને ૧૨ ના અંતે થતા મૂલ્યાંકનમાં કેટલાંકને ઘેર જવા પણ સલાહ આપવામાં આવે છે. આ વર્ષે સ્થાનિક કક્ષાએ તેમની અવારનવાર મુલાકાત, હાકલ શિબિરમાં અવલોકન, તેઓના પરિવાર તથા સભાપુરોહિતની મુલાકાતને અંતે સુઘડ ખાતે ૧૪ અને સુરતમાં ૧૬ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે; જેઓ આણંદ, આંકલાવ, બરડીપાડા, ભરુચ, ભિલોડા, દઢવાડા, મણિનગર(અમદાવાદ), માંડલ, નાની સિંગલોટી (ડેડિયાપાડા), પીપરી, શામગહાન, ઝંખવાવ, ઉનાઈ અને વ્યારા ધર્મવિભાગ/ મિશન કેન્દ્રમાંથી આવે છે. નવા ઉમેદવારોની પ્રવેશ-યોગ્યતા માટે ફાધર ફ્રાન્સિસ મેકવાન, ફાધર નોએલ પરમાર તથા બ્રધર અલ્પેશ ચૌહાણનો પુરુષાર્થ નોંધપાત્ર રહ્યો છે.

૧લી જૂન, ૨૦૧૯ના રોજ 'જીવન દર્શન' પાસ્ટરલ સેન્ટર- વડોદરા ખાતે વાલી સભા યોજાઈ. પ્રાસંગિક પ્રાર્થના બાદ ફાધર અલ્પેશ મેકવાને સ્કૂલના છોકરાઓને તથા વાલીઓને આવકાર્યા હતા. એપોસ્તોલિક સ્કૂલના ધ્યેય અને હેતુ વિશે ફાધર નૉએલે, વાલીગણને ટૂંકાણમાં જાણકારી આપી હતી. બારમા ધોરણના બે વિદ્યાર્થીઓએ અને એક માબાપે પોતાનો સ્વાનુભવ જણાવ્યો હતો. વિશેષ માહિતી મેળવી ભોજન બાદ વાલીગણે વિદાય લીધી હતી.

બપોર પછીની બેઠકમાં નવા ઉમેદવારો માટે સંઘ અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩જી જૂનના રોજ ઈસુસંઘ-ગુજરાતના પ્રાન્તાધ્યક્ષ રેવ. ફાધર ફ્રાન્સિસ પરમારે સંસ્થાના નિયામકશ્રીઓ તથા અન્ય હોદ્દેદારો સાથે મુલાકાત કરી હતી અને વિદ્યાર્થીઓ સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને પોતાના અનુભવ રજૂ કર્યા હતા. એકમેકના સહકાર અને નિયામકના પરિશ્રમથી એપોસ્તોલિક સ્કૂલ પ્રગતિ કરી રહી છે, તે સર્વ અભિનંદનને પાત્ર છે.

*— સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર*

## સન્યસ્તજીવનની સુવર્ણજયંતી

**વડોદરાઃ** એક ઈસુસંઘી તરીકે ૫૦ વર્ષ પૂર્ણ કરનાર રેવ. ફાધર ફ્રેડી ડી'સોઝાએ ૧૨ જૂનના રોજ ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ સેવાસી ખાતે સંન્યસ્તજીવનની સુવર્ણજયંતીની ઉજવણી કરી હતી, જેમાં સેવાસીના ઈસુસંઘીઓ, પ્રાન્તાધ્યક્ષ રેવ. ફાધર ફ્રાન્સિસ, ફાધરનાં આત્મીય સ્વજનો-મિત્રો જોડાયાં હતાં. ખ્રિસ્તયજ્ઞની ઉજવણીમાં ફાધરે સંન્યસ્ત જીવનના ખટમધુરાં સ્મરણો વાગોળ્યાં હતાં અને સૌનો આભાર માન્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ, ભોજનના અંતે ઉજવણી પૂર્ણ થઈ હતી.

*— સૌ : ગુજરાત જેસુઈટ સમાચાર*

## ચોપડા-નોટબૂક વિતરણ

**નડિયાદઃ** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, નિર્મલ મિરિયમ કોન્ફરન્સ દ્વારા ધર્મવિભાગના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક સત્રના આરંભે ૯ મી જૂન, ૨૦૧૯ના રોજ ૧૨૦ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ એક ડઝન ફૂલસ્કેપ ચોપડા તથા ધોરણ ૪ ની નીચેનાં ૪૦ બાળકોને બાળક દીઠ એક ડઝન નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોન્ફરન્સના આધ્યાત્મિક સલાહકાર ફાધર રમેશ મેકવાન, પ્રમુખશ્રી બ્રધર ડૉ. સુકેતુ શાહ તથા સભ્યગણ હાજર રહ્યાં હતાં અને વિદ્યાર્થીઓને આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું. વિદ્યાર્થીગણ, લાભાર્થી પરિવાર તથા સભ્યગણને મિકલબેન ઝિકરભાઈ તરફથી આઈસ્ક્રિમ આપવામાં આવ્યો હતો.

*— જયંતી એસ. પરમાર*

## સુવર્ણજયંતી વર્ષનો શુભારંભ

**ગાંધીનગરઃ** શાંતિ અને પ્રેમની સંસ્કૃતિના પ્રણેતા પેદા કરી શકે એવા ભાવિ નેતાઓને મૂલ્ય શિક્ષણ દ્વારા સફળતાપૂર્વક તૈયાર કરવામાં અગ્રેસર નગરની બે નામાંકિત શાળાઓ-માઉન્ટ કાર્મેલ તથા સેન્ટ ઝેવિયર્સએ ગૌરવશાળી સુવર્ણજયંતી વર્ષમાં પ્રવેશ કર્યો છે, જેનો શુભારંભ ૧૫ જૂન, ૨૦૧૯ના રોજ શાનદાર ઉજવણી દ્વારા કરવામાં આવ્યો. જ્યાંથી આ બન્ને શાળાઓ શરૂ કરવામાં આવી હતી તે સેક્ટર-૨૦ થી એક સુવર્ણજયંતી કૂચને ઈસુસંઘ-ગુજરાતના પ્રાન્તાધ્યક્ષ રેવ. ફાધર ફ્રાન્સિસ પરમારે ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. ગુજરાત રાજયના રાજ્યપાલ મહામહિમ ઓ.પી. કોહલીજી, મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાન તથા અન્ય આમંત્રિત મહાનુભાવોનું સેન્ટ ઝેવિયર્સના આચાર્ય ફાધર દુરાઈ ફર્નાડ એસ.જે. એ સ્વાગત કર્યું હતું.

સુવર્ણજયંતી મશાલ પ્રગટાવી રાજ્યપાલશ્રીએ સુવર્ણજયંતી વર્ષને જાહેર કર્યું હતું અને ત્યારબાદ અંદાજે ૫૦૦૦ જેટલી જનમેદનીને પ્રેરક સંદેશ આપ્યો હતો. પ્રાર્થના નૃત્ય સાથે શાળાના બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસની અનુષંગે શૈક્ષણિક પ્રવૃત્તિઓ સર્જનાત્મક રીતે વિદ્યાર્થીઓએ નૃત્યનાટિકા દ્વારા રજૂ કરી હતી. માઉન્ટ કાર્મેલનાં આચાર્ય સિ. જેનિફરે સર્વનો આભાર માન્યો હતો.

*– સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર*

## સંત અંતોની પર્વની ઉજવણી

**નરોડા(અમદાવાદ):** ધર્મવિભાગના રક્ષકસંત પાદુવાના સંત એન્થોનીનું પર્વ ૧૬ જૂન, ૨૦૧૯ના રોજ ભારે ઉત્સાહથી ઉજવવામાં આવ્યું. સ્વયંસેવકોએ રાતદિવસ તનતોડ મહેનત કરી ઉજવણીમાં કોઈ પણ કસર છોડી ન હતી. સરઘસ ટાણે વરસાદ થંભી ગયો હતો અને અન્ય તાબાના ભક્તજનો પણ જોડાયા હતા. ધર્માધ્યક્ષ રત્નાસ્વામીએ ખ્રિસ્તયજ્ઞની ઉજવણી કરતાં સંદેશ આપ્યો હતો : 'પવિત્ર ત્રૈક્યની સહભાગિતામાં સંતે સંખ્યાબંધ ચમત્કારો કર્યા હતા.' ખ્રિસ્તયજ્ઞ બાદ સત્કાર સમારંભ અને સમૂહભોજનમાં સૌએ હાજરી આપી હતી. ફાધર કુરિયાચન, ફાધર પીટર અને સાધ્વીબેનોના સહયોગમાં પર્વની ઉજવણી શાનદાર રહી.

*– સૌજન્ય : એડીસી*

## 'આદિવાસી ભાષાનો ઉત્કર્ષ'

**અમદાવાદ:** 'વિશ્વ આદિવાસી ભાષા વર્ષ'ની ઉજવણીના અનુસંગે ૧૭ જૂન, ૨૦૧૯ના રોજ ફાધર રેમન્ડ ચૌહાણ એસ. જે.ની અડધા કલાકની મુલાકાત ડીડી ગિરનાર પર પ્રસારિત કરવામાં આવી હતી. ગુજરાત યુનિ.ના પ્રાધ્યાપક અને 'આદિલોક'ના તંત્રીશ્રી ડૉ. આનંદ વસાવાએ ઉપરોક્ત સંદર્ભમાં મુલાકાતનું સંચાલન કર્યું હતું. 'અવારનવાર આદિવાસી બોલીઓનો ઉલ્લેખ કરવામાં આવે છે તે ગેરવાજબી છે કારણે આખરે તે આદિવાસી ભાષાઓ છે.' એવો મિજાજ ફાધરે મુલાકાતમાં વ્યક્ત કર્યો હતો. 'આદિવાસી ભાષાઓ આજે ચલણમાંથી બાકાત થવા માંડી છે. માનવજીવનના આકાશમાંથી આદિવાસી સંસ્કૃતિ-ભાષાને નામશેષ કરવા માટે કેટલાક લોકો જાણીબૂઝીને ઈરાદાપૂર્વક કાર્યરત છે, ત્યારે ખુદ આદિવાસી પ્રજાએ અને આદિવાસી પ્રજાના શુભચિંતકોએ આદિવાસીની ભાષા-સંસ્કૃતિને જાળવવા, પ્રોત્સાહન આપવા નિષ્ઠાવાન પ્રયત્ન કરવા જરૂરી છે. જ્યારે એક ભાષા નામશેષ થાય છે ત્યારે તેની સાથે સંકલાયેલી તમામ પરંપરાઓ શાણપણ, જ્ઞાન, દૃષ્ટિ સર્વકાંઈ નાશ પામે છે.' એમ ફાધરે ઉમેર્યું હતું.

*– સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર*

## નવા સત્રના આરંભે...

**વડોદરાઃ** ઝેવિયર્સ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ સેવાસીમાં જૂન-૨૦૧૯માં નવા પ્રવેશ ઉપરાંત કર્મચારીગણ માટે ત્રિદિવસીય શિબિર યોજાયો, જેમાં એક દિવસ માટે ફાધર ફ્રાન્સિસ મેકવાન એસ.જે. એ 'જાતીય અપરાધોથી બાળકોના રક્ષણ અંગે કાયદો' (Protection of Children from Sexual Offences Act - POCSO) અંગે કાર્યશાળાનું સફળ સંચાલન કર્યું હતું. ગયા વર્ષે અભિમુખ કરેલ 'એક્ઝામિન'(Examen)નું પુનઃ મૂલ્યાંકન, ત્યાર પછીની કાર્યવાહી અને 'ટીમ બિલ્ડિંગ' અંગે ફાધર વિન્સેન્ટ સલ્દાના એસ.જે. એ પ્રશસ્ય કામગીરી કરી હતી.

૨૧ જૂનના રોજ 'યુનાઈટેડ વે ઓફ બરોડા'(UWA)ના સહયોગથી 'સીડ બૉલ'ના સર્જન માટે કાર્યશાળા યોજાઈ જેમાં આ સ્વૈચ્છિક સંસ્થાના ૧૦૦ જેટલા દિવ્યાંગ બાળકોએ ૧૩૮૫૦ જેટલા માટીના દડા બનાવ્યા હતા, જેમાં વિવિધ વૃક્ષોનાં બીજ મૂકવામાં આવ્યાં હતાં. સારો વરસાદ થતાં જ તેમને યોગ્ય જગ્યાએ નાખવામાં આવશે અને કુદરત પછીનું કામ કરશે એવી આશા વ્યક્ત કરી હતી. સંસ્થા દ્વારા હાજર લોકોને સો જેટલા રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં શિબિરાર્થીઓએ પર્યાવરણની રક્ષા કરવા, દર વર્ષે એક ઝાડનો ઉછેર કરવા અને પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરવા જાહેર સંકલ્પ કર્યો હતો.

*– સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર*

## પરિવર્તન એ જ કેળવણી

**વડોદરાઃ** ગુજરાતના શાળેય શિક્ષણની કંગાળ પરિસ્થિતિ જોતાં, સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલોપમેન્ટ(CCD) દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની જાહેર પરીક્ષાનાં છેલ્લાં વીસ વર્ષનાં પરિણામનું વિશ્લેષણ કર્યું અને 'ગુજરાતના શાળાકીય શિક્ષણનો એક્સરે' મથાળા હેઠળ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ પહેલાં જુદા જુદા વર્ષમાં ધોરણ ૧૦ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્ન પૂછ્યા હતા : ૧. પ્રત્યુત્તર આપનાર પાસે જીવનનિર્વાહ માટે હાલમાં કયું સાધન છે ?, ૨. તેમણે પોતાનું જીવનઘડતર કેવી રીતે કર્યું ?, ૩. દર મહિને કેટલી કમાણી છે ?, ૪. આજીવિકા મેળવવા કઈ કઈ સમસ્યાઓ / પ્રશ્નોનો તેમણે સામનો કર્યો ?, ૫. ઘરમાં કમાનાર વ્યક્તિ કેટલા અને કુલ સંયુક્ત આવક કેટલી છે ?, ૬. જે તે વ્યક્તિનો વૈવાહિક દરજ્જો કેવો ? તેમની જ્ઞાતિ, જાતિ, ધર્મ વગેરે ક્યાં છે ?

નવી રાષ્ટ્રીય નીતિના સંદર્ભમાં શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા, શિક્ષણ નીતિના ઘડવૈયા વગેરે માટે આ અવલોકન-તારણો આંખ ઊઘાડનારાં છે ! સંશોધનને આધારે શિક્ષણની દીર્ઘકાલીન ભાવિ રૂપરેખા તૈયાર કરનાર કેળવણીકારો કે


**નવમી પુણ્યતિથિ**

**સ્વ. પરીમલભાઈ ડી. વાઘેલા**

જન્મ: ૨૧-૧૨-૧૯૭૮ ★ અવસાન: ૧૧-૦૮-૨૦૧૦

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.**

લિ. કોકીલાબેન ડી. વાઘેલા તથા પરિવાર

*૪, શિવમ્ સોસા. રામબાગ સોસાયટી પાસે, પેટલાદ*



**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ**

**સ્વ. મીનાબેન છગનલાલ પરમાર**

જન્મ: ૧૧-૦૯-૧૯૬૪ ★ અવસાન: ૧૬-૦૮-૨૦૧૮

*સાથ આપણો આટલો જ હશે*
*વિદાય તારી આવી અણધારી હશે,*
*ક્યાં ખબર હતી ?*

પ્રભુ આપના આત્માને શાંતિ આપે.
બોનીબેન છગનલાલ પરમાર તથા પરિવાર, કરમસદ



શિક્ષણવિદો માટે કેટલીક ક્રાન્તિકારી ભલામણો આ પ્રમાણે છે : અ) અમુક ધોરણ સુધી પરીક્ષા વિના ઉપલા વર્ગમાં વિદ્યાર્થીઓને ચડાવવાની નીતિનું પુર્નમૂલ્યાંકન. બ) બોર્ડની જાહેર પરીક્ષા ધોરણ-૮ના અંતે રાખવાનો પ્રસ્તાવ. ક) ધોરણ ૧૦ની પરીક્ષા રદ કરવામાં આવે, ડ) શિક્ષકોની કાર્યક્ષમતાનું સંવર્ધન કરવું. ઈ) હિતસબંધી બાબતોનું પુનઃમૂલ્યાંકન કરવું. આ) જ્ઞાનના વિકાસ માટે, શાળા આધારિત વ્યવહારિક પ્રવૃત્તિઓને સામેલ કરવી. ઈ) ભારતીય શિક્ષણ સેવા(IES)ને અલગ કરવી, ઈ) વ્યવસાયિક કારકિર્દી માટે અલગથી શાળાઓ શરૂ કરવી.

*– સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર*

## અભિનંદન ફાધર ડૉ. સુરેશ એન્થોની

**વડોદરાઃ** એમ.એસ. યુનિ.ના સી. વી. રામક્રિષ્ણન્ સેમિનાર હોલમાં, ૨૪ જૂન ૨૦૧૯ના રોજ બાયોકેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના અન્ય ૬૦ વિદ્યાર્થીઓએ ડૉક્ટરેટની ડિગ્રીના અંતિમ ચરણમાં વાઈવા માટે હાજર હતા, જેમાં એક ઈસુસંઘી ફાધર સુરેશ પણ હતા, જે સફળતાપૂર્વક પાર કરતાં અન્ય પરીક્ષાર્થીઓ સાથે ફાધરને પણ ડૉક્ટર જાહેર કરવામાં આવ્યા હતા.

'Biochemical changes in Jatropha Curcas Seeds on Storage.' વિષય પર પી.એચડીની ઉપાધિ માટે ફાધરે મહાનિબંધ રજૂ કર્યો હતો. દિનપ્રતિદિન ખનીજ તેલનો પુરવઠો ઘટી રહ્યો છે ત્યારે આ બીજમાંથી બાયોડિઝલ મેળવી શકાય છે એવી પૂર્તિ સાથે પર્યાવરણ ક્ષેત્રે પણ આ સંશોધન નોંધપાત્ર સિદ્ધિ બની રહેશે. ઉદેપુર યુનિ.ના ડૉ. વિમલ શર્મા તથા ફાધરના માર્ગદર્શક પ્રા. પુષ્પા રોબિન તેમજ ડિપાર્ટમેન્ટના વડા પ્રા. સરિતા ગુપ્તાને મત 'આ શોધનિબંધ સાચા અર્થમાં સંપૂર્ણ મહાનિબંધ છે.'

આ પ્રસંગે અન્ય પ્રેક્ષકો સાથે કેટલાક ઈસુસંઘીઓ-ફાધર લેન્સી ડી'ક્રૂઝ (કાર્યકારી આચાર્ય) ફાધર કે.ટી. મેથ્યુ તથા ફાધરના કોલેજ કાળના અધ્યાપક ફાધર વિન્સેન્ટ બ્રાગાન્ઝા હાજર રહ્યા હતા. ફાધરને હાર્દિક અભિનંદન.

*– સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર*

## એકેડેમીનો વાર્ષિકોત્સવ

**આણંદઃ** ૩૦જૂન ૨૦૧૯ના રોજ 'જતન ચેરીટેબલ ટ્રસ્ટ' સંચાલિત ગ્રોવેલ નર્સિંગ એકેડેમીનો વાર્ષિકોત્સવ, અનાથોની માતા દેવાલય ખંભોળજના મુખ્ય સભાપુરોહિત ફાધર લોરેન્સની ઉપસ્થિતિમાં ઉજવાયો, જેમાં વિદ્યાર્થીઓ-વાલીગણ પણ હાજર રહ્યાં હતાં. 'જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નર્સિંગના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ દ્વારા પગભર કરવાનો સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે' એમ સ્થાપક ડૉ. રશ્મિન સેસીલે જણાવ્યું હતું.

'સંસ્થા, રાહતદરે વિદ્યાર્થીઓને તમામ સુવિધાઓ પૂરી પાડી શિક્ષણ અને ઘડતર કરે છે.' એવો પ્રતિભાવ સંસ્થાના ડાયરેક્ટરશ્રી સ્ટિવન ક્રિશ્ચિયને આપ્યો હતો. વિશેષમાં ફાધર લોરેન્સે વિદ્યાર્થીઓને આશીર્વચન આપી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે એમ.બી. પટેલ કોલેજના પ્રાધ્યાપક ડૉ. રીટા કુમાર, ભારતીય જનતા પાર્ટી લઘુમતી મોરચાના મંત્રીશ્રી મનુભાઈ મકવાણા સહિત, સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

*– ભરત ડી. કપૂર*

## સંત પીતર અને પાઉલનો તહેવાર

**ફૂલવાડી (દક્ષિણ ગુજરાત)ઃ** ૩૦ જૂન ૨૦૧૯ના રોજ અગાઉના દિવસના ભારે વરસાદ છતાં, નદી-નાળાં છલકાઈ ગયાં હોવા છતાં પણ હજારથી વધારે ધર્મજનોની હાજરીમાં ધર્મવિભાગે પોતાના રક્ષક સંતોનો તહેવાર ઉજવ્યો. આરંભમાં સભાપુરોહિત ફાધર રેઈજીએ આરાધનાના સંચાલન દ્વારા ભક્તિમય વાતાવરણ ઊભું કર્યું હતું. ત્યારબાદ પરમપૂજ્ય સ્તાનીસલાઉસ ફર્નાન્ડીસ(પૂર્વ મહાધર્માધ્યક્ષ ગાંધીનગર મહાધર્મપ્રાંત તથા વર્તમાન પ્રૈષિતિક વહીવટકર્તા વડોદરા ધર્મપ્રાંત)એ પર્વના ખ્રિસ્તયજ્ઞની ઉજવણી કરી હતી. ખ્રિસ્ત માટે સમર્પિત જીવન જીવી ગયેલા સંત પીતર અને સંત પાઉલના પગલે ચાલી, પ્રભુના પ્રેમ અને ક્ષમાના માર્ગે પ્રગતિ કરવા શ્રદ્ધાળુઓને તેમણે સંદેશ આપ્યો હતો. પારસપાડાના ફાધર લાઝરસ અને ફૂલવાડીનાં સાધ્વીબહેનોએ ઉજવણીમાં સહયોગ આપ્યો હતો. મૂશળધાર વરસાદ વચ્ચે શ્રદ્ધાળુઓને કોઈપણ જાતની અગવડ ન પડે તેટલું કાળજીપૂર્વક ફાધરના માર્ગદર્શનમાં પર્વની ઉજવણીનું સરસ આયોજન થયું હતું. સર્વને અભિનંદન

*– ફાધર વિપુલ પરમાર એસ.જે.*

## સ્વ. ફાધરને શ્રદ્ધાંજલિ

**આમોદઃ** ૨૨ વર્ષ ધર્મવિભાગમાં સેવા આપનાર સેવાના ભેખધારી સ્વ. ફાધર પરિઝા એસ.જે. ને ૩૦ જૂન, ૨૦૧૯ના રોજ શ્રદ્ધાળુઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ફાધરની કબરની માટીના કુંભ અને છબીને સરઘસ આકારે સ્ટેજ પર પધરામણી કરી, શ્રદ્ધાળુઓએ પુષ્પો અર્પણ કર્યા હતાં. ખ્રિસ્તયજ્ઞની ઉજવણી, ફાધરના જીવન ઝરમરની રજૂઆત અને પ્રાર્થના-અરજ દ્વારા ફાધરનું પુણ્ય સ્મરણ કરવામાં આવ્યું હતું. સભાપુરોહિત ફાધર થંગમ્‌ના માર્ગદર્શનમાં સ્વ. ફાધર પરિઝાની કાયમી સ્મૃતિ માટે તાબાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ શરૂ કરવા 'ફાધર પરિઝા વેલ્ફેર ફંડ'ની જાહેરાત નગીનભાઈ મકવાણાએ કરી હતી. શ્રી


**આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**સ્વ. પાઉલ થોમસ પરમાર (જીટોડિયા)**

**જન્મઃ ૨૨-૦૩-૧૯૧૯ ★ અવસાનઃ ૧૨-૦૮-૨૦૧૧**

*પરમપૂજ્ય બાપુજી, આપે સિંચેલા સંસ્કારો, મૂલ્યો તથા આશીર્વાદો બદલ આપનો આભાર માનીએ છીએ. પરમપિતા આપના પુણ્યશાળી આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના.*

**લિ. પીટર પાઉલ પરમાર તથા સમગ્ર પરમાર પરિવાર**

*(આણંદ-જીટોડિયા), ૨-નીલગીરી પાર્ક, સેન્ટ ઝેવિયર્સ રોડ, આણંદ*



**બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**સ્વ. મેકવાન સંજયભાઈ પીટરભાઈ**

**જન્મઃ ૧૫-૦૫-૧૯૭૩ ★ અવસાનઃ ૧૬-૦૮-૨૦૧૭**

*આ મુસાફરી મેલી એક દિન જાઉં જગતને તરછોડી. જવાનું છે એક દિવસ એકલું, અહેસાસ કરાવી ગયા. અમોને ભૂલા પાડી ભગવાનના દરબાર પહોંચી ગયા. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.*

**લિ. પિન્કીબેન તથા કેલ્વીન સ્મીરલ**

*મો. ૮૧૪૧૨૦૯૬૮૦, અમદાવાદ*



ફ્રાન્સિસ સિલાસ વાઘેલાએ સ્વરચિત કાવ્ય રજૂ કર્યું હતું અને 'ફાધર પરિઝા' અંગે પુસ્તિકા પ્રગટ કરવા જાહેરાત કરતાં, જાણકારી આપવા સૌને અનુરોધ કર્યો હતો.

*— વિઠ્ઠલભાઈ એમ. પરમાર*

## વેલકમ... પલોટાઈન ફાધર્સ

**નડિયાદઃ** અમદાવાદ ધર્મપ્રાંતમાં, સંત જોસેફ ધર્મવિભાગમાં હવે પલોટાઈન પુરોહિત સંઘના ફાધર કાર્યરત બનશે. ૮ મી જુલાઈના રોજ ધર્મપ્રાંતના વિકર જનરલ રેવ. ફાધર પરેશ પરમારની ઉપસ્થિતિમાં ધર્મવિભાગ તરફથી ફાધર તુલસી ડાભીનો આભાર માનવામાં અને નવનિયુક્ત સભાપુરોહિત ફાધર જોસ્ટન તથા મદદનીશ ફાધર વોલ્ટરનો આવકાર કરવામાં આવ્યો હતો. પા પા પગલી ભરતો નવો ધર્મવિભાગ નવા સાધુ મંડળના સત્સંગમાં હરણફાળ પ્રગતિ કરશે એ જ અભ્યર્થના.

*— વિરલ પરમાર*

## બળસંસ્કાર અંગીકાર

**લીમડાપુરાઃ** પચાસમા પર્વ ટાણે ૯ જુલાઈ, ૨૦૧૯ના રોજ ધર્મવિભાગનાં ૩૭ બાળકોએ બળસંસ્કાર અંગીકાર કર્યો હતો, આ પ્રસંગે માનનીય ધર્માધ્યક્ષ રત્નાસ્વામીએ પવિત્ર આત્મા અંગે સમજદાર સંદેશ આપ્યો હતો. ધર્મવિભાગના મુખ્ય સભાપુરોહિત ફાધર જોસેફાત, ફાધર એન્થોની અને 'નાની દીકરીઓ'નાં સાધ્વીબેનો તથા ધર્મસેવા સમિતિના સભ્યોની જહેમતથી મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ધર્મવિભાગના પૂર્વ મુખ્ય સભાપુરોહિત ફાધર ટોની અને ધર્માધ્યક્ષના સેક્રેટરી ફાધર નિલેશ પરમારની હાજરીએ આનંદમાં વધારો કર્યો હતો. યુવાનોએ ઉપાસનાવિધિમાં સક્રિય જવાબદારી ઉપાડી હતી એ ગૌરવની વાત છે. સત્કાર સમારંભ અને અલ્પાહાર થકી ઉજવણી સમાપ્ત થઈ હતી. *— સૌજન્ય : એ.ડી.સી.*

## સિસ્ટરનું સન્માન-બહુમાન

**આણંદઃ** પાલૈયા ધર્મવિભાગ(સલુણ ગામ)નાં સિસ્ટર વર્ષા જહોનભાઈ વાઘેલાએ, લિટલ ડૉટર્સ ઓફ સેન્ટ ફ્રાન્સિસ ઝાવિયર સાધ્વીસંઘમાં એક સિસ્ટર તરીકે પોતાનું જીવન સમર્પણ કર્યું છે અને હાલમાં સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-વટવા અમદાવાદ ખાતે એક શિક્ષિકા તરીકે શિક્ષણકાર્ય કરે છે. અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન તરુણોના ઘણા પ્રશ્નો-સમસ્યાઓએ તેમની ઊંઘ હરામ કરી. નવી પેઢીને યોગ્ય સલાહ-માર્ગદર્શન મળે અને પોતે પણ આત્મીય રીતે તેમાં સહભાગી બની શકે તે હેતુથી, સમાજ નવરચનામાં સહાયરૂપ બનવાના શુભ ઈરાદાથી ૧૩ થી ૧૯ વયના સંતાનોનો સઘન અભ્યાસ તેમણે કર્યો અને 'તરુણ-તરુણીઓની શારીરિક-માનસિક સમસ્યાઓ' વિષય પર સંશોધન મહાનિબંધ તૈયાર કર્યો અને પી.એચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

સિસ્ટર વર્ષાનો સન્માન સમારંભ ૨૧ જુલાઈ, ૨૦૧૯ના રોજ પુષ્પવિહાર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે., એ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને સંઘનાં સાધ્વીબહેનોએ શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અર્પણ કરી બહુમાન કર્યું હતું. સિ. વર્ષાએ, સંઘનાં મધર જનરલ સિ. મેરી ડાભીને પોતાની પદવી-પ્રમાણપત્ર અર્પણ કરી, સંશોધન અને ઉપાધિ વિશે માહિતી આપી પરમેશ્વરનો આભાર માન્યો હતો.

શિક્ષણસેવા દરમિયાન બાળકોને નજીકથી જોવા-જાણવા-સાંભળવાની તક તેમને સાંપડી અને માબાપ-વડીલો-શિક્ષકોની ગેરસમજનો ભોગ બનતા વિદ્યાર્થીઓમાં તેમને રુચિ જાગી અને આવા વિદ્યાર્થીઓના ઉત્થાન માટે, તેમની કાળજી લેવા તેઓ કૃતનિશ્ચયી બન્યાં અને પરિણામે અભ્યાસી બન્યા. સિસ્ટર મેરીએ, સિસ્ટરને અભિનંદન પાઠવી, આ જ્ઞાન-અનુભવ પરિવાર-સમાજના પ્રશ્નો હલ કરવામાં મદદરૂપ બનશે એવી શુભેચ્છા પાઠવી હતી. *— બી.બી.એન.*

## 'વિસામા'નું સ્થાન

**અમદાવાદઃ** સેંટ ઝેવિયર્સ કોલેજ ચર્ચ નવરંગપુરા પેરીશના ધર્મજનોએ પોતાની આધ્યાત્મિક ભૂખ સંતોષવા અને માનસિક શાંતિ મેળવવાના હેતુથી 'એડોરેશન ચેપલ'ની માંગ કરી હતી અને પૂર્ણ થઈ છે.

સભાપુરોહિત રેવ. ફાધર જોસ પાંડ્યે એસ.જે. ના નેજા હેઠળ ચર્ચની એક બાજુની દીવાલની લગોલગ નાનકડું સુંદર 'એડોરેશન ચેપલ' બનાવવામાં આવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન ૧૪ જુલાઈ ૨૦૧૯ના રોજ સાંજના ૬:૩૦ વાગ્યે પરમયજ્ઞ પહેલાં રેવ. ફાધર આમ્બ્રોસ વેદમ્ એસ.જે.(રેક્ટર 'ગુર્જરવાણી')ના વરદ્ હસ્તે રીબીન કાપ્યા પછી ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામીએ પવિત્ર પાણીનો છંટકાવ કરી ચેપલને પાવન કર્યું ત્યારે ધર્મજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

અત્યંત સુંદર, પવિત્ર 'એડોરેશન ચેપલ' પ્રાપ્ત થયાના આભારાર્થે ઘણા પુરોહિતો સાથે ધર્માધ્યક્ષશ્રીએ પરમયજ્ઞ અર્પણ કર્યો હતો જેમાં નવી ધર્મસેવા સમિતિના સભ્યોની શપથવિધિ પણ અર્થપૂર્ણ રીતે યોજાઈ હતી. પરમયજ્ઞ બાદ સરઘસ આકારે ધર્માધ્યક્ષશ્રીના પાવન હસ્તે પવિત્ર પ્રીતસંસ્કારનું 'એડોરેશન ચેપલ'માં પ્રતિષ્ઠાપન કરવામાં આવ્યું હતું. આ ચેપલ માત્ર ખ્રિસ્તી શ્રદ્ધાળુઓ માટે જ નહીં પરંતુ અન્ય બહુજન સમાજ માટે પણ આધ્યાત્મિક રીતે માનસિક શાંતિ મેળવવાનું ઉત્તમ પવિત્ર ધામ બની રહેશે, એવું ચોક્કસપણે કહી શકાય.

*— ઈન્દુ રાવ*

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૧૯

**નડિયાદઃ** 'દૃષ્ટિ' સ્વૈચ્છિક સંસ્થા, દોન બોસ્કો સોસાયટી કપડવંજ દ્વારા સેન્ટ મેરીસ હાઈસ્કૂલ-નડિયાદ ખાતે ૨૪ જુલાઈ, ૨૦૧૯ના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૧૯' અંતર્ગત એક વિશેષ કાર્યક્રમ યોજાયો. જેમાં જિલ્લાની ૧૩ જેટલી સંસ્થાઓના શિક્ષણક્ષેત્રમાં સંકળાયેલા ૬૩ જેટલા કર્મનિષ્ઠો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા ફાધર અરુલ રાયન એસ.જે. હતા. જેમણે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૧૯' અંગે વિશદ સમજ આપી હતી. બીજા વક્તા 'સારા' સંગઠનના સંયોજક મુઝાહિદભાઈએ શિક્ષણનીતિની હકારાત્મક અને નકારાત્મક બાબતો તથા લાંબા ગાળે ઊભી થનારી અસરો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં સહભાગી થનાર સૌએ પોતાનાં મંતવ્ય આયોગ સુધી પહોંચાડવાની ખાતરી હતી. ભારતના ભાવિની ચિંતા કરનાર, ઉપસ્થિત સૌનો 'દૃષ્ટિ'ના નિયામક સલેશિયન ફાધર મયંક પરમારે આભાર માન્યો હતો. *— ફ્રાન્સિસ ડાયસ*

## 'જાગો અને જગપ્રકાશો'(Rise & Shine) શિબિર

**નડિયાદઃ** ઈન્ડિયન કેથોલિક યુથ મુવમેન્ટ(ICYM) અમદાવાદ ધર્મપ્રાંતના નેતા હેઠળ ધોરણ ૫ થી કોલેજના ૧૮૭ શિબિરાર્થીઓ માટે સતત ૨૩ દિવસ સુધી 'સ્પોકન ઈંગ્લિશ કેમ્પ'નું આયોજન, સેંટ મેરીસ નડિયાદ ખાતે યુથ ડાયરેક્ટર ફાધર વિક્રમ મહીડાના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. રોજ સવારે ખ્રિસ્તયજ્ઞ, નાસ્તો અને ત્યારબાદ અંગ્રેજી તથા સર્વાંગી વિકાસ માટેના વર્ગ હતા. શિબિર દરમ્યાન ઘણા વક્તાઓએ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અમદાવાદ ધર્મપ્રાંતના વિકર જનરલ ફાધર પરેશ પરમારે, પ્રભુ કૃપાથી મહાન સ્વપ્ન જોવા-ધ્યેય નક્કી કરવા અનુરોધ કર્યો હતો. ફાધર એડવિન આનંદે પોતાના તેડાની કેફિયત જણાવી પ્રભુની હાકલ કાને ધરવા શીખ આપી હતી. 'નિષ્ફળતા એ જ સફળતાની સીડી છે.' એવો ખ્યાલ ગાંધીનગર મહાધર્મપ્રાંતના ફાધર કિરણ ગોહિલે આપ્યો હતો.

'સાઈબર ક્રાઈમ' અને મોબાઈલ-ઈન્ટરનેટમાં વિવેક રાખવા મનીષ જૈન અને સાથીદારોએ લાલબત્તી ધરી હતી. અભ્યાસને મહત્ત્વ આપી, ઈસુના સાક્ષાત્કારની વાત શ્રીમાન કુંજપ્રીતે વિદ્યાર્થીઓ આગળ રજૂ કરી હતી. શરીર સ્વાસ્થ્ય જાળવી, અભિનેતા-અભિનેત્રી બનવા માટેનું માર્ગદર્શન નવોદિત અભિનેતા રોનિત મેકવાને આપ્યું હતું. ઓ.સી.ડી. બ્રધર્સ અને બ્રધર કેલ્વીન સાયમન, બ્રધર પ્રતીક વાઘેલાએ વર્ગકાર્યને જીવંત રાખ્યું હતું.

અભિનય ગીતો, નાટક, રમતગમત, અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પ્રેરણા-તાલીમ સ્વયંસેવકોએ પૂરી પાડી હતી. કોરિયોગ્રાફર્સ અને કલાકારોએ વિવિધ નૃત્ય અને કલાકારીગરી શીખવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં સિદ્ધિ પ્રેરણા જન્માવે તેવા ચલચિત્રોનું નિદર્શન, ઓરકેસ્ટ્રા અને પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંગ્રેજીમાં અર્થપૂર્ણ વ્યવહાર કરનાર વિદ્યાર્થીઓને સિદ્ધિ ગુણ (angle) આપવાની જાહેરાતને કારણે વાતાવરણમાં અંગ્રેજીનું પ્રભુત્વ રહ્યું હતું. દરરોજનો દોઢ કલાક, વિદ્યાર્થીઓના અંગ્રેજી સંવાદ માટે ફાળવવામાં આવતો હતો. સૌથી વધારે સિદ્ધિ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૧૫૦૦/-, ૧૦૦૦/- અને ૭૫૦/-; શિબિરમાં સક્રિય ભાગીદારી માટે પાંચ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને પ્રત્યેકને રૂા. ૧૦૦૦/-; શ્રેષ્ઠ શિબિરાર્થી તરીકે કુ. નિરાલી પરમાર(વલાસણ) અને શ્રી આશિષ સોલંકી(પંડોળી)ને, પ્રત્યેકને રૂા. ૫૦૦૦/- નગદ ઈનામ આપવામાં આવ્યા હતાં. આ શિબિરની સફળતામાં મુખ્યસભાપુરોહિત ફાધર રમેશ મેકવાન, શાળાના આચાર્ય ફાધર રોકી પિન્ટો અને સિ. સરોજ(સુપીરિયર સેંટ ઝેવિયર્સ કોન્વેન્ટ)નો ઉમદા સહકાર મળ્યો હતો.અમદાવાદ ધર્મપ્રાંતના માનનીય ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામીએ આ શિબિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને આશીર્વચન પાઠવ્યાં હતાં. ૧૫ મે ૨૦૧૯ના રોજ શિબિરનું સમાપન થયું હતું, જેમાં વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. *– સૌજન્ય : એડીસી*

## દંપતી શિબિર

**નેત્રંગ (દક્ષિણ ગુજરાત):** નર્મદા અને ભરુચ ડીનરીનાં ૧૭ જેટલાં દંપતી માટે ફેમિલી કમિશન, વડોદરા ધર્મપ્રાંત દ્વારા ૧૪, ૧૫ જૂન ૨૦૧૯ના રોજ પાસ્ટરલ સેન્ટર ખાતે દંપતી શિબિર યોજાયો, જેનું સંચાલન શ્રી સિલ્વેસ્તર સાયમન મેકવાન, શ્રીમતી ડોલ્સી સિલ્વેલ્તર મેકવાન તથા વિનુભાઈ મેકવાને કર્યું હતું. ડોલ્સીબેન અને સિલ્વેસ્તરભાઈએ લગ્નજીવનના પડકારો, દામ્પત્ય જીવનમાં આંતરિક સ્વાસ્થ્યની આવશ્યકતા તથા લગ્નજીવનમાં શારીરિક સંબંધનું મહત્ત્વ સમજાવ્યું હતું.

શ્રી વિનુભાઈએ લગ્નજીવનને પ્રભુના મહાન આયોજન તરીકે રજૂ કર્યું હતું. ફેમિલી કમિશનના ડાયરેક્ટર ફાધર પ્રવીણ વિગાસે લગ્નજીવનમાં પ્રેમ અને સમજદારીના મહત્ત્વ વિશે સમજણ આપી હતી. લગ્નજીવનમાં એકતા અને અવિભાજ્યપણા પર તેમણે ભાર મૂક્યો હતો. હાજર દંપતીઓએ શિબિરમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને સમૃદ્ધ લગ્નજીવનના અનુભવ સાથે પરત ફર્યા હતાં. બંને ડીનરીના ડીન અને સેન્ટરના નિયામક ફાધર રાકેશ મેકવાનના સહયોગથી શિબિર સફળ રહ્યો હતો.

**સુબિર(દક્ષિણ ગુજરાત):** ધર્મવિભાગનાં દંપતીઓ માટે સભાયાજ્ઞિક ફાધર થોમસ પરેરાએ દંપતી શિબિરનું આયોજન કર્યું હતું જેમાં ૧૫ દંપતીઓએ ભાગ લીધો હતો. પ્રથમ દિવસે ધર્મસભામાં લગ્નસંસ્કારના મહત્ત્વ વિશે ફાધર અશોક મેકવાન એસ.જે. એ સમજ આપી હતી. પતિપત્નીએ નિખાલસ બની, એકબીજાને વફાદાર રહી લગ્નજીવનને સાર્થક બનાવવા તેમણે આગ્રહ કર્યો હતો. લગ્નજીવનના પડકારોનો મુકાબલો કરવા માટેની સમજ શ્રીમતી ડોલ્સી અને શ્રીમાન સિલ્વેસ્તર મેકવાને વિવિધ પ્રવૃત્તિઓ, રમતગમત અને જીવંત બેઠક દ્વારા આપી હતી. પતિપત્નીને જેવા છે તેવા, એકબીજાને સ્વીકારવા ફાધર પ્રવીણે આહ્‌વાન કર્યું હતું. *– સૌજન્ય : બરોડા સ્પોટ લાઈટ*

## ગુજરાતી કેથલિક સમાજ અને શુભેચ્છા મુલાકાત

**સલુણ(પાલૈયા ધર્મવિભાગ):** દિવ્યદયા ધામ ખાતે ૨૬ મે ૨૦૧૯ના રોજ ગુજરાતી કેથલિક સમાજની સાધારણ સભા મળી, જેમાં હોદ્દેદારોની મુદ્દત પૂરી થતાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી, જેઓ બે વર્ષ સુધી કાર્યભાર સંભાળશે. નવનિયુક્ત પ્રમુખ તરીકે શ્રી દામ્યિાન એ. પરમાર, ઉપપ્રમુખશ્રી કેશવભાઈ એચ. મેકવાન, મહામંત્રીશ્રી અમૃતલાલ જી. કોન્ટ્રાક્ટર અને ખજાનચીશ્રી કિરણકુમાર આઈ. પટેલિયાની વરણી કરવામાં આવી; જેઓ ૧ જુલાઈ - ૨૦૧૯થી કાર્યરત બનશે. નિવૃત્ત હોદ્દેદારોનો આભાર અને નવાને શુભેચ્છા.

*– રમેશભાઈ જે. પરમાર*

**અમદાવાદઃ** શ્રી દામિયાન પરમારના નેતૃત્વ હેઠળ તા. ૧૩મી જુલાઈ, શનિવાર સાંજે ૪ વાગે બિશપ હાઉસ, મીરઝાપુર ખાતે સમાજના ૨૫ વરિષ્ઠ સભ્યો સાથે વડોદરા ગુજરાતી કેથોલિક સમાજના પ્રમુખશ્રી એડવીન ડાભી સાથે ૭ સભ્યોએ માનનીય ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ધર્માધ્યક્ષશ્રી સાથે વિકર જનરલ ફાધર પરેશ પરમાર પણ હાજર હતા. મુલાકાતની શરૂઆતમાં શ્રી દામિયાન પરમાર સાથે પૂર્વપ્રમુખશ્રી જયંતીભાઈ એચ. મેકવાને ધર્માધ્યક્ષશ્રી તથા ફાધર પરેશનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું. પૂર્વપ્રમુખશ્રી રમેશ ફીલીપ મેકવાન તથા વડોદરાના પ્રમુખશ્રી એડવીન ડાભીએ પુષ્પગુચ્છ આપ્યાં હતાં. પૂર્વ પ્રમુખશ્રી કિરીટ મેકવાને રૂા. ૫૦૦૦ નો ચેક દાન

પેટે અર્પણ કર્યો હતો. ત્યારબાદ હાજર સભ્યો તરફથી ધર્માધ્યક્ષશ્રી તથા ફાધર પરેશ સમક્ષ ધર્મસભા તથા સમાજના હિતાર્થે કેટલાંક સૂચનો રજૂ થયાં હતાં જેની ધર્માધ્યક્ષશ્રી તથા ફાધર પરેશ દ્વારા નોંધ લેવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ પ્રવર્તમાન પુરોહિતો તથા શ્રદ્ધાળુઓ એકબીજાની નિકટ રહી, એકબીજાના સહકારથી માતા ધર્મસભાની સેવા કરે તે હતો. સાથે સાથે ક્યારેક કોઈ પ્રશ્નો ઊભા થાય તો સદ્‌ભાવના, સહકાર તથા સંવાદથી તેનું નિરાકરણ થાય તે પણ સ્વીકારવામાં આવ્યું.

છેલ્લે માનનીય ધર્માધ્યક્ષશ્રીનાં આશીર્વચનો તથા ફાધર પરેશની પ્રાર્થનાથી મુલાકાત સંપન્ન થઈ હતી. મુલાકાત તથા વિચાર-વિમર્શ બે કલાકથી વધુ સમય ચાલ્યો હતો. મુલાકાત બાદ પણ પ્રાંગણમાં ધર્માધ્યક્ષશ્રી તથા ફાધર પરેશ, સભ્યોને અંગત રીતે મળ્યા હતા, વાર્તાલાપ કર્યો હતો. *– કિરીટ જે. મેકવાન*

## ‘જેબ્સી’(GEBCI)-વાર્ષિક સભા

**અમદાવાદ:** ગુજરાત એજ્યુકેશન બોર્ડ ઓફ કેથોલિક ઈન્સ્ટિટ્યુટ્સ - ‘જેબ્સી’ (Gujarat Education Board of Catholic Institutions – GEBCI)ની સને ૨૦૧૯-૨૦ની વાર્ષિક સામાન્ય સભા-‘શૈક્ષણિક પ્રૈષિતિક કાર્ય-કપરાં ચઢાણના કાળમાં’(Educational Apostolate : Wading through troubled times)-કથાનક આધારિત તા. ૨૦-૦૭-૨૦૧૯ને શનિવારના રોજ હાંસોલ ખાતે યોજાઈ હતી. ગુજરાતભરની આપણી લગભગ ૨૦૦ જેટલી શાળાઓમાંથી આચાર્ય તથા મેનેજર થઈને ૧૭૩ ફાધરો-સિસ્ટરો સાથે રેવ. ફાધર ફ્રાન્સિસ પરમાર એસ. જે.-પ્રાન્તાધ્યક્ષ ઈસુસંઘ-ગુજરાત તથા લિટલ ડૉટર્સ ઓફ સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર સાધ્વીસંઘનાં સુપીરિયર જનરલ સિ. મેરી ડાભી, અન્ય મેજર સુપીરિયર તથા ચારેય ધર્માધ્યક્ષશ્રીઓએ આ સભામાં ભાગ લીધો હતો.

આ સભામાં મુખ્યવક્તા તરીકે તામિલનાડુના માનનીય ફાધર ઝેવિયર અરુલરાજ હાજર રહ્યા હતા. ફાધર ઝેવિયર છેલ્લા ૨૦ વર્ષથી તામિલનાડુ બિશપ્સ કોન્ફરન્સ તથા તામિલનાડુ અને પોંડીચેરી રીલિજિયસ ઈન્ડિયા સાથે જોડાયેલા છે. તેઓ એક વકીલ પણ છે અને તેઓ સુપ્રીમ કોર્ટ તેમજ વિવિધ હાઈકોર્ટમાં આપણી સંસ્થાઓ, શાળાઓ, કોલેજો, દલિતો, આર્થિક જરૂરિયાતમંદો તેમજ અન્ય સંસ્થા, શાળાઓ, કોલેજો વતી મુકદમા લડે છે અને તેમણે કેટલાક લેન્ડમાર્ક ચુકાદાઓ પણ આપણી તરફેણમાં મેળવ્યા છે. ફાધર ઝેવિયર સંચાલિત ત્રણ બેઠકમાં ભારતના બંધારણમાં લઘુમતીઓને બક્ષેલ ખાસ હક્કો, હાલમાં પ્રવર્તતા જાતીય અપરાધોથી બાળકોના રક્ષણ અંગે કાયદો (Protection of Children from Sexual Offences Act - POCSO), શિક્ષણનો અધિકાર (Right to Education - RTE), ફી વ્યવસ્થાપન સમિતિ (Fee Regulation Committee - FRC), માહિતી અધિકાર (Right to Information - RTI) જેવા કાયદાઓ તેમજ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ વિષે છણાવટ કરી હતી અને વિવિધ અદાલતોમાં આ અંગેના ચુકાદાઓની ધારદાર અને સચોટ માહિતી આપી હતી. દરેક મુદ્દા પછીની પ્રશ્નોતરી દરમ્યાન સવાલોના જવાબો આપી તેમણે તેમની વિદ્વતા પૂરવાર કરી હતી. તેમની સાથે તેમનાં જુનિયર સિસ્ટર એ. વૈદેકી પણ હાજર રહ્યાં હતાં અને તેઓએ પણ ચાલુ બેઠકે જરૂરી તત્કાલિન માહિતી આપતા રહ્યાં હતાં.

સભાની શરૂઆતમાં પ્રાર્થના બાદ ‘જેબ્સી’ના પ્રમુખ મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને સૌને આવકારી પ્રારંભિક ઉદબોધન કર્યું હતું. ત્યારબાદ ‘જેબ્સી’ના સેક્રેટરી ફાધર ડૉ. ટેલેસ ફર્નાન્ડિસે ગત સભાનો અહેવાલ રજૂ કર્યો હતો. બપોરે ૩.૩૦ વાગ્યે સભાના અન્ય મુદ્દા જેવા કે વાર્ષિક હિસાબો, રાજકોટના એડવોકેટ ફાધર થોમસ મેથ્યુ દ્વારા સુપ્રીમ કોર્ટમાં ચાલતા FRC અને RTE મુકદમાની માહિતી, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, અમદાવાદનાં આચાર્યા સી. રેણુકા દ્વારા ‘જેબ્સી’ની રજતજયંતી ઉજવણીનો અહેવાલ, ‘જેબ્સી’ સેક્રેટરી દ્વારા ઝેવિયર રીસર્ચ ફાઉન્ડેશન સાથે જોડાણમાં રહેલ અડચણો, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ઉમરેઠના આચાર્ય ફાધર એન્થોની રાજ દ્વારા ‘જેબ્સી’ને સ્વાવલંબન બનાવવાના સૂચનો તેમજ સેન્ટ મેરીસ સ્કૂલ, રાજકોટના આચાર્ય ફાધર ડૉ. જોન્સન દ્વારા ‘જેબ્સી’ ડેટા કલેક્શનની માહિતી રજૂ કરવામાં આવી હતી.

આ બેઠકના તમામ મુદ્દાઓનો સાર એ હતો કે ગુજરાતની કેથલિક ધર્મસભાના શૈક્ષણિક પ્રૈષિતિક કાર્યમાં આપણે બધાએ એક થઈ ‘જેબ્સી’નાં તમામ કાર્યોમાં એક મનથી સાથે હોઈશું. સભાના અંતે રાજકોટના ધર્માધ્યક્ષશ્રી સી સી જોસે તેમજ અમદાવાદના ધર્માધ્યક્ષશ્રી રત્ના સ્વામીએ આભાર સાથે પ્રસંગોચિત આશીર્વચનો આપ્યાં હતાં. સુપ્રીમ કોર્ટમાં ‘જેબ્સી’ દ્વારા ચાલતા કેસોમાં સવિશેષ યોગદાન અને સલાહકાર તેમજ મદદગાર એડવોકેટ ફાધર થોમસ મેથ્યુંનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો. આ સભાના આયોજન અને તેની સફળતા માટે ગાંધીનગર મહાધર્મપ્રાંતના વિકર જનરલ તેમજ ‘જેબ્સી’ના સેક્રેટરી ફાધર ડૉ. ટેલેસ ફર્નાન્ડીઝે પડદા પાછળ રહીને ભારે મહેનત કરી હતી. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, મિરઝાપુરના આચાર્ય ફાધર ટાઈટ્સ ડી’કોસ્ટાએ આખા દિવસની સભાને જીવંત રાખવા માટે હળવાશભર્યું સંચાલન કર્યું હતું. *– જયાનંદ મેકવાન*


**પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ**

**સ્વ. સુનિલભાઈ ફિલિપભાઈ ક્રિશ્ચિયન**

જન્મ: ૨૨-૦૭-૧૯૬૮ ★ અવસાન: ૧૨-૦૮-૨૦૧૮

*હૃદય અમારું રડી પડે છે તસ્વીર જોઈ તારી,*
*હૈયું માનવા તૈયાર નથી કે હસ્તી નથી તારી.*
*તારા વગરનું એક વર્ષ વીતી ગયું, તારું સ્મરણ આંખોને ભીંજાવી દે છે.*

**લિ. અશ્વિન મેકવાન, જાસિંતા મેકવાન, જેક્સન મેકવાન**
*૩, એચ.કે. પાર્ક, નડિયાદ*





**૨૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**સ્વ. યાકુબભાઈ એડવર્ડ મેકવાન**

જન્મ: ૧૧-૭-૧૯૩૪ ★ અવસાન: ૨૪-૮-૧૯૯૮

પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

**લિ. થેરેસ્યાબેન યાકુબભાઈ તથા દુઃખી પરિવાર**
***પ્રેસકોલોની, આણંદ***




## ૧૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. એલીશા(આની) ટી. વાણિયા**

**અવસાન :૦૨-૦૮-૨૦૦૮**

કિસી શાયરને કહા હૈ -
વક્તને કિયા ક્યા હસી સિતમ, તુમ રહે ના તુમ, હમ રહે ના હમ,
લેકિન મૈં કહતા હું -
વક્ત કિ હૈ બલિહારી, જો સાલ દો હજાર ઉન્નીસ દિખાઈ
વર્ના હમ તો ગુનગુના રહે થે સાલ દો હજાર આઠ જો સાથ બિતાઈ,
ક્યોં ગુનગુના રહે  થે ઐસા જબ વક્તને પુછા હમસે,
દિયા જવાબ વક્ત કો હમને, મહેસુસ ક્યા કરતે થે વો સુનો હમસે,
હર દિન હરપલ જૈસે યાદ કીયા કરતે હૈ, ઈશ્વર કો
ઈસી તરહ યાદ કીયા કરતે હમ અપની 'આની'કો,
જીવનમે હમસફર બના કે ધન્ય હુયે હમ અપની આની સે,
રહી જબતક સાથ તો ઉસે દેખકર હમને હરપલ ચાહા અમાપ
અબ પરોક્ષ પલમે છબી દેખકર કરતા હું ઉલ્ફત વ સલામ મેરી આની કો.
દીપ જલતા હૈ ઉજાલા દેને - જીવનમાં સત્ વચન, વિચાર, વર્તનનો પ્રકાશ.
ફૂલ ખિલતા હૈ ખુશ્બુ દેને - જીવનમાં, સત્ કર્મોની મહેંક
સુરજ નિકલા તો સુબહ, ઢલા તો રાત - જીવનમાં ધર્મની, સુરજ જેમ અડગતા (સ્થિરતા),
ચાંદ નિકલા તો ચાંદની દેને - જીવનમાં પ્રેમ, શાંતિ, સહકાર, કરૂણા, દરગુજર કરવાની ભાવના.
ખાસ કરીને પાડોશીનો.
જીવનમાં ક્યારેય પોતાના સ્વાર્થ અર્થે બીજાનો ઉપયોગ (ગેરઉપયોગરૂપે) ન કરવો ખાસ કરીને પાડોશીનો.

પરમકૃપાળુ દેવ બાપ તુજ આત્માને સદૈવ અનંત શાંતિ બક્ષે અને
પુનરુત્થાનની પ્રભાતે તારો મેળાપ થાય એની અંતરની પ્રાર્થના.

**લિ. તિમોથી (રમણભાઈ) પી. વાણિયા (સહકુટુંબ), વિમલ કોલોની, આણંદ**

## શ્રદ્ધાંજલિ



**સ્વ.વાલમભાઈ બી. પરમાર**

**જન્મઃ ૧૫-૦૭-૧૯૪૧**

**અવસાનઃ ૦૯-૦૬-૨૦૧૯**

આપની વિદાયને આજે એક માસ વીતી ગયો, સમય વીતશે પણ તમારો હસમુખો ચહેરો ક્યારેય ભૂલાશે નહીં. જિંદગીની ભાગદોડમાં સમય રેતીની જેમ સરકતો ગયો. તેમ તમે પણ અમારો સંગાથ છોડીને રેતીની જેમ ધીરે રહીને સરકી ગયા.

તમારા વગરની દુનિયા બદલાઈ ગઈ. પ્રભુને યાદ કરતાં તમારી યાદ આવી જાય છે. ઘરના ખૂણે ખૂણામાં તમો હોવાનો ભાસ થાય છે. ઘરમાંથી પપ્પા-દાદાનો શબ્દ જ ભૂંસાઈ ગયો. આંખોમાં આંસુ છે. દિલમાં તમારી યાદ છે. તમારી તસ્વીર જોઈને મન મનાવીએ છીએ. પરમકૃપાળુ પ્રભુને ગમ્યું તે ખરું. ઈશ્વરપિતા આપના પાવન આત્માને પરમશાંતિ આપે. એ જ અમારા સૌની હૃદય પૂર્વકની પ્રાર્થના છે.

પુનરુત્થાનની વહેલી પ્રભાતે ફરી મળવાની આશા સાથે રાહ જોતાં તમારી દુઃખી લક્ષ્મી તથા સહપરિવાર તથા તમારાં દુઃખી બાળકો.

**આભાર :** અમારા પપ્પાની માંદગીની પળોમાં, સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં તેમજ શોક સભામાં અમને દિલાસો આપનાર મિશન પેરીસના ધર્મજનો તેમજ સગાં-સ્નેહીઓ, મિત્રો, પરિચિતો, ફાધરો, સિસ્ટરો તથા નામી અનામી સર્વનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**લિ. નરેન્દ્ર-લીલા, જયેશ-સંગીતા, મીના-મનોજકુમાર, સ્કીનીતા-ડેનીસકુમાર, મૈત્રી-કુલદીપકુમાર, શિખા-નિરાલી, નિરલ-દિવ્ય, મીત-ક્રિસ્ટ તથા સગાં-સ્નેહીઓ**

*ઈશાનપાર્ક, બી-૧૩, નડિયાદ*

## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. સુનિલભાઈ ફિલિપભાઈ ક્રિશ્ચિયન**

**જન્મઃ ૨૨-૦૭-૧૯૬૭**

**અવસાનઃ ૧૨-૦૮-૨૦૧૮**

જીવન એવું જીવી ગયા કે જોનારા સૌ જોયા કરે.
કર્મ સદા એવાં કર્યાં કે સૌના દિલમાં વસી ગયા.
ધર્મ કદી ભૂલ્યાં નહીં. વ્યવહાર કદી ચૂક્યા નહીં.
સારા કર્મોની સુવાસ કાયમ રહેશે.
આપની મીઠી વાણી અમોને યાદ રહેશે.
દેહ ભલે અદશ્ય થયો પરંતુ
યાદ તમારી અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. મેકવાન પરિવાર**
**આનંદીબેન એસ. ક્રિશ્ચિયન, ઋત્વી એસ. ક્રિશ્ચિયન,**
**હિમાની મનોજ મેકવાન**

## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. દીનાબેન છોટુભાઈ પરમાર**

**જન્મઃ ૦૧-૦૬-૧૯૫૩**

**અવસાનઃ ૨૦-૦૮-૨૦૧૨**

આપની વિદાયને સાત વર્ષ થઈ ગયા. તમે હંમેશા અમારા હૃદયમાં છો, આંખો હજી નિહાળે છે તમોને, ત્યારે મન મૂકીને રડાવે છે અમોને. અમારું મન હજી માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી. તમારી યાદ આવતાં જ આંખો આંસુથી ભરાઈ જાય છે. કેટલું કઠિન છે તમારા વગર, એ સત્ય હવે છતું થયું. ખૂબ જ વેદના ઝીલી છે જીવનમાં તમે. મન હજી માનતું નથી કે તમે અમારી સાથે નથી.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. છોટુભાઈ એમ. પરમાર**
**મિતેષકુમાર - કલ્પનાબેન   રાજેશકુમાર-સેજલબેન**
**ડૉ. એલ્ડ્રીન-ડૉ. રીન્કુ   ચિ. ઋષિલ, ચિ. પર્લ,**
**(યુ.એસ.એ.)   ચિ. સમર, ચિ. એડમંડ**

*૨૨, આશીર્વાદ કોલોની, પાધરિયા, આણંદ - ૩૮૮૦૦૧*

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ** | **શ્રદ્ધાંજલિ** | **૨૯મી પુણ્યતિથિ**





**સ્વ. દિવાળીબેન અંબાલાલ પરમાર**
**અવસાનઃ ૦૫-૦૮-૨૦૧૮**

**સ્વ. અંબાલાલ ગોપાળદાસ પરમાર**
**જન્મઃ ૦૫-૦૭-૧૯૩૨**
**અવસાનઃ ૩૧-૦૧-૧૯૯૦**

'મા' ઘરનું ગૌરવ તો 'પિતા' ઘરનું અસ્તિત્વ હોય છે.
'મા' ની પાસે અશ્રુની ધારા તો 'પિતા' પાસે સંયમ હોય છે.
બે સમયનું ભોજન 'માં' બનાવે છે.
પણ જીવનભરના ભોજનની વ્યવસ્થા 'પિતા' કરે છે.
'પિતા'ને આપણે સહજ ભૂલી જઈએ છે.
ક્યારેક જો ઠોકર લાગે કે વાગે છે તો
આપના મોંમાંથી 'ઓહ મા' એમ જ નીકળે છે.
પણ રસ્તો પાર કરતાં કોઈ ટ્રક પાસે આવીને બ્રેક મારે તો
આપના મોંમાંથી 'ઓહ બાપ રે' નીકળી જાય છે.
કેમ કે નાના નાના સંકટો માટે 'માતા' છે.
પણ મોટા સંકટો આવે છે ત્યારે 'પિતા' જ યાદ આવે છે.

'પિતા' એક ઘટાદાર વૃક્ષ છે જેની શીતલ છાયા 'માં' આખો પરિવાર સુખેથી રહે છે.

લિ. સ્વ. અંબાલાલ ગોપાળદાસ પરમાર(રાજનગર) તથા સમસ્ત દુઃખી પરિવાર
કુસુમ ડી. પરમાર | પુનિત ડી. પરમાર (રોકી)
ડેનિશ વી. પરમાર | હીના પી. પરમાર
સૌરભ ડી પરમાર (જેકી) | વિઆન પી. પરમાર
(અમદાવાદ)

# સાતમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જીગ્નેશ હસમુખભાઈ પરમાર**
**જન્મઃ ૧૨-૦૭-૧૯૮૭**
**અવસાનઃ ૧૨-૦૮-૨૦૧૨**

તારા ગયા પછી બધુ સૂમસામ અને ખામોશ રહી ગઈ છે વેદના અને આંસુઓની ખારાશ. નાની શી તારી જિંદગી હતી પણ મોટી માયા લગાડી ગયો. જીવંત થોડું પણ યાદો વધારે મૂકી ગયો. સદા હસતો તારો વત્સલ ચહેરો સૌને રડાવી ગયો.

પ્રભુ તારા આત્માને ચિર શાંતિ આપે એવી અમારી હૃદયપૂર્વક આપને શ્રદ્ધાંજલિ.

**લિ. તારા દુઃખી મમ્મી-પપ્પા**
**ભાઈ વિકાસ, સોનલ, ચિ. મીતાંશ તથા સગા સ્નેહી**
*નડિયાદ, નવદીપ નગર*

# શ્રદ્ધાંજલિ



**સ્વ. મોનિકાબેન કાન્તિલાલ ભાટિયા**
**જન્મઃ ૧૧-૦૨-૧૯૨૭**
**અવસાનઃ ૨૬-૦૬-૨૦૧૯**

મારે તો પ્રભુ જ સર્વસ્વ છે
અને તે જ મારો આધાર છે
જેઓ પ્રભુ પર આધાર રાખે છે
જે જીવ એને ઝંખે છે
તેનું એ કલ્યાણ કરે છે.
વિલાપ ગીતો : ૩:૨૪-૨૫

**સ્મરણાંજલિ**
**કમળાબેન ભાટિયા, પુષ્પાબેન ભાટિયા,**
**પ્રો.ડૉ. રોમાન ભાટિયા-સ્નેહલતા ભાટિયા, નિર્મળા ભાટિયા, ફિલિપ ભાટિયા**
**મીના-નગીન, સુનીતા-અજય, અમિત-મિતલ, શ્વેતા**
**શ્રેયા, કેયા, જીયા, ઈશિકા, રીષિત, નીષિત**
*લૂર્ડસ ચોક, ચકલાસી, તા. નડિયાદ, જિ. ખેડા*

# ૧૪મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. લક્ષ્મીબેન પાઉલભાઈ મેકવાન**
**જન્મઃ ૦૬-૦૪-૧૯૪૨**
**અવસાનઃ ૦૬-૦૮-૨૦૦૫**

વર્ષોથી જોઈ રહ્યા છીએ. આ સંબંધોની સાથે,
વર્ષોનાં રીસામણા, ને મનામણા, ક્યારેક આનંદની
ઘનઘોર ઘટા ક્યારેક અમી છાંટણા તણી નિરાશા,
એ પણ સમય હતો કે તમારા પ્રેમ તણાં ઝાંપટા
અચાનક આવતા ને અમો એ સ્નેહમાં ભીંજાઈ જતાં,
ચોતરફ હરિયાળી જ હરિયાળી, પરંતુ
તમારા જવાથી આ બધું જાણે એક સ્વપ્ન ને સંભારણું જ
બની ગયું. જીવનમાં લક્ષ્મી તણી ખોટ ક્યારેય નહીં
પુરાઈ એ જાણી ગયા છીએ અમો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાનાં વિશ્વાસે

**લિ. દુઃખી પરિવાર પાઉલ એ. મેકવાન**
*બી-૧૦, શ્રીરંગ સોસાયટી, મેતપુર રોડ, ખંભાત, મો. ૯૮૯૮૬ ૬૬૮૧૫*

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. આન્નાબેન પાઉલભાઈ મેકવાન**

**જન્મ: ૧૮-૩-૧૯૫૨**

**મરણ: ૧૭-૮-૨૦૧૮**

'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.'

હૃદય અમારું રડી પડે છે, તસ્વીર જોઈ તારી, હૈયું માનવા તૈયાર નથી કે હસ્તી નથી તારી. નથી ભૂલાતી વસમી વિદાય તારી, હરપળ થાય સ્મૃતિ તારી, તારા વગરનો વર્તમાન અમોને રડાવી જાય છે. પરમકૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના.

દિલાસો અને સાંત્વના પાઠવનાર મહોલ્લાના સ્વજનો, પેરિસના ધર્મજનો, પરિવારજનો, સગા-સ્નેહી, મિત્રો, પરિચિતો, ફાધરો, સિસ્ટરો સર્વના અમો આભારી છીએ.

**લિ. પાઉલભાઈ યાકુબભાઈ મેકવાન તથા પરિવાર**
**ખ્રિસ્તી મહોલ્લો, સામરખા, તા.જિ. આણંદ,**
**મો. ૯૯૦૯૩૮૦૪૦૩**

**તારાં વહાલાં દુ:ખી બાળકો**
**રેનિશન, સુનિતા, નિલમ, અસિત, રૂપેશ, સ્નેહલ, અંશુ તથા (ભયલુ) એરીન**
**મા, તારા આશીર્વાદ અમારા પર કાયમ રાખજે.**

# પ્રથમ શ્રદ્ધાંજલિ



**જન્મ** ૦૧-૦૧-૧૯૪૩ — **મરણ** ૧૮-૦૧-૨૦૧૮

**સ્વ. રેગીનાબેન પાઉલભાઈ પરમાર**

વ્હાલી મા,

તેં મને જન્મ આપીને દુનિયાનું દાન દીધું, જ્ઞાન દીધું અને સંસ્કારોનું સિંચન કરી જતન કર્યું. મા, તું થોડી ભણી હતી પણ તે મને દુ:ખમાં જીવતાં શીખવ્યું છે. 'દુ:ખ વેઠી સુખ દેનારી જનેતા તે મા.' તમારી સેવા ભાવના, ક્ષમા યાચના અને સહનશક્તિને કોટી કોટી નમન.



**જન્મ** ૦૯-૧૧-૧૯૩૪ — **મરણ** ૧૪-૦૮-૨૦૧૮

**સ્વ. પાઉલભાઈ ખુશાલભાઈ પરમાર**

વ્હાલી બાપુ,

તમારી અણધારી વસમી વિદાય આટલી જલદી થશે એવું ધાર્યું નહોતું, હરપળે, હરક્ષણે તમને અશ્રુભીની આંખે યાદ કરીએ છીએ. તમારો અવાજ અમારા કાનમાં હજીપણ ગુંજ્યા કરે છે. તમારી હયાતી વિના આજે ઘર સૂનું થઈ ગયું છે. દુ:ખમાં હિંમત હાર્યા નથી અને સુખમાં છલકાયા નથી.

આપ હંમેશા ઈશ્વરના રાજ્યમાં આનંદિત રહો એવી અમારી પ્રાર્થના છે.
પ્રભુએ આપેલી અમર આશા સાથે પુનરુત્થાનની પ્રભાતે ફરીથી મળીશું. પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.

**નિર્મળા ઉત્તમ બેંકર (દીકરી) તથા પરિવાર, મણીલાલ ખુશાલભાઈ પરમાર(ભાઈ) તથા પરિવાર,**
*પ્રેમલજ્યોત સોસાયટી, નડિયાદ*





# સ્નેહભરી ભાવાંજલિ

'જીવન હુ છું, ને જીવન દઉં છું, મારા મહીં જે શ્રદ્ધા ધરે છે,
જીવન્ત રહેશે એ તો સદાયે, છોને પછી મૃત્યુલોકે મરે એ'

**દશમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**સ્વ. જોસેફભાઈ ડાહ્યાભાઈ પરમાર** (તારાપુર)

જન્મ: ૧૧-૦૩-૧૯૨૭

અવસાન: ૧૮-૦૮-૨૦૦૯

**સ્વ. સ્મિત નિસાર ક્રિશ્ચિયન**

જન્મ: ૦૯-૦૪-૨૦૦૩

અવસાન: ૧૬-૧૧-૨૦૧૬

વ્હાલા બાપુ,

દશ વર્ષ તમારા વગર વીતી ગયાં એની અમને ખબર પણ ના પડી ! હજી પણ તમે અમારી સાથે જ છો તેવી પ્રતીતિ હરહંમેશ થયા જ કરે છે. આજે પણ તમે અમારી વચ્ચે જ છો એવું સતત અમે અનુભવીએ છીએ. પ્રભુ ધામે આનંદથી રહી અમારા પર સતત આશિષ વરસાવતા રહો છો તેવું લાગે છે. આપણા નાના સ્મિતને પણ વ્હાલથી રાખજો અને અમારા બધા વતીનો પ્રેમનો ધોધ એની ઉપર વરસાવજો. પ્રભુ આપના અને સ્મિતના દિવ્ય આત્માને શાશ્વત શાંતિથી ભરી દે તેવી અમ સહુની પ્રાર્થના.

**આપનો દુઃખી પરિવાર**

## *In Loving Memory of our beloved Priest*

An Eternal Memory.......
Those special memories of you
will always bring a smile
if only I could have you back
for just a little while
Then we could sit and talk again
just like we used to do
you always meant so very much
and always will do too
The fact that you're no longer here
will always cause me pain
but you're forever in my heart
until we meet again.
May your eternal soul rest in peace




Late Rev. Fr. Jose Maria Lopez De Pariza

Birth date: 13/05/1917

Death: 20/06/2019

From: Shilpa , Steve and Smith - Petlad

PAVAN HRUDAYA DOOT, August 2019 No. of Pages 56 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2018-20. Licensed to post without Prepayment Up to 31.12.2020
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.




Publisher's & Printer's Name : Antony Pitchai Vedamuthu, Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan